

સાધુ સુંદરસિંગ

# સાચું જીવન

સાધુ સુંદરસિંગ

39

4BGS1

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# સાચું જીવન

❖ **લેખક** ❖

સાધુ સુંદરસિંગ

❖ **અનુવાદક** ❖

ડૉ. ઈસુદાસ એચ. ક્રિશ્ચિયન
એમ. બી. બી. એસ. આણંદ

❖ **પ્રકાશક** ❖

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ
અમદાવાદ - ૩૮૦ ૦૦૬

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૨ ત્રીજી આવૃત્તિ : ૧૯૭૭
બીજી આવૃત્તિ : ૧૯૭૪ ચોથી આવૃત્તિ : ૧૯૯૯

કિંમત રૂા. ૧૦/-

-: મુદ્રક :-
**સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ**
એ/૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે,
મિરઝાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૫૬૨૩૭૬૧



**સ્વર્ગસ્થ હેમિલ્ટન બેન્જામીન ફ્રેન્ક**

**"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."**

અમારા પિતા શ્રી હેમિલ્ટન બેન્જામીન ફ્રેન્કનો જન્મ ૧૪-૮-૧૯૧૫ના રોજ રેવ. બેન્જામીન ફ્રેન્ક અને મરિયમબહેન ફ્રેન્કના પરિવારમાં થયો હતો. અમારા દાદા, દાદીના જીવનો માટે ઈશ્વરપિતાના આભારી છીએ.

પિતાશ્રી પંચાયતમાં એકાઉન્ટન્ટ તરીકે સેવા આપતાં હતાં. તેમના જીવન મારફતે ખ્રિસ્તની જીવંત સાક્ષી પૂરી પાડતાં. ૧૯૧૪માં શારદાબહેન કોન્ટ્રાક્ટર સાથે લગ્નથી જોડાયા.

નડિયાદ મેથોડિસ્ટ ચર્ચમાં ફાઈનાન્સ ચેરમેન તરીકે અને ટ્રેઝરર તરીકે વર્ષો સુધી સેવાઓ આપી હતી.

ઈશ્વર કૃપાએ ૮૪ વર્ષનું લાંબું જીવન જીવી ૧૯-૩-૯૯ ના રોજ ઈશ્વરની ઇચ્છા અનુસાર પ્રભુએ તેમને તેડાવી લીધા છે.

**દીકરી**

**ભારતીબહેન ચંદ્રવદન કાપડીઆ**

# સાચું જીવન

સાધુ સુંદરસિંગ એટલે એક મહાન વિચારક અને એક મોટા વક્તા. એ સાથે સાધુ એક મોટા લેખક પણ હતા. સાધુ પાસે જીવનપ્રસંગોનો એક વિશાળ ભંડાર, એમની પાસે પ્રસંગો ખૂટે નહિ. એમની વાણી પણ અસ્ખલિત અને ધારદાર.

એટલે એ સાથે સાથે લખતા પણ ખરા. આવા જ લેખોમાંથી આ પુસ્તક તૈયાર થયું છે. સાધુ સુંદરસિંગનાં લખાણોમાં એક આગવી જીવનસૂઝ અને અસરકારક શૈલી જોવા મળે છે.

એવાં જ સીધાં અને જોરદાર લખાણોનું એક પુસ્તક 'સાચું જીવન' ઘણાં બધાં વર્ષો પછી, મોટા ટાઈપમાં આપણે માટે ઉપલબ્ધ બન્યું તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ, અને શ્રદ્ધાળુ વાચકો સમક્ષ આ રસિક લખાણોની ભેટ ધરીએ છીએ.

આ પુસ્તક માટે શ્રીમતી ભારતીબહેન કાપડિયા તરફથી તેમના પિતાશ્રી સ્વ. બેન્જામીન ફ્રેન્કના સ્મરણાર્થે રૂા. ૫૦૦૦/- નું ઉમદા દાન મળ્યું છે, જેની આભાર સાથે નોંધ લઈએ છીએ.

**ભગવતપ્રસાદ ચૌહાણ**

**સેક્રેટરી**

# ❖ અનુક્રમ સૂચિ ❖


જીવનકથાત્મક પ્રસ્તાવના ....................૦૧

રાઈટ રેવ. એ. જે. આપાસામી, ડી. ફીલ. ડી. ડી.
કોઈમ્બટુરના માજી બિશપ

આમુખ....................................૧૮

૧. સત્યશોધક અને મેલ્ખીસેદેક ..................૨૦

૨. એક સંત અને તત્ત્વજ્ઞાની....................૩૧

૩. એક રાજા અને ખેડૂત ........................૪૨

૪. એક રાજકુંવર અને ચોર ....................૫૪

૫. એક પ્રિયતમ અને તેની પ્રિયતમા ..............૬૮

૬. એક પ્રવાસી ................................૮૨

# પ્રસ્તાવના અને જીવનકથા

રાઈટ રેવ. એ. જી. આપાસામી
ડી. ફીલ. ડી. ડી.
કોઈમ્બટુરના માજી બિશપ.

પંજાબ રાજ્યના સિઆલકોટમાં ઈ. સ. ૧૯૦૪ના એપ્રિલમાં કેટલાક મિશનેરી અને દેશી ધર્મોપદેશકોનું પ્રાર્થનાજૂથ શરૂ થયું. પંજાબમાં ખ્રિસ્તી મંડળીઓમાં આધ્યાત્મિક જીવનમાં ઓટ આવી જવાથી તેઓને ખૂબ ચિંતા થવા લાગી હતી અને તેના ઉપાય તરીકે પ્રાર્થનાજૂથ ઊભું થયું હતું. તે સમયે ખ્રિસ્તીઓ સાંસારિક વાનામાં ડૂબી ગયા હતા અને આધ્યાત્મિક બાબતો વિષે તદ્દન નિશ્ચિંત થઈ ગયા હતા. ધર્મસેવકોનો આવેશ મંદ થઈ ગયો હતો અને ધાર્મિક સેવકોમાં શિથિલતા આવી ગઈ હતી. કોઈનામાં સુવાર્તાનો જુસ્સો કે ઉત્સાહ જણાતાં ન હતાં.

તે જ અરસામાં વેલ્સમાં ધર્મજાગૃતિનો જુવાળ આવ્યો હતો. તેની ગતિ જોઈને પંજાબમાંના જૂથને પણ મનમાં આશા ઊગી કે જો આપણે પ્રાર્થનામાં અવિરતપણે લાગુ રહીએ તો કંઈક શુભ પરિણામ આવ્યા વિના નહિ રહે. પંજાબની ત્યારની પરિસ્થિતિમાંથી મુક્ત થવાનો ઉપાય ઈશ્વર તરફથી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રાર્થના સતત ચાલુ રાખવી એવો સંકલ્પ કરવામાં આવ્યો.

એ હિલચાલમાંથી પંજાબ પ્રાર્થનાસંઘનો ઉદ્ભવ થયો. તેનો દરેક સભાસદ વ્રત લેતો કે રોજ ઓછામાં

ઓછો અર્ધો કલાક ધર્મ જાગૃતિ માટે પ્રાર્થના કરીશ.

## ખ્રિસ્ત દર્શન

એ વર્ષ પૂરું થાય તે પહેલાં તો ઈશ્વરની શક્તિનો પરચો દેખાયો. ઈ.સ. ૧૯૦૪ના ડિસેમ્બરની અઢારમી તારીખે પંદર જ વર્ષના એક શીખ કિશોરને ઈશ્વરની કૃપા દ્વારા ખ્રિસ્તનું દર્શન લાધ્યુ. એ કિશોરનું નામ સુંદરસિંગ હતું. આ કિશોર ભારતી ધર્મોનાં શાસ્ત્રોના અભ્યાસ તેમ જ યોગના પ્રયોગો દ્વારા મનની શાંતિ માટે શોધ કરી રહ્યો હતો. તે હિંદુ શાસ્ત્રજ્ઞોના ચરણે બેસીને જ્ઞાન પામ્યો હતો. પણ તેના મનમાં જે શાંતિની ઝંખના હતી તે સંતોષાઈ શકી ન હતી. જ્યારે તેને ખ્રિસ્તનું દર્શન થયું ત્યારે તેને સમજ પડી કે માનવજાતનો ઉદ્ધારક ખ્રિસ્ત જ છે. તેના મનમાં પ્રતીતિ થઈ ગઈ કે મારે તેના અનુયાયી થવું જ પડશે. તેણે તાત્કાલિક નિર્ણય કરી લીધો અને ખ્રિસ્તનો શિષ્ય થઈ ગયો. આની સાથે જ તેના મનનો અજંપો જતો રહ્યો અને જે શાંતિ માટે તે ફાંફાં મારતો હતો તેનો અનુભવ તેને થવા લાગ્યો. ઈ.સ. ૧૯૦૫ના સપ્ટેમ્બરની ત્રીજી તારીખે બાપ્તિસ્મા લઈને તે ખ્રિસ્તની દૃશ્ય મંડળીમાં દાખલ થયો.

એક તરફ મિશનેરીઓ અને દેશી પાદરીઓએ પ્રાર્થના શરૂ કરી અને બીજી તરફ સુંદરસિંગને ખ્રિસ્તનું દર્શન થયું એ બે ઘટનાઓ ફક્ત સંજોગવસાત્ બની હશે એમ શી રીતે મનાય? ઈશ્વરે આમ અણધારી દિશામાંથી પોતાના પ્રેમ અને શક્તિનો પરચો કરાવતો એક સાથી

ઊભો કર્યો તે તેની પોતાની પ્રજાની આગ્રહભરી વિનંતીના જ જવાબરૂપે હતું એમ માન્યા સિવાય હું રહી શકતો નથી.

સુંદરસિંગે તો લાગલું જ અન્યને ખ્રિસ્તનો સંદેશો પહોંચાડવાનું કાર્ય ચાલુ કરી દીધું. માનવકલ્યાણ અંગેની તેની શુભ ભાવનાની અસર દિવસે દિવસે વધતી ચાલી અને ધીરે ધીરે જગતભરમાં પ્રસરી ગઈ.

રેવ. સેલ્વારત્નમે મને એકવાર આ વાત કહેલી : "હું હોલાંડમાં હતો ત્યારે ત્યાંનાં મહારાણી વિલ્હેમીનાએ મને મળવાનું આમંત્રણ આપ્યું હતું. એમણે હોલાંડ દેશ પર પચાસ વર્ષ શાસન ચલાવ્યું હતું. રાણીશ્રીએ મુલાકાત દરમિયાન મને એમ કહ્યું હતું કે "તમારી સાથે મને નિકટવર્તી આત્મીયતા લાગે છે." મને તેમની આ વાતથી ખૂબ નવાઈ લાગી. પછી મેં કહ્યું, "નામદાર, આપણા બે વચ્ચે આ તો પ્રથમ જ મુલાકાત હોવાથી આપની વાતનું રહસ્ય મને સમજાતું નથી." ત્યારે રાણીએ ખુલાસો કરતાં કહ્યું કે, "હું હંમેશાં સાધુ સુંદરસિંગનાં પુસ્તકો વાંચતી રહું છું. તમે તેના દેશવાસી છો. એથી જ મને તમારી સાથે પણ નિકટની આત્મીયતા લાગે છે."

## એ મહાન જીવનની નોંધણી

સુંદરસિંગના જીવન સંબંધી આછી પાતળી નોંધો અવારનવાર પ્રસિદ્ધ થઈ હતી. (કેનન બી. એચ. સ્ટ્રીટરે અને મેં સંયુક્ત રીતે એવો એક પ્રયાસ કરેલો), પણ વિગતપૂર્ણ જીવનકથા લખવાનો પ્રયાસ હજી સુધી થયો ન હતો.

ઈ.સ. ૧૯૪૯માં મને લાગ્યું કે સંપૂર્ણ જીવનકથા લખવાનો સમય પાકી ગયો છે. સુંદરસિંગનું મૃત્યુ ઈ.સ.૧૯૨૯માં થયું તે પછી એક પછી જૂના મિત્રો વિદાય લઈ રહ્યા હતા. તેની સાથેનો મારો પરિચય ઘણો અંગત અને જૂનો ગણાય. ઈ.સ. ૧૯૨૦માં ઓક્સફર્ડની ક્વીન્સ કોલેજમાં હું ઈશ્વરવિદ્યામાં અનુસ્નાતક વર્ગમાં અભ્યાસ કરતો હતો ત્યારે પહેલ પ્રથમ અમારી ઓળખાણ થઈ હતી. તેનાં વ્યાખ્યાનો સાંભળવા હું લંડન, ઓક્સફર્ડ, પારીસ, લોસેન અને ઠેઠ જીનીવા સુધી ગયેલો. તે પછી ઈ.સ. ૧૯૨૩માં અને ફરી ઈ.સ. ૧૯૨૮માં હું તેની સાથે એક એક અઠવાડિયું રહી આવ્યો હતો, અને તે સિમલા પાસે આવેલા સાબાથુના તેના પોતાના નિવાસસ્થાનમાં જ!

જીવનકથા માટે સામગ્રી મેળવવા જુદા જુદા માણસો પર મેં લખ્યું તો તેના તાત્કાલિક અને જથ્થાબંધ પ્રત્યુત્તર મળ્યા. સાધુ અંગેનાં અંગ્રેજી, જર્મન, સ્વીડીશ, ફ્રેન્ચ અને તામીલ પુસ્તકો મારા પર મોકલી આપવામાં આવ્યાં. લોકોએ તો તેનાં વ્યાખ્યાનોની લઘુ લિપિની નોંધો, છાપાંમાંનાં લખાણોની કાપલીઓ, સભાઓના હેવાલો, મિત્રો પર તેણે લખેલા પત્રો અને લોકોનાં સંસ્મરણોની નોંધો વગેરે ખૂબ સામગ્રી. મોકલી હતી. આ બધાંનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવાની જરૂર હતી. બિશપના કાર્ય સાથે સાથે આ કાર્ય કરવાનો બિલકુલ સમય રહેતો નહિ. આથી મેં એક યોજના કરી. મુસાફરીમાં ન હોઉં ત્યારે હું જરા વહેલો ઊંઘી જતો અને પછી મધરાતે ઊઠીને બે કલાક

સુધી લેખનકાર્ય કરતો. એમાં કશી ડખલ વગર કાર્ય થતું. આ પ્રમાણે વર્ષો સુધી ચાલ્યું. એ પ્રમાણે તૈયાર થયેલી જીવનકથા લુટરવર્થ મારફતે ૧૯૫૮માં પ્રસિદ્ધ થઈ છે.

આ પુસ્તકનું કાર્ય ચાલતું હતું ત્યારે મને પોતાને તેમાંથી સતત પ્રેરણા મળ્યા કરતી હતી. રોજબરોજની બિશપની ફરજો થોડો સમય ઊંચી મૂકીને આ રીતે સંતના સત્સંગમાં સમય ગાળવો બહુ હિતકર છે, એમ લાગતું. મારા ધર્મપ્રદેશનાં દેવળોમાં હું તેના જીવન અને કાર્ય સંબંધી કોઈ કોઈ વાર ભાષણ કરતો ત્યારે તેથી પણ ખૂબ લાભ થતો. મોટા ભાગના લોકો તેની વાતમાં ખૂબ રસ લેતા.

## સર્વ કંઈ પ્રાર્થના વડે જ

ઈશ્વરના પ્રસાદથી તેની ધર્મસેવા ખૂબ પ્રસરી. પણ એની સઘળી સેવાનો મૂળ આધાર તેનું પ્રાર્થનામય જીવન હતું. તેના ઉત્કટ ભાવનામય જીવન સંબંધી અનેક લોકો તરફથી મારા પર પત્રો આવેલા છે. સ્વીડન દેશના એક બિશપ બ્રીલીંગનાં પત્ની લખે છેઃ "ધ્યાનમગ્ન, સાધુના ભગવા ઝભ્ભામાં સજ્જ, વેદી તરફ તલ્લીન થઈને બેઠેલા મેં સાધુને અમારા નાના દેવળમાં એક વાર જોયેલા તે દશ્ય હું કદી ભૂલી શકીશ નહિ. ઈશ્વરી આનંદ માણતાં ખ્રિસ્તની અતિ નિકટ સંગતમાં પહોંચી ગયેલો, આંતરિક અને બાહ્ય રીતે જાણે સંપૂર્ણતા સુધી પહોંચી ન ગયો હોય તેવો તેનો ભવ્ય દેખાવ હતો! સાધુના આગમન અને વસવાટ પછી

અમારું નાનું દેવળ ખરેખરું ઈશ્વરનું રહેઠાણ બની ગયું છે એમ જ મને લાગ્યા કરે છે. નિઃસંશય એ સ્થળ પાવન થઈ ચૂક્યું છે."

સ્વીટઝર્લાંડના ધર્માધ્યક્ષ લૌટરબર્ગ જણાવે છે : "તે સવારના નાસ્તા પહેલાં બે કલાક પ્રાર્થના અને ચિંતનમાં ગાળે છે. પછી જ્યારે તે નાસ્તો લેવા ભોજનખંડમાં પ્રવેશ કરે છે ત્યારે ત્યાં બેઠેલાં દરેક જણ પર શાંતિનું આવરણ પ્રસરી રહે છે. તેની શુભ ભાવનાનો બધાંને અનુભવ થાય છે. ત્યારથી જ જાણે એક મંગળ દિનનો આરંભ થઈ જાય છે."

સુંદરસિંગે એક અફર નિયમ રાખેલો કે જ્યાં જ્યાં વ્યાખ્યાન માટે જાય ત્યાં એક વ્યાખ્યાન તો પ્રાર્થના સંબંધી રાખવું જ. તે અચૂક પોતાનો નિયમ પાળવાનો આગ્રહ રાખતો. ઈ.સ. ૧૯૨૨માં અપસાલામાં ત્યાંના મોટા કેથીડ્રેલમાં તેણે પ્રાર્થના સંબંધી જે ભાષણ આપેલું તેમાંથી થોડું આવરણ જોઈએ. "નિત્ય પ્રાર્થના કરો" (૧ થેસ્સા. ૫; ૧૭) એ કલમ તેણે આધારવાક્ય તરીકે પસંદ કરી હતી. આર્ચબિશપ સોડરબ્લોમ તેની બાજુમાં ઊભા રહી ભાષાંતર કરતા હતા. "સુંદરસિંગ બડસ્કાપ" નામના પોતાના પુસ્તકમાં આર્ચબિશપે એ વ્યાખ્યાન અક્ષરશઃ આપ્યું છે:

"પ્રાર્થના તો ઈશ્વરની સાથનો વહેવાર છે. પ્રાર્થનાનો સમય ઈશ્વર આગળ માગણીઓ પેશ કરવાનો

સમય નથી; પણ તેની આગળ પોતાનું હૃદય રેડી દેવાનો પ્રસંગ છે. બીજું કશું માગવા કરતાં ઈશ્વર પોતે આપણામાં આવે એવી વિનંતી કરવી જોઈએ."

"હોડી પાણીમાં રહે એ જરૂરનું છે. પણ પાણી હોડીમાં ભરાવું ન જોઈએ. પ્રાર્થના કરતા રહેવાથી જ જગત આપણા મનમાં ભરાઈ જતું નથી. અને આપણે જગતમા ડૂબી જતાં નથી."

"પ્રાર્થના તો હૃદયની ભાષામાં થવી જોઈએ. એને વૈખરીમાં એટલે સ્વીડીશ, અંગ્રેજી કે હિંદુસ્તાનની વાચામાં ઉતારવાની જરૂર નથી. ઈશ્વર આપણી સાથે હૃદયની ભાષામાં જ બોલે છે અને તે દરેક જણને ઝટ સમજાય છે......."

તે પોતે પણ પ્રાર્થનામય જીવનના જોરે જ આખી દુનિયામાં સફળ રીતે, અવિરતપણે કાર્ય કરી શક્યો. તેના આધ્યાત્મિક જીવનનાં મૂળ પ્રાર્થના ભૂમિમાં ઊંડે સુધી ઊતરેલાં હતાં.

## જ્વાળા પ્રસરણ

કિશોરાવસ્થામાં પણ બીજાઓને ખ્રિસ્ત પ્રત્યે આકર્ષી લાવવાની ભાવના તેનામાં ખૂબ ઉત્કટ હતી. આગળ જણાવ્યું છે કે ઈ.સ. ૧૯૦૫ના સપ્ટેમ્બરની ત્રીજી તારીખે સોળમું વર્ષ પૂરું થતાં જ તેણે બાપ્તિસ્મા લીધું, ત્યાર પછી ત્રીસ જ દિવસ બાદ તે સંસારત્યાગી સાધુ થઈ ગયો, તેણે

સીધો જ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કરવાનો સંકલ્પ કર્યો. તિબેટ, નેપાળ, સિક્કિમ વગેરે હિમાલયની ગોદમાં વસેલાં રાજ્યોમાં ખ્રિસ્તની સુવાર્તાનો ઉપદેશ કરવાની બંધી હતી. સુંદરસિંગને એવા પ્રદેશો પ્રત્યે વિશિષ્ટ આકર્ષણ હતું. ઈ.સ. ૧૯૧૨થી ૧૯૧૭ સુધીના ગાળામાં તેણે હિમાલયના વિસ્તારમાં જે કંઈ કાર્ય કર્યું તેના હેવાલ નુર અફસાન નામના એક ઉર્દૂ ખ્રિસ્તી છાપામાં તે મોકલી આપતો હતો. સદ્ભાગ્યે એ અહેવાલોનું અંગ્રેજી ભાષાંતર ઝુરીચની મધ્યસ્થ લાઈબ્રેરીમાં હજી મળી શકે છે. હું પોતે તે ઝીણવટથી તપાસી ગયો છું. ભીષણ પરિસ્થિતિમાં તેણે એ વિસ્તારમાં સુવાર્તાપ્રચારનું કાર્ય કેવી ઊંડી નિષ્ઠાથી કર્યું હતું તેનો સ્પષ્ટ ખ્યાલ એ લખાણથી મળી રહે છે. સાધુ થયા પછી તે પોતાની પાસે બિલકુલ નાણાં રાખતો નહિ. રોજના ખોરાક માટે પણ તે ઈશ્વરના આશરે રહેતો. કોઈ કશું આપે નહિ તો ભૂખ્યો તરસ્યો પડી રહેતો પણ પોતા માટે કદી કશું માગતો નહિ. આશ્રય ન મળે તો અવાવરૂ ગુફા, કોઈ ઝાડના છાંયડે કે ખંડિયેર મકાનનાં ભીંતડાંને ઓથે રાત્રી ગાળી લેતો. ખ્રિસ્તી સાધુ હોવાથી કોઈ કોઈ વાર લોકો આશ્રયનો ઈન્કાર કરતા, ખ્રિસ્તી પ્રચારકાર્યને લીધે બે ત્રણ પ્રસંગે તેને જેલમાં નાખવામાં આવેલો. જિંદગીના સામાન્ય વહન કરતાં આવાં દેહકષ્ટ અને સતાવણીના પ્રસંગોમાં ખ્રિસ્તની સંગત વધુ ઉત્કટપણે તે માણી શકતો.

## અવારનવાર ભયમાં

પોતાના એક અહેવાલમાં તે જણાવે છે :

'ખૈબરઘાટ પસાર કરીને હું અફઘાનિસ્તાન પહોંચ્યો. ત્યાંના લોકો તરફથી ખૂબ કનડગત થઈ. પ્રથમ તો મને જાસુસ ગણી લેવામાં આવ્યો. જાસુસની આશંકાથી મારા પર સારો એવો ત્રાસ ગુજાર્યા પછી તેમને ખાતરી થઈ કે હું જાસુસી કરવા નહીં પણ ખ્રિસ્તનો પ્રચાર કરવા આવ્યો છું, ત્યારે તો તેમનો અત્યાચાર ઓર વધી ગયો. તેમણે મારું ખૂન કરી નાખવાની વ્યવસ્થા ગોઠવી દીધી હતી. પણ તેઓમાંના એક જણે છાનામાના આ યોજનાની બાતમી આપી દીધી....એટલે રાતોરાત હું ઊઠીને બીજા રસ્તે નાસી ગયો.'

મારી નાસભાગ વખતે ધોધમાર વરસાદ પડતો હતો. હું પૂરેપૂરો ભીંજાઈ ગયો હતો. બીજા દિવસે સાંજના હું એક ગામ પહોંચ્યો. થાક અને ભૂખથી હું તદ્દન નિર્ગત થઈ ગયો હતો. તરસ પણ ખૂબ લાગી હતી. એ પહાડી પ્રદેશમાં શિયાળાની ઠંડીમાં મારે માટે ક્યાંય આશ્રયસ્થાન હતું નહિ. એક પડું પડું થઈ રહેલી ઝૂંપડીમાં મારે આશ્રય લેવો પડ્યો. અંદર છાણ અને કાદવ જામેલાં હતાં. ત્યાં આખી રાત થરથરતો ટૂંટીયું વાળી પડી રહ્યો. લોકો એટલા કઠોર હતા કે તેમણે ખાવાનો ભાવ પણ પૂછયો નહિ, કે તાપણીની વ્યવસ્થા કરવા જેટલી માણસાઈ પણ બતાવી નહિ. સવારે તો મારાં અંગે અંગ અકડાઈ જશે અને ફેફસામાં ઠંડી ભરાઈ જશે એવો ડર હું સેવ્યા કરતો હતો પણ આવી

સખત ઠંડીમાં મને કશું જ થયું નહિ એ ઈશ્વરનો મોટો પાડ!

બીજા દિવસે સવારે હું મારાં ભીનાં કપડાં તાપમાં સુકવી રહ્યો હતો ત્યારે મારું ખૂન કરવાનું કાવતરૂં કરનારને મારું પગેરું કાઢીને આવતા મેં જોયા. મેં જોયું કે હવે નાસવાનો કોઈ રસ્તો રહ્યો ન હતો. મને લાગ્યું કે હવે તો મારું આવી બન્યું. પણ ઈશ્વરે તો તેમના મનનું અદ્‌ભુત પરિવર્તન કરી નાખ્યું. મારો જીવ લેવાની ઈચ્છાવાળો એક જણ આગળ આવીને મારે પગે પડ્યો, પછી તે બોલ્યો, "અમે તો ખાતરીથી માનતા હતા કે આ ઠંડીમાં તમે ખલાસ થઈ જવાના પણ અમે જોઈએ છીએ કે તમને તો આંચ પણ આવી નથી. સાચે જ તમારો ઈશ્વર તમારી પાસે હાજરાહજૂર રહે છે. તમે તેના સાચા બંદા છો. અમારી કનડગત માટે અમને માફ કરો!"

પછી તેઓ પાછા તેમના ગામે મને તેડી ગયા. ત્યાં તેમની મધ્યે એક અઠવાડિયું રહી મેં તેમની સેવા કરી. હું ત્યાંથી વિદાય થયો ત્યારે ગામ લોકે મને પાઘડી બંધાવી અને એક ઝભ્ભો ભેટ આપ્યો. મને પૂરી આશા છે કે ત્યાં વાવેલાં બી ઊગીને ફળ આપશે.

## આત્માની તલવાર

સુંદરસિંગ બીજો એક પ્રસંગ ટાંકે છે :

હું ભીલેરાના પહાડી જંગલમાંથી પસાર થતો હતો ત્યારે રસ્તામાં બેઠેલા ચાર જણ મળ્યા. તેમાંનો એક મોટો છરો લઈને મારા પર ધસ્યો. નાસવાનો કોઈ અર્થ જ ન

હતો તેથી મેં મરવા માટે તેની આગળ મારું માથું નમાવ્યું. છરો મારવાને બદલે મારો કામળો ઝૂંટવીને તે નાસી ગયો.

પછી હું મારે રસ્તે પડ્યો. એકાદ ફલાંગ દૂર ગયો હોઈશ તેવામાં તેણે મને હાંક મારીને પાછો બોલાવ્યો. મને લાગ્યું કે હવે તો આવી જ બન્યું! બીતો બીતો હું તેની પાસે ગયો તો કંઈક જુદું જ બન્યું. તેણે કરડાકીથી મને પૂછયું, "તું કોણ છે?" મેં તેને મારા સંબંધી વાત કરી અને આ જંગલમાં શા હેતુથી આવ્યો છું તે પણ જણાવ્યું. પછી તેને લાજરસ અને શ્રીમંત માણસની વાર્તા વાંચી સંભળાવી. આ વાત તો તેના મનમાં સોંસરી ઊતરી ગઈ. તેણે કહ્યું કે પેલા શ્રીમંત માણસે તો કદી લૂંટફાટ કરી ન હતી છતાં તેને નર્કમાં જવું પડ્યું. મેં તો સેંકડો વાર લૂંટ કરી છે. મારા શા હાલ થશે? ત્યાં ને ત્યાં જ તેણે પસ્તાવો કર્યો અને પાપની કબૂલાત કરી માફી માગી. મારો કામળો મને પાછો આપી દીધો. મારા માટે તેણે મીઠાની ચા બનાવી. સાથે થોડાં સૂકાં ફળ પણ આપ્યાં. મને તો ખરેખર લાગ્યું કે ઈશ્વરે મારા માટે "ખાનારમાંથી ખોરાક અને બળવાનમાંથી મીઠાશ" મેળવી આપ્યાં હતાં. તેમ જ જાણે તેણે 'મારા શત્રુઓના દેખતાં મારે વાસ્તે ભાણું તૈયાર કર્યું હતું."

પછી અમે બંનેએ પ્રાર્થના કરી પણ તેના મનમાં જંપ ન હતો. તેણે પોતાનો ડગલો કાઢી, પાથરીને મને સૂવાડ્યો પછી થોડે દૂર બેસી તે વિલાપ કરવા લાગ્યો. સવારે હું ઊઠ્યો ત્યારે તેણે પોતાની સઘળી જીવનકથા કહી સંભળાવી અને પોતાની ભૂંડાઈનો એકરાર કર્યો. મને એક બીજી

ગુફામાં લઈ જઈને હાડકાંનો ઢગલો બતાવ્યો, અને કહ્યું આ મારા પાપનો ઢગલો છે. આ બધું જોઈને મને તેની ખૂબ જ દયા આવી. સાથે સાથે ઈશ્વરના રક્ષણ માટે મેં તેનો આભાર માન્યો નહિ તો મારાં હાડકાંનો ઉમેરો એ ઢગલામાં થઈ ગયો હોત!.....

## દુનિયાના દૂર સુદૂરના સિમાડા

ઈ.સ. ૧૯૧૭ના વર્ષ પછી સુંદરસિંગનું નામ ઘણું જાણીતું થઈ પડ્યું. દુનિયાના ઘણા દેશોમાંથી તેને આમંત્રણ મળવા લાગ્યાં. દુનિયાના દરેકે દરેક દેશમાં પહોંચી જવાની તમન્ના તેનામાં હતી. પણ તે બ્રહ્મદેશ, ચીન, ગ્રેટબ્રિટન, યુનાઈટેડ સ્ટેટ્સ, પાલેસ્ટાઈન, સ્વીટઝરલેન્ડ, સ્કેન્ડીનેવીયા, જર્મની, ફ્રાન્સ અને હોલાંડ આટલા દેશોનો પ્રવાસ કરી શક્યો હતો. મોટાં મોટાં દેવળો અને વ્યાખ્યાન ખંડો કલાકો અગાઉથી ખીચોખીચ ભરાઈ જતાં અને સેંકડો માણસો જગ્યા ન મળતાં નિરાશ થઈ પાછા જતા.

શાથી લોકોને તેના પ્રત્યે આટલું બધું આકર્ષણ થતું? તેનાં ભાષણો સાંભળતાં લોકો એકાગ્ર થઈ જતાં તેનું શું કારણ હશે? તે ઊંચો, ધીરગંભીર અને દેખાવડો હતો. તેને જોતાં જ લોકોને પ્રભુ ઈસુનો ખ્યાલ આવતો. ભગવો ઝભ્ભો, સુંદર પાઘડી અને ગમે તેવી ઠંડીમાં ઉઘાડા પગે ફરવાની ટેવથી તે બીજા બધાં કરતાં અલગ તરી આવતો.

તે કંઈ પ્રખર વક્તા ન હતો. તેનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ અપૂર્ણ હતું. તેનું અંગ્રેજી અનેક ભૂલોવાળું રહેતું પણ દરેક ભાષણની આધ્યાત્મિક તૈયારી માટે તે કલાકો પ્રાર્થના અને મનનમાં ગાળતો.

તેનામાં મૌલિક સર્જનશક્તિ હોવાથી બાઇબલની વાતો નવીન દૃષ્ટિથી તે કહેતો. તેણે ખ્રિસ્તને માટે જે ભીષણ કષ્ટ સહન કર્યાં હતાં તે લોકોથી અજાણ નહોતાં રહ્યાં અને તેને લીધે હજારો માણસો તેનાં ભાષણ સાંભળવા ઉમટતાં. ખ્રિસ્ત કેવો પરાક્રમી ઉદ્ધારક છે તે સચોટ બતાવી આપવાના ઉદ્દેશથી જ તેનાં ભાષણો સભર રહેતાં. પુસ્તકોના અભ્યાસથી જ્ઞાન મેળવીને તે ભાષણ કરતો નહિ. તેનાં વ્યાખ્યાનોમાં તો તેના જીવનનો નિચોડ જોવા મળતો. સાધુને એક બે વાર જ જોવા સાંભળવા પામનારનાં મન પર પણ તેની કદી ભુલાય નહિ તેવી છાપ અંકાઈ જતી, એવું ભવ્ય વ્યક્તિત્વ તે ધરાવતો હતો. તેને જોતાં જ માણસના મન પર છાપ પડી જતી કે આ માણસે સંસારને સંપૂર્ણ રીતે તજી દઈને ખ્રિસ્તને સર્વાંગી સમર્પણ કરી દીધું છે.

તેની મનપસંદ કલમ આ હતીઃ "જુઓ, હું જગતના અંત સુધી સદા તમારી સાથે છું." ખ્રિસ્તનો વાસો સાધુના મનમાં સદા હોય તેવું તેને જોનાર બધાંને લાગતું.

## કાગળ અને કલમ

સાધુની તબિયત ઈ.સ. ૧૯૨૨થી લથડવા માંડી.

લાંબા લાંબા પ્રવાસો કરવાની શક્તિ તેનામાંથી ઘટવા માંડી. વણમાગી કીર્તિના ઝળહળતા પ્રકાશમાં પ્રવાસો આદરી દૂર દૂરના દેશોમાં સુવાર્તાનો પ્રચાર કરવાનું બને તેમ ન રહ્યું ત્યારે તેણે મનન યોગ્ય પુસ્તકો લખીને વિશ્વની સેવા ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો.

'ગુરુને ચરણે' એ તેની પહેલી પુસ્તિકા હતી. તે પછી બીજી પાંચ પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેની પુસ્તિકાઓનો ભારે ઉપાડ થયો અને ચાળીસ જેટલી ભાષાઓમાં તેના અનુવાદો થયા. તાજા સમાચાર પ્રમાણે તેનાં લખાણોની સંકલિત કરેલી જર્મન આવૃત્તિની હજી ભારે માંગ રહે છે.

## સાધુની અનેક જીવનકથાઓ

યુરોપના ત્રણ ખ્રિસ્તી વિદ્વાનોએ સુંદરસિંગની ઈશ્વરમીમાંસાનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે. આ વિદ્વાનોનાં નામ છેઃ કેનન બી.એચ. સ્ટ્રીટર, ડો. નેથન સોડરબ્લોમ (કેટલાંક વર્ષ સુધી અપસાલા શહેરના આર્ચબિશપ પદે રહેલા) અને જર્મનીના પ્રોફેસર ફ્રેડરિક હેલર. કેનન બી.એચ. સ્ટ્રીટર ઓક્સફર્ડના ઈશ્વરવિદ્યાના વિખ્યાત વિશેષજ્ઞ હતા. અમે બંને જણે મળીને 'સાધુ' નામનું એક પુસ્તક સુંદરસિંગ સંબંધી પ્રસિદ્ધ કર્યું હતું. તે ઈંગ્લાંડમાં ૧૯૨૧માં પ્રસિદ્ધ થયું હતું. અત્યાર સુધીમાં તેની આઠ આવૃત્તિઓ થઈ ચૂકી છે અને કેટલીક ભાષાઓમાં અનુવાદ પણ થયા છે.

ઈ.સ. ૧૯૨૨માં સાધુ સુંદરસિંગ આર્ચબિશપ સોડરબ્લોમની હવેલીમાં દસ દિવસ મહેમાન તરીકે રહ્યા હતા. આર્ચબિશપે દુનિયાના જુદા જુદા ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો, એને લઈને ભારતીય આધ્યાત્મિક પશ્ચાદ્‌ભૂમિકાના સંદર્ભમાં સુંદરસિંગની વિચારસરણી સોડરબ્લોમ બહુ સારી પેઠે સમજાવી શક્યા છે. તેમણે સ્વીડીશ ભાષામાં ‘સુંદરસિંગ્સ બડસ્કાપ’ નામે પુસ્તક લખ્યું છે. તેમાં સુંદરસિંગની ઈશ્વર સંબંધીની સમજ પર સારું વિવેચન કર્યું છે, અને તેના વિચારોનું મૂલ્યાંકન કરવા પ્રયાસ કર્યો છે. એ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર થાય તો ઘણું સારું.

ડૉ. હેલર માબર્ગ યુનિવર્સિટીમાં ધર્મના ઈતિહાસના પ્રોફેશર હતાં. તેમણે ઈ.સ. ૧૯૨૩માં સુંદરસિંગના અંગત જીવન અને તેની ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાની વિચારસરણી સંબંધી એક પુસ્તક લખ્યું હતું. જર્મન ભાષામાં તે પુસ્તકનું નામ Sadhu Sunder Singh, Ein Apostel des Ostens and Westens હતું. આ પુસ્તકનો ઘણો સારો પ્રચાર થયો. તેની ૧૫૦૦૦ જેટલી નકલો ખપી ગઈ. “સાધુ સુંદરસિંગની સુવાર્તા” એ નામે તેનું અંગ્રેજીમાં ભાષાંતર પણ થયું છે. પણ અંગ્રેજીમાં તેનું બહુ આકર્ષણ ન થયું. ઘણા લોકોને તો એ પુસ્તક અંગ્રેજીમાં મળે છે તે જ હજી ખબર નથી.

સાધુ સુંદરસિંગના વ્યક્તિત્વની સાચી સમજ કે તેનું મૂલ્યાંકન તેના પોતાના વતન ભારતમાં જર્મનીમાંથી

ડૉ.હેલર દ્વારા આવે છે એ જરા વિચિત્ર લાગે એવું છે. (પણ ભારત પોતાના સપૂતોને વહેલાં ઓળખી શકતું નથી એ તો સામાન્ય અનુભવ છે! - અનુવાદક) હું જાણું છું કે પ્રોફેસર હેલર પાસે સાધુ સુંદરસિંગનાં જુદી જુદી ભાષામાં ભાષણોનો સૌથી મોટો સંગ્રહ પડેલો છે. તેમણે એ બધાં ભાષણોનો ખૂબ ઝીણવટથી અભ્યાસ કર્યો છે. પોતાના ઊંડા આધ્યાત્મિક અનુભવની સહાયથી તેમણે સુંદરસિંગના શિક્ષણનું સાચું મૂલ્યાંકન કરવા પ્રયાસ કર્યા છે. ખ્રિસ્તી ધરમીઓ અને સંતોની સોનેરી પરંપરામાં સુંદરસિંગના સ્થાન વિષે વિવિધ નોંધો કરી છે તે ઘણી પ્રેરણાદાયક છે.

ઈ.સ. ૧૯૨૯માં સુંદરસિંગે બાઇબલ વિષે લેખ લખીને તેના પ્રત્યેનું પોતાનું ઋણ અદા કર્યું છે.

બાઇબલ દ્વારા તેના લેખક સાથે મારી ઓળખાણ થયાં આજે ૨૫ વરસ થયાં છે. આ સમગ્ર સમય દરમિયાન બાઇબલમાં જણાવ્યા પ્રમાણે હુબહુ મારો ઉદ્ધારક મને જોવા મળ્યો છે. તેના બાઇબલમાં આપેલ આ વર્ણન પ્રમાણે જ મારા જીવનમાં તેનો મને પરિચય થયો છે. ભાષાની સંપૂર્ણતા કે પાઠફેરના લીધે બાઇબલમાંનું અંતર્ગત સત્ય છુપાઈ શકતું નથી. બાઇબલના શબ્દો “ભાવનામય અને જીવનદાયક” હોવાથી તેની જીવંત અસર કશાથી અટકાવી શકાતી નથી.

બાઇબલના વાંચનથી મને જે અકથ્ય અને શાશ્વત સમૃદ્ધિ લાધી છે તેનો તો પહેલાં મને સ્વપ્ને પણ ખ્યાલ

આવ્યો ન હતો. તેનો એ સંદેશો અન્યને પહોંચાડવાથી અને બીજા સાથે તેના આશીર્વાદોનો ઉપભોગ કરવાથી આપણે બધાં ધન્ય થઈએ છીએ અને આપણી સમૃદ્ધિ સતત વધતી જાય છે.

"સાચું જીવન" નામની સાધુની એક પુસ્તિકાનો અંગ્રેજી હસ્તલેખ સાધુના બીજા કાગળોમાંથી મળી આવ્યો હતો . "સાચું મોતી" નામની એક ઊર્દૂ પુસ્તિકા પંજાબ રીલીજીયસ ટ્રાક્ટ અને બૂક સોસાયટીએ પ્રસિદ્ધ કરી હતી. તેમની રજાથી અંગ્રેજીમાં અનુવાદ ઉપરોક્ત કોલેજના પ્રોફેસર રેવ. રોબીન્સને તૈયાર કર્યો છે. મદ્રાસની ક્રિશ્ચિયન લીટરેચર સોસાયટી સુંદરસિંગનાં પુસ્તકોની એક શ્રેણી બહાર પાડવા માગે છે. મારી ખાતરી છે કે દુનિયાના બધા ભાગોમાં પથરાયેલી ખ્રિસ્તી મંડળીની એ રીતે સાચી સેવા થશે.

સુંદરસિંગ વિષેનો આ લેખ 'વર્લ્ડ વિઝન મેગેઝિન' નામે સામયિકમાં ફેબ્રુઆરી ૧૯૬૫માં પાસાડેના યુ.એસ.એ.માં પ્રસિદ્ધ થયો હતો. આ પુસ્તકની પ્રસ્તાવના તરીકે ફરી પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપવા માટે અમે તંત્રીના આભારી છીએ.

# આમુખ

ગયા વર્ષે મેં "આધ્યાત્મિક દુનિયાનાં દર્શનો" નામના પુસ્તકમાં આધ્યાત્મિક વિશ્વમાં બનતી ઘટનાઓ અને પ્રસંગોનો ચિતાર આપવા પ્રયત્ન કર્યો હતો. હવે નાની પુસ્તિકામાં આ દુનિયામાં વિવિધ સ્થળે વિવિધ પ્રસંગે બનતા બનાવોનું વર્ણન કરવા યત્ન કર્યો છે.

જુદા જુદા માણસોના જીવનમાં કેટલીક ઘટનાઓ બની તેમની સાથે મારો સંપર્ક થતાં તેમના નવતર, અમૂલ્ય અનુભવો વિષે મને જાણવા મળ્યું. એ બધું મેં અહીં સંવાદરૂપે વર્ણવ્યું છે. આ બધા અનુભવો આ જીવન દરમિયાન થયેલા છે. તેમાં સંડોવાયેલી વ્યક્તિઓ તથા સ્થળોનાં નામ તેઓ પોતે જાહેર કરવા ઈચ્છતા ન હતા માટે મેં જણાવ્યા નથી. મેં પોતે તેઓ પાસેથી વધુ વિગતો જાણવા પ્રયાસ કરેલા અને કેટલાકે પોતા સંબંધી માહિતી આપી હતી ખરી પણ શરત કરી હતી કે, મારે તે ગુપ્ત રાખવી. આથી તેમની ઈચ્છા પ્રમાણે વ્યક્તિ કે સ્થળનાં નામ જાણી જોઈને પડતાં મૂકવામાં આવ્યાં છે.

લગભગ વીસેક વર્ષથી હું લાંબા પ્રવાસો અને સફરો કરતો આવ્યો છું. દરેક પ્રકારની આબોહવામાં મેં કામ કર્યું છે. દુ:ખો અને તકલીફો પણ ઘણી જ વેઠી છે. એ બધાની અસર મારી તબિયત પર હવે થવા લાગી છે. મારી તંદુરસ્તી લથડી છે, તેથી હવે લાંબા પ્રવાસો કરવાની શક્તિ રહી નથી. માટે હવે બીજાઓનાં આધ્યાત્મિક હિત અને

ઉન્નતિને માટે મારો સંદેશો વખતોવખત પુસ્તકો મારફતે પાઠવવાનો ઈરાદો રાખું છું. મને લાગે છે કે આ રીતે તો હું જ્યાં કદી પોતે જઈ ન શકું ત્યાં પણ મારો સંદેશો પહોંચી જશે.

ઈશ્વરે તેની કૃપાયોજના પ્રમાણે ભૂતકાળમાં મારી પર ભરપૂર આશિષ આપેલી છે. એના અનેક પુરાવા મને રોજ મળતા રહે છે. મારાં લખાણ તદ્દન સાદાં સરળ હોવા છતાં દુનિયાની ત્રીસેક ભાષાઓમાં તેના અનુવાદ થયા છે. આ ઘણો ભારે પુરાવો ગણાય. એથી જ હું દૃઢ આશા રાખું છું કે આ પુસ્તક પણ વાચકોને આધ્યાત્મિક સહાય પૂરી પાડશે. ઈશ્વર એવી કૃપા અવશ્ય કરશે જ. ઈશ્વર મારા નમ્ર પ્રયાસ મારફતે પોતાનો મહિમા વધારો.

હું લાહોરના રેવ. ડબલ્યુ. પીપલ્સનો મનથી આભાર માનું છું. તેમણે આ પુસ્તિકાને ઉર્દૂમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં ખૂબ સહાય કરી છે.

સાબાથુ, નમ્રભાવે,

સપ્ટેમ્બર, ૧૯૨૭ **સુંદરસિંગ**

# ૧. એક સત્યશોધક અને મેલ્ખીસેદેક

એક શ્રીમંત માણસની આ વાત છે. તેને દુનિયાની સઘળી સમૃદ્ધિ અને સુખ સામગ્રી હતાં. તેને કશી વાતની અછત ન હતી. દરેક બાબતે સુખી હોવા છતાં એક ઊણપ રહી ગઈ હતી. કમનસીબે તેને પુત્ર ન હતો. મિત્રમંડળ અને જનતામાં તેનું સારું માન હતું પણ પુત્રની ખોટ તેને હંમેશા સાલ્યા કરતી હતી. તે સગાંસબંધી અને પત્ની બધાં આગળ મનની વરાળ કાઢતો અને વિનવતો "તમે બધા મારા માટે ઈશ્વરને આગ્રહ કરો કે ઈશ્વર મારી આ ધનદોલતનો વારસ આપવાની કૃપા કરે. મારું કુળ અને મારી કીર્તિ નષ્ટ ન થઈ જાય." ઈશ્વરે બધાંની પ્રાર્થના સાંભળી અને કેટલાય સમય બાદ તેને ત્યાં પુત્રનો જન્મ થયો. તે દેખાવે સુંદર અને આશાભર્યો હતો. તેણે પોતાનાં સગાં અને મિત્રોને મોટી મિજબાની આપી અને ઈશ્વરની કૃપા તથા દયા માટે આભાર માનતાં સારું એવું ધર્મદાન પણ કર્યુ. બધાંએ ભેગાં મળીને પુત્ર જન્મ માટે ઈશ્વરનો ખૂબ આભાર માન્યો. બધાંએ બાળકના દીર્ઘાયુષ્ય માટે ઈશ્વરની પ્રાર્થના કરી. બાળક જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ માબાપે તેના માટે અનેક મનસુબા ઘડવા માંડ્યા. બાળક કેવો નીવડશે અને શું શું કરશે તેની કલ્પનામાં તેઓ દિવસો વિતાવવા લાગ્યાં. બાળક મોટો થતાં તેના સુખચેન અને આનંદપ્રમોદ માટે બાપે જે જોઈએ તે હાજર કરવા માંડ્યું. છ વર્ષનો થતાં શિક્ષણની ખાસ વ્યવસ્થા કરવામાં

આવી. પંદરેક વર્ષનો થતાં સુધી તેનો અભ્યાસ એ જ રીતે ચાલુ રહ્યો. તેને વહેવારિક જ્ઞાન પણ આપવામાં આવતું. અઢાર વર્ષનો થતાં તેનું લગ્ન કરવામાં આવ્યું. આ નવદંપતિ સમૃદ્ધિમાં શાંતિપૂર્ણ જીવન ઉત્તમ રીતે માણી રહ્યાં. આજુબાજુના લોકો તેમને આદર્શ યુગલ ગણવા લાગ્યાં.

આમ તેઓ દુનિયાના આનંદ આસ્વાદ લઈ રહ્યાં હતાં. તેમને હજી કશાં દુઃખ કે ચિંતાઓનો અનુભવ થયો ન હતો. પણ લગ્ન બાદ થોડા જ માસમાં એક ભારે આઘાત આવી પડ્યો. બંને વૃદ્ધ માબાપ કોલેરાનો ભોગ બની એકાએક મરણ પામ્યાં. આમ અચાનક આવી પડેલી આપત્તિથી તેનો ધંધો વેપાર અસ્તવ્યસ્ત થઈ ગયો. દુઃખ આવે ત્યારે એકલ દોકલ નથી આવતાં એ ન્યાયે તે માબાપના શોકમાં ગરકાવ હતો ત્યારે જ ચોરોએ ઘરમાં ખાતર પાડ્યું અને સઘળું કીમતી દ્રવ્ય ઉપાડી ગયા. આબાદીમાં ઘણા મિત્રો થતાં આવે છે પણ પડતી થતાં જ મિત્રોની પણ ખરી કસોટી થઈ જાય છે. યુવકના દુઃખ અને તંગીના સમયે બધા ખુશામતિયા, સ્વાર્થી મિત્રો અને મતલબી સગાંવહાલાં આઘાં પાછાં થઈ ગયાં. તેના પર અચાનક જ આફત આવી પડવાથી સંસારની ચંચળતા પૂર બહારમાં તેને જોવા મળી. નિરાશામાં ગરક થઈ તે બોલી ઊઠ્યો, “અરેરે! હવે હું શું કરું? કોના આશરે જાઉં? હવે થોડા જ દિવસમાં મારે ત્યાં બાળક અવતરવાનું છે પણ તેના આવવાનો આનંદ મને થતો નથી! મારા જન્મથી

મારાં માબાપને તો કેટલો બધો આનંદ થયો હતો! મારા માટે મારાં માબાપે જે કંઈ કર્યું હતું તેમાંનું કશું હું મારા આવનાર બાળક માટે કરી શકવાનો નથી. આ બધું કેવું વિચિત્ર કહેવાય? આપણે કેવાં કમનસીબ છીએ!" તેની પત્નીએ પોતાના સ્વામીના આવા નિરાશાપૂર્ણ ઉદ્‌ગારો સાંભળીને તેને આશ્વાસન આપવા માંડ્યું. પોતાના નાજુક હાથ વડે તેનાં આંસુ લૂછી નાખતાં પ્રેમપૂર્વક તેણે કહ્યું, "મારા પ્રિય સ્વામી, તમે દુઃખી ન થાઓ. રડો નહિ કે ચિંતા પણ ના કરો. ઈશ્વર પર શ્રદ્ધા રાખો. તેણે આપણા સંબંધમાં જે કંઈ દુઃખ આવવા દીધું છે તે બધામાં તેનો શુભ ઈરાદો જ હશે. આપણા માટે ઈશ્વર જે કંઈ થવા દે છે તે બધાથી અંતે તો આપણું હિત જ સધાય છે. માટે હિંમત ન હારતાં મરદ થઈને જીવો."

આવા વિષમ સંજોગોમાં સમય પૂરો થયે બાળકનો જન્મ થયો. પતિએ પોતાની પત્ની તથા બાળકની બનતી બધી સારવાર કરી છતાં પણ બાળક બીજા દિવસે મૃત્યુ પામ્યું. બાળકને દાટીને ઘેર આવતા પતિએ જોયું તો પત્ની બેભાન થઈને પડેલી. તે માણસ પત્નીનું માથું ખોળામાં લઈને ખાટલા પર બેઠો અને મોંમાં પાણી રેડવા લાગ્યો. થોડીવારે પત્ની ભાનમાં આવી. તેણે આંખો ખોલી પણ દુઃખ, શોક અને માંદગીને લીધે એટલી બધી અશક્તિ આવી ગઈ હતી કે એક શબ્દ બોલી શકી નહિ. મૂંગી મૂંગી પતિના મુખ સામે આંખમાં આંસુ સાથે જોઈ રહી. પતિ પણ થાકીને લોથ થઈ ગયેલો અને દુઃખ તથા ભૂખથી

અશક્ત થઈ ગયેલો એટલે એક પણ શબ્દ બોલ્યા વિના પત્ની સામે તાકી રહ્યાં. બંનેની આંખોમાંથી આંસુ વહી રહ્યા. પત્નીના સુકાઈ ગયેલા ફીક્કા ગાલ પરથી આંસુ વહી રહ્યાં અને તે લૂછવા પ્રયાસ કરી રહ્યો. પણ થોડી વાર પછી તો પત્નીની આંખો સદા માટે બીડાઈ ગઈ. પતિથી આટલું બધું દુઃખ સહન ન થવાથી તે પણ બેભાન થઈને ઢળી પડ્યો. કોણ જાણે કેટલીયે વાર તે એમ પડ્યો રહ્યો હશે. પણ કોઈ ભલા પાડોશીએ ત્યાંથી પસાર થતાં આ દૃશ્ય જોયું. પોતાનો મિત્ર આમ નિઃસહાય થઈને બેભાન પડેલો જોયો એટલે તે બીજા પાડોશીઓ અને મિત્રોને બોલાવી લાવ્યો. તેઓએ ભેગાં થઈને મૃત સ્ત્રીની અંતિમ ક્રિયાઓ પતાવી. તે માણસ પણ સાથે કબરે પહોંચ્યો. ખુલ્લી કબર આગળ ઊભો રહીને તે બોલવા લાગ્યો, “આ કબરમાં મારાં, બધાં દુઃખદર્દો દફનાવી દો કે મને જ દાટી દો. શા માટે મારી સ્ત્રીને દફનાવો છો? મને એકલો અટૂલો છોડીને મારી સખી, મારી હિતેચ્છુ મારી પ્રિય પત્ની ચાલી નીકળી છે. હાય રે! હું કેટલો કમનસીબ, દુઃખમાં ગરક થઈ ગયો છું! હવે દુનિયામાં મારું કોઈ જ રહ્યું નથી!” એટલું બોલતાં જ તે ફરી બેભાન થઈ ગયો. તેને જમીન પર પટકાતો જોઈ ત્યાં ઊભેલાં બધાંનાં હૃદય ભરાઈ આવ્યાં. તેઓ તેને ઉપાડીને ઘેર લાવ્યાં. તે થોડો ઘણો શાંત થયો ત્યારે બધાં તેને આશ્વાસન આપતાં બોલ્યાં, “હવે જે થયું તે થયું. ગમે તેટલો શોક કરીએ તેનો કશો અર્થ નથી. વહેલાં મોડાં આપણે બધાંએ સંસાર છોડી આ રસ્તે જ જવાનું છે. બધાંનો વારો આવવાનો જ છે.”

આ દુનિયા તો ક્ષણભંગુર છે તે વિચારથી તેનામાં ભારે પરિવર્તન આવી ગયું. થોડા વખત પછી તે કોઈ ધર્મગુરુ પાસે પહોંચ્યો. તેની પાસે તે ધર્મની ચર્ચા કરવા લાગ્યો. પણ તેથી તેના મનમાં શાંતિ કે સુખ આવ્યાં નહિ. આખરે તે બધું છોડીને તે જંગલમાં ગયો અને એક ગુફામાં રહી ધ્યાન અને મનનમાં સમય ગાળવા લાગ્યો. તે ઈશ્વરને પ્રાર્થના કરીને કહી રહ્યો, "હે મારા સર્જનહાર, મારા સ્વામી, તું મને આ દુનિયામાંથી ઉપાડી લે, અથવા કૃપા કરી તારું દર્શન કરાવ. મારા વ્યથિત મનને શાંતિ પમાડ, તારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવી મારા જીવનને નવું બનાવી દે." દિવસોના દિવસો સુધી તે આ પ્રમાણે તપ કરતો રહ્યો, આખરે માથ્થી ૭:૮ માં ઈશ્વરનું વચન છે. તે ન્યાયે શોધનારને જડી આવે છે તે પ્રમાણે તેને તેની પ્રાર્થનાનો ઉત્તર પ્રાપ્ત થયો. એક દિવસ સવારે વહેલો ઊઠીને તે પોતાની ગુફાના દ્વાર આગળ બેઠો હતો ત્યારે ધ્યાનમગ્ન અવસ્થામાં તેણે એક અલૌકિક માણસને પોતા તરફ આવતો જોયો. તે વિષે તેના મનમાં વિવિધ વિચારો ઊઠ્યા. તેને મનમાં વિચાર આવ્યો કે આ આવનાર માણસ પણ મારા જેવો દુખિયો હશે અને સંસારથી કંટાળીને આ બાજુ આવી ચઢ્યો હશે. તે કદાચ આના જેવું આશ્રયસ્થાન ખોળતો હશે. અથવા તે કદાચ ખરો ઈશ્વરભક્ત હોય અને ધ્યાન તથા ચિંતનમાં સમય ગાળતો હશે. આ ગુફા તેની જ હશે અને સમયના વહેવા સાથે ફરતો ફરતો પોતાના જૂના સ્થાને આવી ચઢ્યો હશે. અથવા તે કોઈ રસ્તો ભૂલીને આવી ચઢેલો મુસાફર પણ હોઈ શકે. આજુ બાજુના

વિસ્તારમાં કોઈ ભરવાડ પણ પોતાનું ખોવાયેલું ઘેટું બકરું ખોળતો ખોળતો આ બાજુ આવી ચઢ્યો હોય તે સંભવિત છે. ગમે તે હોય પણ આ માણસનું આ તરફ આવવાનું રહસ્યમય તો છે જ.

પેલો માણસ આવા વિચાર કરી રહ્યો હતો તેવામાં તો આવનાર માણસ એકદમ પાસે આવી પહોંચ્યો. તેણે ગુફામાં રહેનાર દુઃખિત માણસની ખૂબ ભાવપૂર્વક ખબરઅંતર પૂછી. પેલા સાધુએ પણ આદરપૂર્વક ઊઠીને આવનારને પોતાનું આસન આપી ભાવપૂર્વક બેસાડ્યો. આ પ્રમાણે બંને જણ ઠરીઠામ થઈને બેઠા એટલે તેઓ વચ્ચે રસિક અને પ્રેરણાદાયક વાર્તાલાપ શરૂ થયો.

શોધક - આપને વાંધો ન હોય તો આપની ઓળખ આપશો અને ક્યાંથી આ બાજુ આવવાનું થયું અને એનું શું પ્રયોજન છે તે જણાવશો?

મેલ્ખીસેદેક - મારા નામનો અર્થ તમારાથી સમજાય તેમ નથી. હું સાચો ઘેટાંપાળ છું. “ખોવાયેલાં ઘેટાંને ખોળવા” માટે હું “સ્વર્ગેથી આવ્યો છું.” (યો. ૩; ૧૩).

જોકે સત્યશોધકને મેલ્ખીસેદેકની આ વાતોમાં કંઈ ખાસ સમજ પડી નહિ પણ તેના વ્યક્તિત્વ તેમ જ વચનોની ઊંડી છાપ તેના મન પર પડી. તેના મનમાં આવનારની હાજરીથી પ્રકાશ પ્રસરતો લાગ્યો અને અંધકાર અદૃશ્ય થવા લાગ્યો. આજ સુધીની તેની અંધારી ગુફા પણ પ્રકાશમય થઈ ગઈ. તેને મનમાં ભાવના થવા લાગી કે હું એક ભૂલા

પડેલા ઘેટાં જેવો જ છું. મારે પણ મારા ભરવાડની ઓળખ મેળવી લેવી જોઈએ. આવનારની હાજરીથી આમ પ્રભાવિત થવાથી શોધકે મેલ્ખીસેદેકને પ્રશ્નો પૂછવાની હિંમત કરી.

શોધક - આવું શુભ કાર્ય આપે ક્યારથી કરવાનું શરૂ કર્યું છે?

મેલ્ખીસેદેક - આ દુનિયાની શરૂઆત થઈ ત્યારથી જ!

શોધક - શું કહો છો? તો તો તમે કોઈ મહાન દ્રષ્ટા હોવા જોઈએ. કૃપા કરીને તમારી વાત વીગતે મને સમજાવો. મારા પર આશિષ વરસાવી તમારા ચેલા તરીકે મારો સ્વીકાર કરો.

મેલ્ખીસેદેક - માનવજાતના ઉદ્ધાર માટે અવતાર ધરીને દુનિયા પર આવ્યાંને હજી મને બે હજાર વર્ષ થયાં નથી પણ મારૂં અસ્તિત્ત્વ તો અનાદિ છે. હું તો સનાતન પિતા છું (યશા. ૯;૬ : યો. ૧૪;૯). હું તો 'નેકીનો રાજવી' અને 'શાંતિનો સરદાર' છું. હું જ 'યાજક' પણ છું. મારી પેઠે રાજા અને યાજક બંને પદવી કોઈ માણસ ધારણ કરી શકતો નથી. વળી આ દુનિયાની દૃષ્ટિએ જોતાં મારે "કોઈ વંશાવળી નથી" (હેબ્રી. ૭:૨,૩; લૂક ૧:૩૦-૩૬). મેં અવતાર ધર્યો તે પહેલાં પણ મારા ચાહકોને હું દર્શન આપતો રહેતો હતો. હું તેઓને સહાય કરતો અને તેઓ ધન્ય ધન્ય થઈ જતા (ઉત્પ. ૧૪: ૧૮,૧૯; યોહાન

૭; ૫૬-૫૯ અને દાની. ૩:૨૬). તમારી પ્રાર્થનાઓના જવાબમાં હું તમને દર્શન દેવા આવ્યો છું. હવે તમને શાંતિ, વિસામો અને અનંતજીવન પ્રાપ્ત થશે.

શોધક - (આ વાતનું સત્ય પૂર્ણ રીતે સમજાતાં શોધક એકદમ મેલ્ખીસેદેકના પગે પડ્યો અને બોલી ઊઠયો) "હે મારા ઈશ્વર! મારા પિતાજી! આજે મારા જીવનનો પેદા કરનાર અને તેનો સ્વામી હું જોઈ શક્યો છું. હવે મને બધું મળી ચૂક્યું છે પછી દુનિયાના લાભહાનિની મને કશી પરવા નથી. આજથી હું તમારો બાળક બનીને આપનો ગુલામ થઈ રહું છું. દુનિયામાં તમે જ મારું સર્વસ્વ છો. પણ આ તમારા અપાત્ર અને દુખિયારા સેવકથી તમે આજ સુધી કેમ છુપાઈ રહ્યા હતા, મારા પ્રભુ?"

મેલ્ખીસેદેક - આજ સુધી હું તમારી આગળ પ્રગટ થયો ન હતો કારણ કે એ માટે તમારું મન તૈયાર કરવાની જરૂર હતી. એક રીતે જોતાં તો હું હંમેશાં તમારી સાથે જ રહું છું. માણસને જ્ઞાનેન્દ્રિયો મારફતે બાહ્ય દર્શન થાય તે કરતાં તેના હૃદયમાં અને આત્મામાં આવિષ્કાર થાય તે વધુ ઈચ્છવા જોગ છે. તમારા પર આવી પડેલી આફતોને લીધે તમારું મન પરિપક્વ થયું છે. દુઃખ અને યાતનાઓ દ્વારા સત્યના શોધકો મારી પાસે આવી શકે છે. એથી માણસનો આત્મા ઉન્નત થાય છે. મારી હાજરીથી આત્મા જાગૃત થાય છે. એ પ્રમાણે પ્રસાદી સમજવા અને તેનો ઉપયોગ કરવા માણસનું મન અદ્ભુત રીતે સચેત થાય છે. દુઃખો અને આપત્તિઓ માણસને તેને પોતાની અપૂર્ણતાનું દર્શન કરાવે

છે. તેને શાની જરૂર છે તેનો ખ્યાલ આપે છે. એથી તેને તૃપ્તિની ઝંખના થાય છે. છેવટે તે સમજે છે કે મારા વિના તેનો કોઈ આરો નથી.

શોધક - અહા! હું કેવો ભાગ્યશાળી છું! મારી ત્વચાનાં એકે એક છિદ્ર મુખ થઈ જાય તોપણ મારા હૃદયની લાગણીઓ વ્યક્ત કરી નહિ શકાય એવો ભારે જુવાળ હું અનુભવી રહ્યો છું. હે મારા ઉદ્ધારક! હું હવે સમજી શક્યો છું કે તમે મોઢાની સ્તુતિ ઇચ્છતા નથી પણ હૃદયનો આભાર ઝંખો છો! પણ જો હૃદયમાં તમારો વાસો હોય તો તે હૃદય આભારી થયા વિના રહી જ કેમ શકે? તેવા હૃદયમાંથી તો આનંદનો પ્રવાહ વહી નીકળે! હે મારા સર્જનહાર! મારી આજ સુધીની ઉદ્ધતાઈ તેમ જ અવળચંડાઈ માટે હું ક્ષમા યાચું છું, પણ મારા એક પ્રશ્નનો જવાબ આપી મને સંતોષ પમાડજો અત્યારે હું જે દર્શન માણી રહ્યો છું તે ખરેખર બનતી ઘટના છે કે મારા મનમાંથી ઉદ્ભવેલું સંદર્શન છે. આટલો ખુલાસો કરતા જાઓ, મારા પ્રભુ! આ દુનિયાના લોકો આવાં સંદર્શનોનું મૂલ્ય એ રીતે ઘટાડી દે છે. હું તો તમને મારી આગળ એક જીવતી જાગતી વ્યક્તિરૂપે જોઈ રહ્યો છું.

મેલ્ખીસેદેક - વત્સ, આ દુનિયાના વિદ્વાનોના અભિપ્રાયની પરવા કરવા જેવું નથી. તેમાંના ઘણાખરા ધર્મરહિત અને સ્વાર્થવૃત્તિથી દોરવાતા હોય છે. એને લીધે તેમના વિચારો અવળા માર્ગે ચઢી જાય છે. તેઓ તો અંધને માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરનારા અંધ જેવા છે. ઈશ્વરે

વિશ્વ સર્જ્યું છે અને ઈશ્વરના આધારે જ વિશ્વ ચાલે છે પણ તેથી સર્જન પોતે કંઈ ઈશ્વર થઈ શકતું નથી કે તે કંઈ ઈશ્વરનો અંશ પણ ગણાય નહિ. તેમ છતાં ઈશ્વરથી અલગ રીતે આપમેળે વિશ્વહયાતી ધરાવી શકતું નથી. પણ આ ઉપરથી એવું તો ન જ તારવી શકાય કે સર્જનનું ખરું અસ્તિત્વ નથી; પણ બધું કલ્પનારૂપ કે માયારૂપ છે. એ અભિપ્રાય સત્ય નથી. ખરું જોતાં તો મારા ભક્તોનાં સર્વ દર્શનો તેમ જ તેમના આધ્યાત્મિક અનુભવો એ કંઈ તેમના મગજમાં ઉદ્ભવેલા કલ્પનાના ઘોડા હોતા નથી પણ વાસ્તવિક અને સત્ય બનેલા અનુભવો હોય છે. મારી સાથે થતી સંગતનું એ સ્વાભાવિક પરિણામ કહેવાય.

શોધક - પ્રભો! આજનો મારો આ દિવ્ય અનુભવ મારી નિર્બળતાને કારણે ખોઈ ન બેસું એટલી કૃપા કરો. આવી સંગત પ્રત્યે હું કદી જ ઉપેક્ષા ન સેવું અને અંત સુધી વફાદાર થઈને રહું તેવું વરદાન આપો. તમારા સેવક તરીકે જીવન ગાળવાનો લહાવો મને આપો.

મેલ્ખીસેદેક - તમારે સતત જાગૃત રહી પ્રાર્થના કરતા રહેવાની જરૂર છે. તમારું બધું દ્રવ્ય તમે ગુમાવી બેસો તોપણ મનમાં શાંતિ રાખવી. એ બધું ભૌતિક દ્રવ્ય તો વહેલા મોડા છોડવાનું જ છે. પણ હવે જે આધ્યાત્મિક દ્રવ્ય તમને મળ્યું છે તે જો પોતે ખોઈ ન નાખો તો તમારી પાસેથી ઝૂંટવી શકવાનું નથી. આ દુનિયામાંની તમારી હાલત એક વિશાળ નદીમાં હોડીમાં બેઠેલા એક માણસ જેવી છે. તોફાન થતાં હોડી પવનથી ઊંધી વળી જવાથી

માણસ પોતાનું સર્વસ્વ લઈને નદીના અગાધ પાણીમાં પડી જાય છે. હોડી અને તેમાંનું સર્વ કંઈ તોફાનથી નદીમાં ડૂબી જાય પણ માણસ તરીને મહાપ્રયાસે કાંઠે પહોંચે છે. તે સમયે તેના ખિસ્સામાં બચેલા થોડા સિક્કા સિવાય તેણે સર્વસ્વ ગુમાવી દીધું છે. પણ કાંઠે પહોંચ્યા પછી કેટલાક ચોરનો ભેટો થતાં બચેલાં નાણાં પણ તેઓ પડાવી લે છે. ટૂંકમાં કહીએ તો તે જિંદગી પૂરેપૂરી હારી બેઠો એમ કહેવાય. પણ ખરો માણસ આ બધાંની પરવા કરતો નથી. તેના હૃદયમાં સાચી શાંતિનું દ્રવ્ય ભરપૂર બનેલું છે એ શાંતિ તેની પાસેથી કોઈ છીનવી શકે તેમ નથી (યો. ૧૪:૨૨). એટલે તે પ્રભુનો આભાર માનતાં ગાયન ગાવા લાગે છે, અને ઈશ્વરના ગુણગાન કરતો કરતો પોતાને માર્ગે પડે છે, અને પોતાના કાર્યમાં લાગુ થઈ જાય છે.

તમારે પણ એમ જ થયું છે. તમારું માન મરતબો અને સમૃદ્ધિ બધું જતું રહ્યું છે. માટે ઈશ્વરનો આભાર માનો. હૃદયમાંથી સર્વ નકામાં વાનાં નીકળી જવાથી ત્યાં અવકાશ થાય ને તેમાં સાચું અને શાશ્વત દ્રવ્ય સંગ્રહી શકાશે. "જુઓ, હું હંમેશાં તમારી સાથે છું." માટે તમે જઈને "મારાં હલવાનોનું પોષણ કરો" (યો. ૨૧;૧૭).

એ પછી માથું નમાવીને સત્યશોધક મેલ્ખીસેદેકને પગે લાગ્યો અને આભારની લાગણી વ્યક્ત કરી. તેવામાં મેલ્ખીસેદેક તેને આશિષ આપતાં આપતાં અલોપ થઈ ગયો.

પછી શોધકે સ્વસ્થ મને ઊઠીને પોતાના પ્રભુની સેવામાં તનમન લગાડ્યું.

# ૨. એક સંત તત્ત્વજ્ઞાની

જૂના જમાનામાં એક સંતપુરુષ થઈ ગયા. તે રોજનું કાર્ય પતાવ્યા પછી જંગલમાં જઈ એક ગુફામાં એકાંતમાં બેસી ધ્યાન તથા મનનમાં તલ્લીન થઈ જતાં. તેઓ અન્યના હિત માટે પ્રાર્થના કરવામાં ઘણો સમય ગાળતા. એક દિવસ એક તત્ત્વજ્ઞાની તે રસ્તે પસાર થતો હતો. તેણે આ સંતને આ પ્રમાણે ઘૂંટણે પડીને પ્રાર્થનામાં તલ્લીન થઈ ગયેલા જોયા. થોડી વાર તો તે સ્તબ્ધ બનીને એમને જોઈ રહ્યો. પછી નજદીક જઈ ટકોરા મારી તેમનું ધ્યાન દોરવા પ્રયત્ન કર્યો. સંત ખૂબ ધ્યાનમાં હોવાથી પ્રથમ તો તેમને ખબર પડી નહિ. લગભગ અર્ધો કલાક રાહ જોયા પછી તત્ત્વજ્ઞાની ત્યાંથી ચાલ્યા જવાનો વિચાર કરતો હતો તેટલામાં સંતે પોતાની આંખો ઉઘાડી. તત્ત્વજ્ઞાનીને જોતાં જ તેને પાસે બોલાવી આસન આપી બેસાડ્યો. થોડીવાર બંને શાંત થઈને બેસી રહ્યા પછી તત્ત્વજ્ઞાનીએ મૌન તોડીને પ્રશ્ન પૂછ્યો, "આપ જાણો છો કે આ ગુફા તો લૂંટારાની ગુફા તરીકે લોકોમાં વગોવાય છે?"

સંત - હા, ભાઈ મને ખબર છે કે અહીં રાતના સમયે લૂંટારાનો અડ્ડો જામે છે. પણ શહેરની ગીર્દીની ધમાલિયા જીવનમાં મને જોઈતી નિરાંત કે એકાંત મળતાં નથી. ત્યાંના ક્ષુબ્ધ વાતાવરણમાં મારા ભજનની એકાગ્રતા જામતી નથી, કારણ કે ત્યાં ઘડી ઘડી અવરોધ આવ્યા કરે છે. તેથી મારું મન ચલિત થઈ જાય છે. એવા સંજોગોમાં ધ્યાન કે ભજન કરવાથી મને કે કોઈને લાભ થતો નથી. ગુફા મને

બહુ જ માફક આવી ગઈ છે. મારું કામ પૂરું કરીને અહીં આવીને હું ધ્યાનમાં બેસી જાઉં છું. શહેરના ઘોંઘાટભર્યા જીવનથી છૂટીને અહીં આવી આ શાંત વાતાવરણમાં પ્રભુની મધુર સંગત માણતાં મને ખૂબ વિસામો મળી જાય છે. અહીં મને તેની પવિત્રતાના સૌંદર્યનું પાન કરવાનું મળે છે. અહીં મારો સમય ઈશ્વરની સંગતમાં અને બીજાઓ માટે પ્રાર્થના કરવામાં ક્યાં વીતી જાય છે તે જ ખબર પડતી નથી. એથી મને તેમ જ બીજા અનેકને લાભ થયો છે. ચોર લૂંટારા અવારનવાર અહીં આવી જાય છે ખરા પણ મને કશી રોકટોક કરતા નથી. એમાંના એક જણે મને એક વાર વાત કરતાં કહેલું "ભગત, અમે કંઈ મૂરખ કે આંખ વગરના તો નથી, હોં કે! અમે જેમને લૂંટી લઈએ છીએ કે ઠગી લઈએ છીએ તો અમારા જેવા ખુલ્લા લૂંટારા નહિ હોય પણ આડકતરી રીતે બીજાને લૂંટવા જાતજાતની યુક્તિઓ લડાવવામાં તેઓ અમને પણ પાછળ પાડી દે તેવા હોય છે." મારે કોઈને ખુલ્લા પાડવા નથી કે નથી સરકારમાં બાતમી આપવી. સરકાર બહુ બહુ તો તેમને થોડી શારીરિક સજા કરે પણ તેથી તેમનાં મન ઓછાં જ સુધરવાનાં હતાં? ઊલટું ઘણી વાર તો માર ખાઈ ખાઈને તેઓનાં મન નઠોર થઈ જાય છે. હું તો ઈશ્વર પાસે રોજ માગું છું કે તેમના હૃદયનું પરિવર્તન થાય અને તેમને નવું જીવન મળે. એવી તેમના પર ઈશ્વરની કૃપા થાય. મને લાગ્યું છે કે તેમનામાં પરિવર્તન જણાવા લાગ્યું છે અને કોઇ કોઈમાં જીવનપલટો થયેલો જણાય છે. તેઓ સારા નાગરિક થયા છે અને બીજાઓને શ્રેષ્ઠ માર્ગદર્શન આપવા

લાગ્યા છે. જેમ સમાજમાં મારી સેવાનું કાર્ય ચાલી રહ્યું છે તેમ જ અહીં જંગલમાં પણ ઈશ્વરકૃપાથી એવું જ કાર્ય ચાલુ છે.

સંત - મારા કહેવાનો અર્થ સ્પષ્ટ છે. આપણો ઈશ્વર મૌન રહેનાર ઈશ્વર છે. કોઈ માણસે હજી તેને બોલતો કે અવાજ કરતો સાંભળ્યો નથી. આ મૌન ઈશ્વરની વાણી સાંભળવી હોય તો આપણે મૌનવ્રત લઈને તેની હજૂરમાં ખડા રહેવું જોઈએ. આપણે એ પ્રમાણે આપણું ચિત્ત તેના પર એકધ્યાનથી લગાડીએ તો વાણી કે ભાષા વગર જ હૃદયના અંતરતમ ઊંડાણમાં તે આપણા આત્મા સાથે વાર્તાલાપ કરે છે. ઈશ્વર પોતે આત્મારૂપે હોવાથી માણસના આત્મા સાથે આધ્યાત્મિક રીતે જ વ્યવહાર કરે છે. માણસનો આત્મા ઈશ્વરની હાજરીથી ભરપૂર થાય છે. તેમાં નવું જીવન પુરાય છે. તે તેને પુનર્જિવિત કરીને સદાકાળને માટે તાજગીથી ભરપૂર રાખે છે.

ઈશ્વર શાંતિમય પદ્ધતિથી કાર્ય કરે છે. માણસને ઈશ્વરના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવેલો હોવાથી તે પણ મૌન રહીને જ વિચાર, લાગણી, સ્મૃતિ અને સંકલ્પની પ્રક્રિયાઓ કરે છે અને વિવિધ રીતે અમલમાં મૂકે છે. ટૂંકમાં કહીએ તો બધી મહાન બાબતો ચૂપકીદીથી શરૂ થતી આવી છે અને હજી એમ જ થયા કરે છે. માણસ બીજાની સહાય ઇચ્છે કે બીજાને સહાય દેવા જાય ત્યારે જ વાણીનો ઉપયોગ કરવાનો થાય છે. ઈશ્વરને તો કોઈને સહાય લેવી પડતી નથી એટલે તે ગૂપચૂપ બધું સર્જન કરે છે

અને તેને ટકાવી રહે છે, પણ અવળે માર્ગે ભટકી ગયેલાને જ્યારે બોલાવવાની જરૂર પડે છે ત્યારે પેગંબરો અને સંતોની વાણી મારફતે તેઓને સંબોધે છે. સમયની પરિપૂર્ણતાએ તે પોતે અવતાર ધરીને માણસ થયો ત્યારે તેણે પોતે માણસો સાથે વાણીવ્યવહાર કર્યો અને તેમના ઉદ્ધારનું કાર્ય પૂર્ણ કર્યું.

ધ્યાન ધરવું કે પ્રાર્થનામાં સમય ગાળવો એને કેટલાક આળસ અને બેપરવાઈ ગણે છે, તે બરાબર નથી. પણ મનન અને ચિંતન કરનાર તો સત્યના સાગરમાં ડૂબકી મારીને અમૂલ્ય મોતી શોધી લાવવાનું કાર્ય કરે છે. એ રીતે ડૂબકી મારનારને પોતાને જ નહિ પણ બહુજન સમાજને પણ લાભ થાય છે. ડૂબકી મારનાર નીચે પાણીમાં હોય ત્યાં સુધી પોતાનો શ્વાસ રૂંધી રાખે છે તેમ જ મનન અને ચિંતનમાં બેસનાર પણ પોતાની ખોલી બંધ કરીને શાંતિના વાતાવરણમાં એકાંતમાં દુનિયાના ઘોંઘાટથી મન ચલિત થઈ ન જાય તેવી રીતે બેસે છે. આ સંસારસાગરમાં અશાંત જીવનમાં પ્રાર્થનાની મદદથી માણસ પવિત્ર આત્માનો શ્વાસ લઈ શકે છે. એ વડે જ આધ્યાત્મિક જીવન ટકી રહે છે.

તત્ત્વજ્ઞાની - હું મારા પોતાના અનુભવ પરથી એ પુરવાર કરી શકું છું કે મારે કોઈ પણ વિષય પર તર્કબદ્ધ વિચાર કરવો હોય તો તદ્દન એકાંતમાં શાંતિમય વાતાવરણનો આશરો લેવો પડે છે. તે વિના એકાગ્રતા કેળવવી અશક્ય થઈ પડે છે. વ્યવસ્થિત રીતે વિચારસરણી ગોઠવ્યા વિના ચોક્કસ ધ્યેય પર શી રીતે પહોંચી શકાય?

છતાં આ બધી દલીલો સાંભળ્યા પછી પણ તમે જે ગુપ્ત ઈશ્વરની વાત કરો છો તેની હયાતી વિષે મને ખાતરી થઈ શકતી નથી. તમે તો એ ઈશ્વરને તત્ત્વસાગર કે સત્યસાગર કહીને ઓળખાવો છો. ઈશ્વરની હયાતી વિષે વધારે સચોટ દલીલો તમારી પાસે છે?

સંત - મને તો મારા પોતાનામાં, તેમ જ મારી આસપાસ અનેક સાબિતીઓ નજરે પડે છે. હું પોતે હયાત છું એની ખાતરી મને પડે છે, તેવી જ એ હયાતીની ખાતરીઓ પણ મને તો લાગે છે. અરે મારી પોતાની ખાતરી કરતાં વિશેષ સચોટ ઈશ્વર વિષેની સાબિતીઓ મને લાગે છે. આપણે ઈશ્વર વિષે જ્ઞાન મેળવવા પ્રયત્ન આદરીએ તે પહેલાં આપણે આપણને પોતાને બરાબર ઓળખી લેવા જોઈએ. પોતાને ઓળખી લેવાથી માણસને ઈશ્વરના સ્વરૂપે અને પ્રતિમા પ્રમાણે બનાવેલું હોવાથી ઈશ્વરને ઓળખવાનું વધુ સરળ થશે. છતાં આપણે એક સૂત્ર હંમેશાં યાદ રાખવું કે માનવી જ્ઞાન અને ગ્રહણશક્તિની મર્યાદાથી ક્યાંય ઊંચે ઈશ્વર છે. જો માનવી બુદ્ધિથી ઈશ્વરનો પાર પામી શકાય તો પછી ઈશ્વર ઈશ્વર રહે નહિ પણ માનવીની કક્ષાએ આવી જાય!

લોકોનો અનુભવ બોલે છે કે બાળક જેવા નિર્દોષ ઈશ્વરી પ્રેમથી ભરપૂર હૃદયમાં ઈશ્વરનો વાસો હોય છે. જેમ તાપણીની જવાળા પર હાથ ધરવાથી ગરમી લાગે છે અને અગ્નિની હયાતીની ખબર પડે છે તેમ ઈશ્વરની મધુર જીવનદાયક સંગત અને તેના સંપર્કનો જે અનુભવ ભક્તોને

થાય છે તે જ ઈશ્વરની હયાતીનો સૌથી મોટો પુરાવો છે.

જગતિક કે ઈન્દ્રિયગમ્ય જ્ઞાન વિના પણ ઈશ્વરની ઓળખ મેળવી શકીએ છીએ. દાખલા તરીકે, એક તદ્દન મૂંગા, બહેરા અને અંધ માણસને હું ઓળખું છું. પંદર વર્ષનો હતો ત્યારે સ્પર્શની સંજ્ઞાઓ વડે તેને પૂછવામાં આવ્યું કે તમને ઈશ્વરની ઓળખ છે? ત્યારે નિશાની દ્વારા તેણે સમજાવ્યું કે "બહારની દુનિયાને લાગેવળગે છે ત્યાં સુધી તો મારું જ્ઞાન તદ્દન નજીવું છે પણ મારી સમજ પ્રમાણે મારી જરૂર જેટલો હું મારા સર્જનહાર અને માલિકને તો ઓળખું છું. મારી અંતર્દષ્ટિથી હું તેનું હંમેશા દર્શન કરું છું અને તેની મધુર સંગતમાં આનંદ કરું છું." (રૂમી. ૪;૧૯). બોસ્ટનની વિખ્યાત વિદુષી હેલન કેલરનો અનુભવ પણ એવો જ જણાય છે. બાર વર્ષની ઉંમરે ડો. બ્રુક્સે પહેલ-વહેલી ઈશ્વર અને તેના પ્રેમની વાત તેને કરી ત્યારે તે બોલી ઊઠી, "હા, હા, આ બધું તો હું પહેલેથી જાણું છું. ફક્ત મને એના નામની ખબર ન હતી!"

તત્ત્વજ્ઞાની - વારું, એ મુદ્દા પર મારે તમારી સાથે વિવાદમાં ઊતરવું નથી. પણ જગતનો ત્યાગ કરવો એટલે શું એ જરા સમજાવશો? એનો અર્થ એવો થાય ખરો કે તમે જગતનો તિરસ્કાર કરો છો અને તમારી જાતને જગત કરતાં ચઢિયાતી ગણો છો? તમે કેમ સંસાર ત્યાગ કર્યો છે?

સંત - મને પણ વાદવિવાદ પસંદ નથી. આપણે તો પરસ્પર વિચારોની આપલે કરી રહ્યા છીએ. હવે તમારો પ્રશ્ન.

તમે ખાતરીથી માનજો કે હું બીજા કરતાં સહેજ પણ ઉચ્ચ છું એવો તો સ્વપ્ને પણ ખ્યાલ કરી શકતો નથી. ઈશ્વર મને એવા ભાવથી બચાવે! બીજા માણસો જેવો જ હું પણ નિર્બળ પાપપૂર્ણ માણસ છું. પણ ઈશ્વરની કૃપા મને બચાવીને ટકાવી રાખે છે. મેં જગતનો ત્યાગ કર્યો છે. એમ કહેવું તે પણ બરાબર નથી. મેં જગતનો ત્યાગ કર્યો જ નથી અને એવી ઇચ્છા પણ નથી. પણ જગતમાં જે કંઈ ભૂંડું છે તેને હું ધિક્કારું છે. પાપનો ત્યાગ કરવાનો પ્રયાસ હું કરી રહ્યો છું. આપણે જીવતા હોઈએ ત્યાં સુધી જગતનો ત્યાગ કરવાનું અશક્ય છે. મારા આધ્યાત્મિક જીવનમાં જે જે વાનાં રૂકાવટ કરે છે તેમનો ત્યાગ કરવા હું પ્રયાસ કરી રહ્યો છું. આપણે શહેર કે ગામ છોડી જંગલમાં જઈને રહીએ પણ જંગલ પણ દુનિયાનો જ એક ભાગ છે એ શી રીતે ભુલાય? આ દુનિયાના માંડવામાં રહીએ ત્યાં સુધી દુનિયાનો ત્યાગ શક્ય નથી, એવી વાતો હાસ્યાસ્પદ ગણાય. આપણું શરીર ભૌતિક રીતે દુનિયા સાથે જોડાયેલું છે એટલે ગમે ત્યાં જઈએ પણ દુનિયા સાથેનો સંબંધ તોડી શકાય તેમ નથી. મરણ આવીને એ સંબંધ કાપી ન નાખે ત્યાં સુધી એ સંબંધ અખંડ રહે છે. ખરું જોતાં તો આ દુનિયામાં આપણું અસ્તિત્વ રહે ત્યાં સુધી તેની સાથેનો સંબંધ કાપી નાખવાનો વિચાર ઈશ્વરને પસંદ નથી. આ દુનિયામાં ઈશ્વર આપણને મોકલે છે અને તેમાં જ આપણે જીવન ગાળીએ એમ તે ઇચ્છે છે. જો દુનિયાનો સંબંધ તોડાવી નાખવાની તેની ઇચ્છા હોત તો તેણે આપણને એમાં મૂક્યા શા માટે? પણ ઈશ્વરનો શુદ્ધ સંકલ્પ એવો છે કે

આપણે આ દુનિયાનો યોગ્ય ઉપભોગ કરીએ અને અહીં પ્રવાસમાં છીએ ત્યાં સુધીમાં સ્વર્ગીગૃહમાં વસવા માટે લાયકાત કેળવીએ. (આપણો આ દુનિયા પરનો સમય તો અજમાયશી છે.)

તત્ત્વજ્ઞાની - તમે બીજા કરતાં ચઢિયાતાનો હોવાનું કહો છો વળી તમે પોતે અશક્ત અને પાપમય હોવાની કબૂલાંત કરો છો તો પછી સામાન્ય જન અને સંત એ બેમાં ફેર ક્યાં હતો? તમે સંત શાના કહેવાઓ છો?

સંત - તમને સોક્રેટીસની એક વાત યાદ હશે. સોક્રેટીસ પ્રખ્યાત ગ્રીક તત્ત્વજ્ઞાની હતો. એક વખત કોઈ સાથે વાત કરતાં તેણે એમ કહ્યું કે મારા જીવનમાં એક જ વાત હું સારી પેઠે ગ્રહણ કરી શક્યો છું કે મારામાં કંઈ જ જ્ઞાન નથી. એ સાંભળી કોઈએ પ્રશ્ન કર્યો કે આવા મોટા તત્ત્વજ્ઞ થઈને શું તમે એમ કહો છો કે મારામાં કંઈ જ્ઞાન નથી ? તો પછી તમારામાં અને બીજી સામાન્ય જનતામાં શો ફરક? તેણે જવાબ દીધો કે ફરક તો એક ઘણો મોટો છે. હું પોતે સમજું છું કે મારામાં જ્ઞાન નથી પણ બીજા લોકો તો પોતે અજ્ઞાન છે તે પણ સમજતા નથી.

મારી વાત પણ આના જેવી છે. હું જાણું છું કે હું દુર્બળ અને પાપી છું. પણ બીજા લોકો તો પોતાની એવી દશા છે એટલું પણ જાણતા નથી. પછી પાપમાંથી છૂટવાનો ઉપાય શોધવાની વાત જ રહેતી નથી અને એમ પોતાના પાપમાં જ મરે છે.

લોકો મને સંત કહે તો તેમાં તેમની ભૂલ ગણાય. હું તો મારા પવિત્ર પ્રભુની નિકટની સંગતમાં રહી સંતપદ પ્રાપ્ત કરવા પ્રયાસ કરી રહ્યો છું. પણ હું સંત થઈ ગયો છું એવો દાવો તો મારાથી કરાય જ નહિ. જોકે મારા પ્રિય ઉદ્ધારકના સંગથી મારા મનમાં શાંતિનો અપૂર્વ અનુભવ થયા કરે છે એવું હું બેધડક જાહેર કરવા તૈયાર છું. આ શાંતિ એવી અદ્‌ભુત છે કે કોઈ સામાન્ય માનવીના કળ્યામાં આવે. એનો આનંદ વાણીમાં ઉતારવા દુનિયાની કોઈ ભાષા સમર્થ નથી. દુનિયાના લોકોને તો એની ઝાંખી પણ થવાની આશા નથી.

તત્ત્વજ્ઞાની - દુનિયાના લોકો કે આધ્યાત્મિક લોકો સંબંધીનો આ વિષાદ આપણે અહીં પડતો મૂકીએ. પણ એક બીજો પ્રશ્ન પૂછી લઉં. જો આ સ્વર્ગી આનંદ અને અનુભવ માનવવાણીમાં વર્ણવી શકાય તેમ ન હોય તો પછી માણસ અને મૂંગા પ્રાણીમાં શો ફરક ? એક પ્રાણી પોતાને થતી લાગણીઓ કહી શકતું નથી એ કુદરતી છે પણ માણસને ઈશ્વરે વાચા આપી બોલતો કર્યો છે. છતાં જો તે એમ કહેવા માડં કે આ તો વાણી દ્વારા કહી શકાય તેમ નથી તો પછી તે પણ એટલા પૂરતો પ્રાણી જેવો જ બની જાય છે. તો પછી માણસની પ્રાણી કરતાં વિશિષ્ટતા શી ? મને તો લાગે છે કે બધા આધ્યાત્મિક અનુભવો મનની કલ્પના જ હોવી જોઈએ.

સંત - કૃપા કરી બધું ભેળસેળ ન કરી નાખો. પણ આટલી તો ખાતરી રાખજો કે આધ્યાત્મિક અનુભવો કંઈ

કાલ્પનિક હોતા નથી. તે તો તદ્દન વાસ્તવિક હોય છે. આધ્યાત્મિક ભાવનાવાળા લોકોના જીવન દ્વારા એ પુરવાર થતું નથી દેખાતું? આધ્યાત્મિક વાનાં આધ્યાત્મિક રીતે જ વિચારી શકાય કે વર્ણવી શકાય (૧ કરિં. ૨; ૧૩-૧૫). માણસ અને પ્રાણી વચ્ચેનો ભેદ તો વિવિધ રીતે સમજી શકાય છે. અતિ ગહન આધ્યાત્મિક વિચારો અને ઊંડા અનુભવો સિવાય બીજી બધી માનવી વૃત્તિઓ અને લાગણીઓ માનવી પરિભાષામાં માણસ ઉતારી શકે છે. પણ ઉચ્ચ આધ્યાત્મિક અનુભવોનું વર્ણન કરવા આધ્યાત્મિક પરિભાષાની જરૂર રહે છે. એથી ઉલટું, જીવ હોવા છતાં પ્રાણી કશું જ કહી શકતું નથી. પ્રાણીને વાચા નથી કે તેને કંઈ જ કહેવાનું હોતું નથી તેથી તે બોલતું નથી. એ સિવાય એક મોટો તફાવત માણસ અને પ્રાણીનો ભેદ સ્પષ્ટ બતાવી આપે છે.

પ્રાણીમાં પ્રાકૃતિક પ્રેરણાવૃત્તિ છે પણ માણસમાં સારાસારનો વિવેક છે. દાખલા તરીકે સુઘરી સેંકડો વર્ષથી એક જ પ્રકારનો માળો બાંધતી આવી છે. તેની રચના કે ઘાટમાં કશો જ પ્રકારનો વિકાસ જોવા મળતો નથી. આકાર અને બનાવટમાં હંમેશથી એક જ જાતના માળા બનતા આવે છે. બીજી બાજુ માનવી તો વિકાસશીલ છે. પ્રગતિ કરવા જૂનું છોડી નવું નવું ગ્રહણ કરવું પડે છે.જ્ઞાન વધારવા અને પ્રગતિ કરવા પ્રયાસો કરવા જ પડે. પણ પ્રાણી તો દોરવણી કે પ્રયત્ન વિના તેનું નિર્ધારેલું કાર્ય કર્યા કરે છે. મધમાખો કેવી રીતે મધપૂડા બનાવી તેમાં મધ

એકઠું કરે છે? ફૂલે ફૂલેથી તે મધ એકઠું કરી લાવે છે, પણ તેની બધી પ્રવૃત્તિ કુદરતી વૃત્તિના આધારે જ થાય છે. તેમાં કશો ફેરફાર થતો નથી એવી ચૂસ્ત તે હોય છે. તેમાં સુધારા માટે સહેજ પણ અવકાશ નથી. પણ માણસ તો વર્ષોના પરિશ્રમ અને ખંત દ્વારા સિદ્ધિઓ મેળવતો આવ્યો છે. ઈશ્વર સ્પષ્ટ રીતે ઇચ્છે છે કે માણસો ભારે પરિશ્રમ કરીને લડતા રહીને અનંત-જીવન પ્રાપ્ત કરે. તે સતત પ્રયત્ન દ્વારા તેના જેવો થતો રહે. ઈશ્વરે તેને પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે સર્જયો છે કે તેના જેવો થઈને ઈશ્વરના સામ્રાજયમાં આનંદનો ઉપભોગ કરતાં કરતાં વસવાટ કરે.

આ વાર્તાલાપ પૂરો કરી સંત અને તત્ત્વજ્ઞાની એક બીજાને ભેટ્યા. તત્ત્વજ્ઞાની ફરી આવવાની આશા સાથે પોતાના માર્ગે પડ્યો. સંતે ઘૂંટણે પડી થોડો સમય પ્રાર્થના કરી અને પછી પોતાના દૈનિક કામે લાગી જવા ગુફામાંથી બહાર નીકળ્યો.

# ૩. એક રાજા અને ખેડૂતની વાત

જૂના જમાનામાં એક રાજા થઈ ગયો. તે ન્યાયી અને ભલો હતો. તે પ્રજા પર ખૂબ ભાવ રાખતો હતો અને પ્રજાનાં સુખ દુઃખમાં ખૂબ હમદર્દી બતાવતો. લોકોની હાલત નજરે જોવા છૂપા વેશે તે પોતાના વિશાળ રાજ્યમાં ફરવા નીકળી પડતો. એ પ્રમાણે ફરતાં ફરતાં જ્યાં કંઈ દુઃખ, તકલીફ કે આફત જોવા મળે ત્યાં તાત્કાલિક બનતી મદદ કરતો અને તકલીફો દૂર કરી રાહત આપતો. આથી તે લોકોમાં ખૂબ પ્રિય થઈ પડ્યો હતો. એક વાર મજૂરના વેશમાં તે રસ્તા પર ચાલ્યો જતો હતો. તે વખતે માથે મોટું પોટલું ઊંચકીને બળદને હાંકી જતો એક વૃદ્ધ માણસ તેણે જોયો. તે પોતાના ખેતરે જતો હતો. રાજાને તેની આવી હાલત જોઈ દયા આવી. તે જરા ઝડપથી ચાલી તેની સાથે થઈ ગયો અને વાતચીત શરૂ કરી. તેણે કહ્યું, "કાકા, આ તમારું પોટલું લાવો હું ઉપાડી લઉં. ચાલો તમને તમારા ખેતર સુધી મૂકી જાઉં." ખૂબ ભારે પોટલાના વજનથી દબાઈ ગયેલા ડોસાએ આ શબ્દો સાંભળતા જ પોટલું ભોંય પર ઉતારીને દમ લીધો અને પછી કહેવા લાગ્યો, "આપ બહુ ભલા છો, મારાથી તેનો બદલો શી રીતે આપી શકાય?"

રાજાએ કહ્યું, "બદલો આપવાની વાત કરશો જ નહિ" એમ કહીને રાજાએ પેલું પોટલું ઊંચકી લીધું અને તે

વૃદ્ધ માણસની સાથે ચાલવા લાગ્યો. આ મદદ બદલ ડોસાએ તેનો ઘણો જ આભાર માન્યો અને તેનું નામઠામ પૂછવા લાગ્યો. પછી બંને જણ છાંયડે બેઠા. રાજાએ આવી મજૂરી કદી કરેલી નહિ તેથી તેને ખાસ્સો થાક લાગ્યો હતો. થોડો વિસામો લીધા પછી તેણે ડોસા સાથે વાત શરૂ કરી.

રાજા - મારું નામઠામ તો જાણ્યું ન જાણ્યું બધું સરખું છે. મેં જે મજૂરી કરી છે તેનું કશું લેવાનું નથી. પણ મને થાય છે કે આટલી ઉંમરે તમારે કેમ આવી મજૂરી કરવી પડે છે?

ખેડૂત - (આંખમાં આંસુ સાથે) હું તમને શી વાત કરું? એ તો બાંધી મૂઠી જ સારી. દુઃખમાં રોદડાં રડ્યાથી શો ફાયદો? મારા પર આવી પડેલી આપત્તિઓના વિચાર આવતાં જ મારું હૃદય ભાંગી પડે છે. મારાં દુઃખ અને ઘાની યાદ આવતાં તો હૃદયના ટુકડા ટુકડા થઈ જાય છે.

રાજા - એવું શું દુઃખ તમારા પર આવી પડ્યું છે? જરા મને કહો તો ખરા. મને તમારા પ્રત્યે લાગણી થાય છે અને જો બનશે તો હું તમને મદદ કરીશ. માટે મન માંડીને વાત કરો.

ખેડૂત - મારા દુઃખનું ગાણું તમારી આગળ ગાયાનો કશો અર્થ મને જણાતો નથી. પણ તમારો આગ્રહ છે એટલે હું લાચાર છું. તો સાંભળો મારા પર કેવી વીતી છે તેની કથની.

હું તો સાવ ગરીબ ગામડીઓ છું. મારે બે મોટા

દીકરા હતા અને હું મારું ઘડપણ તેમના આધારે ખેંચી કાઢવાની આશા રાખી રહ્યો હતો. ગયા વર્ષે આ પ્રદેશમાં ભારે દુકાળ પડ્યો. અમારા ગરીબો પર તો તેની કાતિલ અસર થઈ. મેં મારા એક દીકરાને પાસેના શહેરમાં ઘઉં લેવા મોકલ્યો. મારા દુર્ભાગ્યે બીજો દીકરો પણ તેની સાથે ગયો. શહેરમાં જઈને એક મોટા વેપારીની દુકાનેથી તેઓ અનાજ ખરીદતા હતા ત્યારે એક માણસ દૂર ઊભો ઊભો આ બનાવ જોઈ રહ્યો હતો. પાછળથી માલૂમ પડ્યું કે તે એક ડાકુ હતો. તેને વેપારી જોડે ભારે દુશ્મનાવટ હતી, કારણ કે પહેલાંના એક કેસમાં એ વેપારીએ ડાકુ સામે જુબાની આપી તેને સજા કરાવી હતી અને તાજેતરમાં જ તે જેલમાંથી છૂટીને આવ્યો હતો. તે પોતાનું વેર વાળવાનો લાગ ખોળતો હતો. મારા દીકરાઓએ અનાજ ખરીદીને હિસાબ પતાવ્યો. પછી તેઓ ઘર તરફ ચાલી નીકળ્યા. લાગ જોઈને પેલો ચોર વેપારીની દુકાનમાં ચૂપકીથી પેસી ગયો અને વેપારી પર અણધાર્યો હુમલો કરીને તેને મારી નાખ્યો; પછી ગલ્લામાં હતાં તે બધાં નાણાં ઊઠાવી નાસી ગયો. તે સમયે દુકાનમાં બીજું કોઈ હાજર ન હોવાથી આ બનાવની કોઈને ખબર પડી નહિ. થોડી વાર પછી વેપારીનો ગુમાસ્તો દુકાનમાં આવ્યો તો શેઠને લોહીલુહાણ હાલતમાં પડેલો જોયો. તેણે બૂમાબૂમ કરી મૂકી એટલે લોકો એકઠા થઈ ગયા અને થોડી જ વારમાં પોલીસ પણ આવી પહોંચી. પોલીસે તો તરત ગુમાસ્તાને ગિરફતાર કરી લીધો. ગુમાસ્તાએ વિચાર્યું કે હું તો શેઠના કામે બહાર ગયો હતો પણ હું ગયો ત્યારે બે ગામડિયા જેવા ક્રૂર માણસો

સાથે વેપારી સોદો કરી રહ્યા હતા. હું કામ પતાવી પાછો આવ્યો ત્યારે તે દુકાને ન હતા પણ મારા શેઠ મરેલા પડ્યા હતા. ગલ્લો પણ ખાલી પડ્યો હતો. સાથે સાથે ગુમાસ્તાએ સૂચન પણ મૂક્યું કે જો વહેલી તકે ગામડાના રસ્તે કોઈને મોકલવામાં આવે તો તે ગામડિયા હાથમાં આવી જાય પણ ખરા. પોલીસ જમાદારે એ સાંભળીને પાંચ પોલીસોને ગામડિયા પાછળ દોડાવ્યા, તેઓએ ઝટ મારા દીકરાને પકડી પાડ્યા અને બાંધીને પેલા શેઠની દુકાને પાછા લઈ ગયા. મારા દીકરા તો બિચારા નિર્દોષ હતા. અનાજ લઈ દુકાનેથી નીકળ્યા પછી ત્યાં શું બન્યું હશે તેની કશી ખબર તેમને ન હતી. એટલે તેઓ તો હોંશથી પોલીસ સાથે પોતાની નિર્દોષતા સાબિત કરવા આવ્યા. તેમણે તો કહ્યું અમે પ્રામાણિક ગામડિયા છીએ, કંઈ ચોરી લૂંટારા નથી, પૈસા ખરચીને અમે અનાજ ખરીદ્યું છે. દુકાનદાર પોતે અમારે માટે સાક્ષી પૂરશે. વળી મારા દીકરાઓ પાસે કશું હથિયાર ન હતું. તેમનાં કપડાં પર લોહીના ડાઘ પણ ન હતા. દુકાનદારનાં નાણાં કે તેની થેલી પણ તેમની પાસેથી મળી આવી ન હતી.

પોલીસો સાથે તેઓ વેપારીની દુકાને પહોંચ્યા ત્યારે વેપારીને ભોંય પર મરેલો પડેલો જોઈને તેઓ એકદમ સ્તબ્ધ થઈ ગયા. તેઓ તો ભોળા ગામડિયા હતા અને આવું જિંદગીમાં પહેલી વાર જ જોઈ રહ્યા હતા. આવું ભયંકર દૃશ્ય જોઈ તેઓ અવાક્ થઈ ગયા. તેમને ખૂબ જ બીક લાગી. તેથી મોંમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો

નહિ. આ જોઈને ત્યાં એકઠા મળેલા લોકોને લાગ્યું કે આ ગામડિયા જ દોષિત હોવા જોઈએ. પણ ટોળામાં કોઈ કોઈ શાણા માણસો પણ હતા. તેઓ સમજી શક્યા કે મારા દીકરા તો બિચારા નિર્દોષ જણાય છે પણ કદી નહિ જોયેલું જોવા મળતાં તેઓ અવાક થઈ ગયા લાગે છે. તેમણે મારા દીકરાનો પક્ષ લઈ તેમને છોડી મૂકવાનો પ્રયાસ કર્યો પણ પેલા પોલીસોએ તો કશું માન્યું જ નહિ. મારા દીકરાઓને નિર્દય રીતે ક્રૂર માર મારવામાં આવ્યો. તેમના શરીરમાંથી લોહી નીકળવા લાગ્યું અને મોટા દીકરાનું તો ભાન પણ જતું રહ્યું. તેનાં લૂગડાં લોહીથી ભીંજાઈ ગયાં. આ માઠા સમાચાર મને પહોંચ્યા એટલે મારું ઘર અને ખેતર પાડોશીને સોંપીને હું શહેરમાં પહોંચી ગયો, ત્યાં સરકારી અધિકારીઓ પાસે જઈને ધા નાખી. ખૂબ નમ્રતાથી વિવેકપૂર્વક મેં મારી અરજ ગુજારી. મેં તેમની પાસે દયા યાચી પણ મારા કાલાવાલા સાંભળીને તેઓ તો ઊલટા લાલચોળ થઈ ગયા. ગુસ્સામાં જ પકડી લેવાનો હુકમ છોડ્યો. મારો તિરસ્કાર કરતાં તે બોલ્યા "અરે ગમાર! ઘરડો થયો છતાં કંઈ અક્કલ આવી જણાતી નથી ? તારા દીકરાના શરીર પર વેપારીનું લોહી ક્યાંથી આવ્યું હશે એનો કંઈ ખુલાસો છે તારી પાસે? તે બિચારાનો જીવ ગયો અને તેનું લોહી ન્યાય માટે બૂમ મારી રહ્યું છે."

ભાઈ, આપણી સરકાર કેવી આંધળી છે? પોલીસો પણ કેવા નિર્દય છે તે તો જુઓ. લોકો ન્યાય માટે પોકાર કરે છે પણ ન્યાય જેવું જોવા મળતું નથી. એ કેવું વિચિત્ર

છે કે જુલમી અને દુષ્ટ લોકો આબાદ થઈ મહાલે છે અને ગરીબ નિર્દોષ લોકો દુઃખમાં પિલાયા કરે છે. મેં પોતે ત્યાં જોયું કે પેલો ગુમાસ્તો એક બીજા માણસની સાથે અધિકારીને ત્યાં આવ્યો અને નાણાંની થેલી ભેટ તરીકે આપી ગયો. અધિકારીઓએ હસતાં હસતાં એ લાંચ લઈ લીધી અને ઈશારાથી ત્યાંથી ચાલ્યા જવા સૂચવી દીધું. પછી મને ખૂબ ધધડાવ્યો અને આખરે છોડી મૂક્યો. દીકરાઓને ફરી ફટકા મરાવ્યા. ન્યાય કચેરીએ લઈ જઈ ન્યાયાધીશ આગળ તેમને ખડા કરી દીધા. મારા દીકરા તો નિર્દોષ હતા અને અંત સુધી એ જ વાત કહેતા રહ્યા પણ તેમની વાત કોઈએ કાને ધરી નહિ. પોલીસે એક ખોટો કેસ તૈયાર કરી દીધો કે મારા મોટા દીકરાએ જાણી જોઈને આ ખૂન કરેલું છે. નાના ભાઈએ એમાં મદદ કરી છે. ન્યાયાધીશે આ હકીકતને આધારે મોટા દીકરાને ફાંસીની સજા કરી. નાના દીકરાને સાત વર્ષની સખત કેદ ફરમાવી. મેં રડી રડીને ન્યાય માટે કાલાવાલા કર્યા પણ ગરીબની હાય કોઈ સાંભળનાર છે જ ક્યાં? થોડા દિવસ પછી પેલા લૂંટારાએ બીજા એક વેપારીનું ધોળા દિવસે બજારમાં ખૂન કર્યું. તે ત્યાંથી નાસવા તો ગયો પણ લોકો ફરી વળ્યા એટલે ઘેરાઈ ગયો અને પકડાઈ ગયો. પકડાયા પછી તેણે ગાંડા હોવાનો ઢોંગ કરવા માંડ્યો પણ આ વખતે તો લોકોએ સત્ય જોયું હતું તેથી અધિકારીઓને બીક લાગી કે તેને છોડી દેવા જતાં લોકો ઉશ્કેરાઈ જશે. આથી તેનો કેસ ચલાવ્યો અને તેને ફાંસીની સજા થઈ. જ્યારે તેને સમજ પડી કે હવે તો મોત સિવાય આરો નથી ત્યારે તેણે પોતાની આખરી કેફીયત

જણાવી તેણે કબૂલ કર્યું કે પહેલું ખૂન પણ તેણે કરેલું, તેના માટે બે ગરીબ ગામડિયા પર કેસ ચાલ્યો હતો અને તેમને સજા થઈ હતી. હવે મને તેને માટે ખૂબ પશ્ચાત્તાપ થાય છે. પહેલા ખૂનમાં મારો એક સાથી પણ હતો, તેનું નામ દેવા ઇચ્છતો નથી. પણ પોલીસ અને બીજા સરકારી માણસો તેને ઓળખે છે. લૂંટારાની આ વાત પરથી હું માનું છું કે વેપારીનો ગુમાસ્તો જ તેનો સાથી હોવો જોઈએ. તેઓએ સાથે જઈને અધિકારીઓને લાંચ આપી હતી. મેં એ ચોરને જોયો ત્યારે મને યાદ આવ્યું કે ગુમાસ્તાની સાથે આવનાર માણસ એના જેવો જ હતો. ચોરની આવી કેફીયત સાંભળીને ન્યાયાધીશે એકદમ જેલમાં તપાસ કરાવી કે પેલા નિર્દોષ ગામડિયાને ફાંસી દેવાઈ ગઈ છે કે નહિ? પણ હાય રેં નસીબ! એક અઠવાડિયા પહેલાં જ તેને ફાંસી અપાઈ ગઈ હતી. તેના ભાઈના મરણના આઘાતથી ઝૂરી ઝૂરીને નાનો દીકરો પણ ચારેક દિવસમાં મરણ પામ્યો હતો. મારા બંને દીકરાને ભૂમિને સોંપીને હું ખાલી હાથે મારા ગામ પાછો આવ્યો. હવે હું તદ્દન ભાંગી પડ્યો છું અને મારામાં કશી જ હામ રહી નથી. એક મહિના સુધી તો હું કશું કામ કરી જ ન શક્યો. હું તો દુઃખના દરિયામાં ડૂબી ગયો હતો. પણ પેટ તો વખત થયે માગ્યા વિના રહેતું નથી એટલે આ ઉંમરે આટલી અશક્તિમાં પણ મારે મજૂરી કરવાનો સમય આવ્યો છે. અરે મોત, તું ક્યાં સંતાતું ફરે છે? આ મર્ત્ય શરીરને આટલું બધું વેઠવાનું આવ્યું છે તેમાંથી છોડાવી લે!

રાજા - તમારી કથની સાંભળીને મને બહુ દુઃખ લાગે

છે; મને તો રૂંવેરૂંવે ક્રોધ વ્યાપે છે, પણ તમે તમારી અરજ રાજા આગળ ન કરી તેથી મને નારાજી થાય છે.

ખેડૂત - અરે ભાઈ, મેં તો થાય તેટલા ધમપછાડા કર્યા કે કેમ કરતાંયે ફરિયાદ રાજાજી સુધી પહોંચે પણ નીચેના અધિકારીઓએ મને જરા પણ ફાવવા દીધો નહિ. આખરે ન છૂટકે મારે મન વાળી કડવો ઘૂંટડો ગળી જવો પડ્યો. આપણા રાજા તો ઘણા ભલા અને દયાળુ છે પણ તેમના અમલદારોની વાત જ ન પૂછશો, તેઓ કશી વાત રાજાજી સુધી પહોંચવા જ દેતા નથી. મેં સાંભળ્યું છે કે રાજાજી કોઈ કોઈ વાર વેશ બદલીને નગરચર્યા જોવા નીકળી પડે છે. તે પોતે લોકોની હાલત તેમનાં દુઃખ વગેરેની જાતે પૂછપરછ કરી જાણવા પ્રયત્ન કરે છે. તેવા વખતે લોકો પોતાની આપવીતી સંભળાવી શકે છે, એ વિના તો બીજો કોઈ ઉપાય રહેતો નથી એટલે જે માથે પડે તે ભોગવ્યે જ છૂટકો.

રાજા - હવે જે થયું તે ના નથી. હું તો તમને મારાથી બની શકતી બધી મદદ કરવા માગું છું, પણ તમારા દીકરા તો હંમેશને માટે ગયા છે અને પાછા આવવાના નથી. માટે એ વિષે શોક કરવાનો મૂકી દો. નાના મોટા દરેક જણે સમય આવતાં એ વિષે જવાનું જ છે, કરતાનું તેડું કોઈથી પાછું વળાવાનું નથી, પણ બધું છોડી ચાલતું થવાનું છે, આ વાત ઘણી કરી હવે કાંઈ બીજી વાત કરીએ. તમારા ગામ વિષે તથા લોકો વિષે કંઈ વાત કરો.

ખેડૂત - ભાઈ, આ રાજમાં તો કોઈના ભાગ્યમાં રડવાનું છે તો કોઈના ભાગે ગીતો ગાઈ આનંદપ્રમોદ કરવાનું આવે છે. પણ દરેક જણાને પોતાના જીવન પૂરતું ઠીક ઠીક સ્વાતંત્ર્ય હોય છે, સૌ સૌના ઘરના રાજા છે. લોકોને પોતાના જીવનથી સંતોષ છે. મારો અનુભવ કહે છે કે ગરીબ બહુ દુઃખી નથી અને તવંગર બહુ સુખી નથી. જેમને જીવન માટે બહુ થોડાં વાનાંની જરૂર હોય છે તે વધુ સુખી હોય છે. પણ જેઓ પોતાની તૃષ્ણાઓ અને શોખ વધારી દે છે તેઓ કંઈ બહુ જીવંત જણાતા નથી, ગરીબો કરતાં તેઓની અધીરાઈ વધુ હોય છે. આ દુઃખ મારા પર આવી પડ્યાં તે પહેલાં હું તો પૂરેપૂરો સુખી હતો અને મારા જેટલો સુખી તો કદાચ રાજમહેલમાં રહેનાર રાજા પણ નહિ હોય, હવે ઈશ્વરે મને જે પરિસ્થિતિમાં મૂક્યો છે તેમાં પણ હું તો સંતોષી રહેવાનો પ્રયાસ કરી રહ્યો છું. ખરું જોતાં તો જેના મનમાં ઈશ્વરી શાંતિ હોય તેને ધન્ય છે. બાકી તો ગરીબ, તવંગર, ભિખારી કે રાજવી એ બધાં એ ઈશ્વરી શાંતિ વિના તો એક સરખાં જ દુઃખી હોય છે.

રાજા - ધારો કે તમને રાજા પોતાના મહેલમાં વસવા તેડું મોકલે તો તમને આનંદ થાય ખરો કે? તમને કેવી સ્થિતિમાં રહેવાનું ગમે?

ખેડૂત - ભાઈ, મને તો મારું ઝૂંપડું જ પ્રિય છે. શું મહેલમાં દુઃખ, શોક, અને મરણ નથી પહોંચી શકતાં? મારો અભિપ્રાય તો એવો છે કે મહેલમાં રહેનાર ખૂબ એશઆરામ કરે તેથી તેને સુખનો વધુ અનુભવ થતો નથી.

પણ પોતાની સુંદર નાની શી ઝૂંપડીમાં રહી મહેનત મજૂરી કરી સાદો ખોરાક ખાનાર વધુ સુખી હોવા સંભવ છે. મારો પ્રભુ મને જ્યાં જેવી દશામાં રાખે ત્યાં હું આનંદમાં જ રહું છું, મારી દુઃખશાળામાં હું ઘણા અમૂલ્ય અને અગત્યના પાઠો શીખ્યો છું, એ સંબંધી પહેલાં તો હું તદ્દન અજ્ઞાન જેવો હતો. મારા પુત્રોનાં મરણનો ઘા અસહ્ય છે અને તેમનો વિયોગ મારાથી વેઠાતો નથી. પણ આ બધું ક્ષણિક છે. હવે મારા દહાડા પણ પૂરા થવા આવ્યા છે, એક દહાડો મારે પણ મરણ નદી પાર કરવાની આવશે. આજે તો હું મારા ખેતરમાં ઘઉં વાવવા આવ્યો છું. આ દાણા થોડા દહાડામાં સડીને ખલાસ થઈ જશે, પણ તેમાંથી નવા છોડ થશે, પણ દેહમાંનો સડીને ખલાસ થઈ જશે. આ દેહનું મૃત્યુ થશે ખરું પણ દેહમાંનો આત્મા બદલાઈને નવું રૂપ ધારણ કરશે, તેનું કદી મૃત્યુ થવાનું નથી. દાખલા તરીકે જે દાણા વવાય છે તે જ દાણા ઊગતા દેખાય છે પણ ખરી રીતે તેમ નથી. વવાયેલા દાણા તો સડીને ખલાસ થઈ જાય છે પણ તે જૂના દાણામાંથી નવા દાણા પેદા થાય છે. તે જ પ્રમાણે આપણું મર્ત્ય શરીર મરણ પામશે અને કહોવાઈ જશે પણ આપણો આત્મા પોતાના સર્જનહારની પાસે ઊડી જાય છે. ત્યાં સદાકાળ સુધી વાસો કરશે (યો. ૧૨; ૨૮ : સભા. ૧૨;૭). ત્યાં દુઃખ, મરણ, વિલાપ કે કષ્ટ કશું અનુભવવાનું રહેશે નહિ (પ્રકટી. ૨૧; ૨, ૩).

રાજા - (આ જવાબથી ખુશ થઈને) કાકા, તમે એમ ન માનતા કે તમારો ભાર ઊંચકીને મેં તમારા પર પાડ

ચડાવ્યો છે. ઊલટું તમારી આવી વાતોથી મારા હ્રદયમાં બળનું સિંચન થયું છે, એટલે તમારા કરતાં મને આ મેળાપથી વધારે લાભ થયો. એટલે હું તમારા આભાર નીચે આવ્યો છું. હવે મારી આટલી જિજ્ઞાસા પૂરી કરો : "આવું ઈશ્વરી જ્ઞાન તમને ક્યાંથી મળ્યું?" તે મને જણાવો.

ખેડૂત - હું જ્યારે મારા ભારે દુઃખમાં અને નિરાશામાં ડૂબી ગયો હતો ત્યારે એક ખ્રિસ્તી ભાઈ અવારનવાર મારી મુલાકાતે આવતા હતા. તેઓ મારા દુઃખમાં ખૂબ હમદર્દી બતાવતા એટલું જ નહિ પણ આધ્યાત્મિક બાબતોમાં મને ખૂબ જ સહાય કરતા. મને દિલાસો આપતા અને ઈશ્વરી સત્ય વાનાં સંબંધી શિક્ષણ આપતા. તેમણે એમ પણ જણાવેલું કે જેમ આપણા રાજા છૂપા વેશે રાજમાં લોકોની હાલત જાણવા ફરવા નીકળે છે તે જ પ્રમાણે રાજાઓનો રાજા પણ માણસનું રૂપ ધરીને આ દુનિયામાં આવીને રહી ગયો છે. તેણે પોતાના લોકોની હાલત જોઈ અને તેમને અનેક રીતે સહાય કરી તેમને આશ્વાસન આપ્યું અને શિક્ષણ પણ આપ્યું. તેનો આપણા પર બહુ ઊંડો પ્રેમભાવ હતો તેથી વધસ્તંભ પર આપણા છુટકારા માટે પોતાની જાતને હોમી દીધી. તેણે આખી દુનિયાનાં પાપ માટે પોતાનું બલિદાન ધરી દઈને પાપીઓના તારણનું કાર્ય પૂર્ણ કર્યું છે, તેણે માનવજાતને માટે સ્વર્ગનું દ્વાર ખોલ્યું છે કે "જે કોઈ તેના પર શ્રદ્ધા રાખે તેનો નાશ ન થાય પણ અંતકાળ સુધી જીવતો રહે." તે રાજાનું નામ ઈસુ ખ્રિસ્ત છે. મેં જ્યારથી તેના પર શ્રદ્ધા

લગાડી છે ત્યારથી મને નવું જીવન પ્રાપ્ત થયું છે. તેના માટે હું ઈશ્વરનો ખૂબ પાડ માનું છું. ઈશ્વરનો જે ભક્ત મારી મદદ કરતો રહે છે તેનો પણ ઋણી છું.

રાજા - આવી શાંતિમય જિંદગી તમે ગુજારી શકો છો અને ગમે તેવા સંજોગોમાં પણ સુખ માણી શકો છો તે જોઈને મને ઘણો આનંદ થાય છે. હવે હું તમારો બહુ વખત નહિ બગાડું. હું જાઉં એટલે તમે તમારે કામે લાગી જજો. ફરી કોઈ અનુકૂળ પ્રસંગ આવી લાગશે તો તમારી મુલાકાત લઈશ.

એમ કહીને રાજા પોતાને માર્ગે પડ્યો. ખેડૂતને તો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે મારી સાથે આટલી આત્મીયતાથી વાત કરનાર મારો રાજા પોતે હતો. તે છૂપા વેશમાં મુલાકાત લઈ ગયો છે. રાજાએ પોતાના મહેલમાં જઈને તરત જ પેલા કેસની તપાસ આદરી. તેણે પેલા વેપારીના ગુમાસ્તાને તથા તે કેસમાં સંડોવાયેલા પોલીસોને ભારે સજાઓ ફરમાવી. એ પરથી બીજા લોકો ધડો લે અને દુષ્કૃત્યો કરતાં અટકે એવો પણ એમાં આશય હતો. થોડા સમય બાદ રાજાએ પેલા વૃદ્ધ ખેડૂતને પોતાના મહેલમાં તેડી મંગાવ્યો. તેને ખૂબ માનપાન આપ્યાં, હેતભાવથી આદર સત્કાર કર્યો અને પોતાના મહેમાન તરીકે મહેલમાં ઉતારો આપ્યો. તેને જીવે જાગે ત્યાં સુધી માસિક સો રૂપીઆનું વર્ષાસન બાંધી આપ્યું, કે જિંદગીનાં છેવટનાં વર્ષો તે નિરાંતે જીવન ગાળી શકે. ખેડૂતે જ્યારે જાણ્યું કે મારું પોટલું ઊંચકી લેનારા તો મારો રાજા પોતે જ હતો ત્યારે

તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે થોડો સમય રાજાને ત્યાં રોકાયો પછી પ્રભુનો પાડ માનતો અને રાજાને દુઆ દેતો પોતાને ગામ પાછો આવ્યો અને આનંદ કરતાં કરતાં પોતાનું જીવન ગાળવા લાગ્યો.

# ૪. રાજકુંવર અને ચોર

આગલી વાર્તામાં ખેડૂતની મિત્રાતા સાધનાર રાજાને એક કુંવર હતો. તે પણ તેના બાપ જેવો જ ભલો અને ન્યાયપરાયણ હતો. તે એક અલગ મહેલમાં ઉછર્યો હોવાથી પ્રજા જીવનનાં સુખદુઃખ અને ગરજો વિષે તેને કશી ખબર ન હતી. એક વાર તેને વિચાર થયો કે લોકોના જીવનનો સમગ્રપણે અભ્યાસ કરવા માટે મારે તેમની વચ્ચે તેમના જેવા થઈને રહેવું જોઈએ. તો પછી હું રાજા થઈશ ત્યારે મારા પિતા કરતાં વધુ સારી રીતે રાજ્યશાસન ચલાવી શકીશ. તેણે પિતાની પરવાનગી લઈને રાજમહેલ છોડી દીધો અને રાજધાનીમાં જ એક ગરીબ લત્તામાં ઝૂંપડી રાખી ત્યાં રહેવાનું શરૂ કર્યું. લોકોમાં તે એક સામાન્ય દુકાનદાર તરીકે વહેવાર કરવા લાગ્યો. તેના કેટલાક વિશ્વાસુ દરબારી સિવાય કોઈને ખબર ન હતી કે વેશપલટો કરીને રાજકુમાર ઝૂંપડીએ રહેવા આવ્યો છે. આ પ્રમાણે રહેવાથી લોકજીવનનાં અંદરનાં અને બહારનાં બધાં જ પાસાં સંબંધી તેને સારી માહિતી મળી શકી. લોકોની વિવિધ પ્રકારની પરિસ્થિતિ, તેમની ઘર ખાનગી અને સમાજ જીવનની

આંટીઘૂંટીઓ વિષે પણ તેને ખરો ખ્યાલ આવ્યો. એ પરથી યોગ્ય યોજનાઓ ઘડી તેનો વ્યવસ્થિત અમલ કરવા માટે શું પગલાં લેવાં જોઈએ તે વિષે તેણે વિચારો કરવા માંડ્યાં.

વેપારમાં તેને વિવિધ પ્રકારના લોકો સાથે કામ પડતું. જાત-જાતના સ્વભાવ અને ગુણલક્ષણોવાળા માણસો તેના પરિચયમાં આવવા લાગ્યાં. અનુભવ અને જ્ઞાન ધીમે ધીમે વધતાં ગયાં તેમ તેમ માનવ મનમાં રહેલાં જૂઠ અને ઠગાઈનાં વલણો, તેનો સ્વાર્થ અને દયાહીનતા, મનમાં ઘર કરી રહેલી દુષ્ટાઈ અને ચોરીની ભાવના એ બધાંનો તેને પરિચય થતો ગયો. તે સતત વિચારતો કે આ બધું અનિષ્ટ માણસના મનને કોરી ખાય છે તો તેને શી રીતે જડમૂળથી ઊખેડી નાખી શકાય? જૂઠ, કપટ, અદેખાઈ અને અદાવતને કારણે જેઓ અન્યાયી રીતે વિવિધ પ્રકારની સતાવણીના ભોગ બન્યા હતા તેવા નિર્દોષ માણસોને ખાનગી રીતે ઘણીયે વાર તેણે તેને પિતાની મારફતે બચાવ્યા હતા. તેના પ્રેમ અને શ્રમની સુંદરતા તો એ હતી કે તેને ઠગનારા કે તેના પ્રત્યે ખરાબ વર્તન રાખનારાને તે કદીએ નુકસાન પહોંચાડતો નહિ. તેના ભૂંડાં કૃત્યો ભૂલી જઈને તે હંમેશાં તેમને માફી બક્ષતો અને એ રીતે તેઓ તેના પિતાના રાજ્યમાં સારા અને કાયદાને વળગી રહેનાર એવા નાગરિક બને તેવી તક તેમને પમાડતો. એક ઉદાહરણ આ પ્રમાણે છે : એક ચોર હતો જે નિર્દોષ માણસોને રંજાડીને ઘણી વાર દુઃખ દેતો અને તેમની વસ્તુઓ પણ લૂંટી લેતો. આથી કુંવરે તેને કેદખાનામાં નંખાવ્યો. કેદની મુદત પૂરી

થઈ એટલે ચોરનો છુટકારો થયો. પછી તેણે શું કર્યું ? કુંવર પ્રત્યેનું વેર વાળવા જાણી જોઈને તે કુંવરના ઝૂંપડામાં જ પેઠો. ત્યાંથી તમામ મૂલ્યવાન વસ્તુઓ એકઠી કરીને તે નાસી જવાનું કરતો હતો એટલામાં કુંવરે તેને પકડી લીધો. કુંવર પણ શરીરે કદાવર હતો. આ બિનકાયદેસરનું અને શરમભર્યું કૃત્ય કરવા બદલ કુંવરે તેને ધમકાવ્યો અને ઠપકો આપીને તેના હિતની તેને શિખામણો આપી. તેણે સમજાવ્યું કે "તારે તો મહેનત મજૂરી કરીને પેટ ભરવું જોઈએ અને આબરૂભેર જીવવું જોઈએ. તારે જરૂર પડે ત્યારે આવીને મારી પાસે મદદ જોઈએ તે માગજે. હું કદી તને ના નહિ પાડું, પણ આમ તું અધર્મ આચરીને નિર્દોષને રંજાડે તે કેટલું શરમજનક ગણાય? તેઓની વસ્તુ ચોરી લઈ તારી જિંદગીને પણ તું અધમ કરી નાખે છે એ ઓછું દુઃખદાયક છે? તારા જેવા માટે આ કંઈ સારું ન કહેવાય. તને એમ થતું હશે કે બીજાને જે થાય છે એમાં મારું શું જાય છે, પણ ખરું જોતાં તો એવાં કૃત્યોથી તારું જ અહિત થાય છે, અને તને તેનું ભાન પણ નથી, પણ અંતે ઇન્સાફના દિવસે તારી દશા બહુ કફોડી થઈ પડશે. આ વખતે તો હું તને માફ કરીને જવા દઉં છું પણ આ વાત કોઈને કહેતો નહિ હવેથી બીજી વાર જો તું પકડાઈશ તો તને ભારે સજા કરાવીશ તે યાદ રાખજે."

એ પછી થોડો સમય તો તે ચોર સીધા માર્ગે ચાલ્યો. ભૂંડાં કાર્યો કરવાનું છોડી દીધું અને અધમતાનો ત્યાગ કર્યો. પણ થોડા માસ પછી વળી પાછી તેની પાપવૃત્તિ

સળવળી ઊઠી. એક દિવસ પોતાના જૂના સાથીને લઈ તે પાસેના ગામડે ચોરી કરવા પહોંચી ગયો.

હવે એ ગામમાં આવી પરિસ્થિતિ હતી. ત્યાં એક વિધવા રહેતી હતી. તેનો ધણી લગ્ન પછી એક જ વર્ષમાં મૃત્યુ પામ્યો હતો. તેના મરણ પછી સ્ત્રીને એક પુત્ર જન્મ્યો. ગરીબાઈમાં પિતાનું મરણ થતાં સ્ત્રીને ભારે ફટકો પડ્યો. તેની વહારે ધાય તેવાં કોઈ સગાંવહાલાં પણ ન હતાં. પણ તે સ્ત્રી ઈશ્વરપરાયણ હતી. આવા દુઃખમાં તે ઈશ્વરના ભજન અને મનમાં આશ્વાસન મેળવી લેતી હતી. ઈશ્વરે જાણે તેના દુઃખમાં આનંદ પમાડવા, અંધકારમય દિવસોમાં પ્રકાશ આપવા અને ભૂતકાળ ભૂલવા માટે આ પુત્રનું દાન આપ્યું. તેણે પુત્રને બાળપણથી જ ઈશ્વરભક્તિમાં રસ લેતો કર્યો અને ઈશ્વર પર ભાવ રાખતાં શીખવ્યું. તેના પર આવી પડતાં દુઃખો તે ધીરજથી વેઠતી રહી. ખૂબ પરિશ્રમ કરીને ગુજરાન પૂરતું રળી લેવા લાગી, સાથે સાથે દીકરાને સારી રીતે ઉછેરવા માંડ્યો. તે પોતે હજી જુવાન હોવાથી તેને દેહનાં પરીક્ષણો પણ સતાવતાં. પણ હિંમતથી સામનો કરીને તે વિજયી નીવડી. બહુ ગરીબ હોવાથી ઘણી વાર તો ઘરમાં ફૂટી બદામ પણ ન હોય અને બાળક માટે દૂધ પણ લવાય નહિ. એવી ભીષણ પરિસ્થિતિમાં કેટલાક દુષ્ટ ભાવનાવાળા જુવાનીઆઓ તેની આવી કરૂણ દશાનો લાભ ઉઠાવવા, તેને પાપમાં નાખવા ખૂબ પ્રલોભનો આપતા. પણ તે સાવચેત રહી ઈશ્વરની સહાય માગી તેના ટેકા અને બળથી દૃઢ રહી શકી હતી.

આવી ધાર્મિક, સદ્‌ગુણી માતાના ખોળે તેનો દીકરો પ્રેમમાં ઉછરી રહ્યો અને ઈશ્વરને આશરે ઉછરી મોટો થયો. ભણીને પુખ્ત થયો ત્યારે રાજકુમારની ભલામણથી એક દૂરના શહેરમાં સારી પદવી પર તેને નીમવામાં આવ્યો. ગામ દૂર હોવાથી પોતાની માને એકલી મૂકીને તે નોકરી પર ગયો. દર માસે તે પોતાની મા પર ઘરખર્ચ માટે પૈસા મોકલતો હતો. બે વર્ષ કામ કર્યા પછી તેને ઘેર આવવાની રજા મળી. બે વર્ષથી મા દીકરો એકબીજાને મળ્યાં ન હતાં એટલે મળવા ખૂબ જ આતુર હતાં. આખરે દીકરાને આવવાનો દિવસ આવી પહોંચ્યો. આવવાના સમયે માતા ઘરની બહાર ઊભી ઊભી લાંબી નજરે જોઈ રહી હતી. દીકરાએ દૂરથી માને હેતથી ભેટ્યાં. બંનેનાં મન આનંદથી ઊભરાતાં હતાં. બંનેની આંખમાંથી હર્ષનાં આંસુ વહી રહ્યાં. આ દૃશ્ય ઘણું અદ્‌ભુત તેમ જ કરુણ પણ હતું. તે પછી દીકરાએ માતાને પગે લાગીને કમાઈ આણેલું બધું દ્રવ્ય તેના ચરણે ધરી દીધું. માએ પણ તેને મહિને મળતી ખરચીમાં કરકસર કરીને દીકરાના લગ્ન માટે જે કંઈ બચાવ્યું હતું તે ઊંચે એક અભરાઈ પર રાખેલું તે બતાવ્યું. તે દિવસે માએ તેના દીકરા માટે સ્વાદિષ્ટ જમણ તૈયાર કર્યું હતું. નાહી ધોઈને દીકરો જમવા બેઠો. ઈશ્વરનો આભાર માની તેમણે ખાવાનું શરૂ કર્યું. માએ તેની આગળ વિવિધ વાનગીઓ પીરસીને તેને હેતથી જમાડ્યો. ખાઈ રહ્યા પછી બંનેએ સાથે મળી થોડો સમય સાંજની પ્રાર્થનામાં ગાળ્યો અને પછી બેઠાં બેઠાં એકબીજાની વાતો કરવા માંડી. બે વરસના વિયોગ દરમિયાન થઈ ગયેલી વાતો એક પછી

એક ઉખડવા લાગી અને સમય એટલો ઝડપથી પસાર થઈ ગયો કે ખબર જ ન પડી. મોડી રાતે આશાભેર તેઓ સૂવા ગયા પણ અરેરે! દુર્ભાગ્યે તેમના જીવનનો બીજો દિવસ આવવાનો જ ન હતો. એ પછી રાતમાં જે બનાવ બન્યો તેનું વર્ણન કરવાનું પણ દુઃખકારક છે. કોઈને ભાવિની ખબર ન હતી કે બીજા દિવસનો સૂર્ય પૂર્વના આકાશને વિવિધ રંગોથી રંગી દે તે પહેલાં બધાંનો આનંદ શોકમાં ફેરવાઈ જશે.

પેલા ચોરને ક્યાંકથી ખબર મળી ગઈ કે તે વિધવા પાસે સારા પૈસા છે અને તે અમુક જગ્યાએ સંતાડેલા છે. તેથી ઘર કોચીને અંદર પેસી બધું ચોરી જવાનો લાગ તે ખોળતો હતો. તે રાત્રે તે સંતાઈને રાહ જોતો હતો. વાતો કરીને થાકેલાં મા દીકરો ઊંઘમાં પડ્યાં. એટલે તે ખાતર પાડીને ઘરમાં પેઠો અને જે અભરાઈ પર પૈસા રાખેલા હતા તે તરફ ચૂપકીથી જવા લાગ્યો. પણ પૈસા લેતી વખતે ખખડાટ થવાથી મા દીકરો જાગી ગયાં. ચોરે પૈસા તો લીધા હતા પણ નાસવા જતાં સપડાઈ જવાનો ડર લાગતાં તે છરો લઈને તેમના પર તૂટી પડ્યો. એક ઝાટકાથી તેણે [illegible]નો હાથ ઉડાવી દીધો, બીજા ઘાથી તેણે દીકરાને જમીનદોસ્ત કરી દીધો. તેના શરીરમાંથી ધોધ છૂટ્યો અને તે થોડી જ વારમાં મરણ પામ્યો. ક્ષણમાં જ દેહનું પિંજર છોડીને તેનો આત્મા કબરને પેલે પારના દેશમાં વિદાય થઈ ગયો. આ દૃશ્ય કેટલું બધું કરુણ! બિચારી દુઃખી વિધવા! ઈશ્વર તેનું રક્ષણ કરે! તેનું ધન અને પુત્ર બંને તેણે ગુમાવ્યાં. મધ

કરતાં મધુર અને સોના કરતાં મૂલ્યવાન પુત્ર જતાં તેને કેવો ભારે આઘાત લાગ્યો! તેના મનના બધા મનોરથ ભાંગી પડ્યા. તેને પરણાવવા કેટલા હોંશથી તેણે કરકસર કરીને પોતાની ખરચીમાંથી થોડાં થોડાં નાણાં હેતપૂર્વક બચાવ્યાં હતાં પણ એ બધું વ્યર્થ ગયું. તેની આંખોનું નૂર ઊડી ગયું. દુનિયા તેના માટે તદ્દન અંધકારમય થઈ ગઈ. દુઃખનો આવેગ એટલો પ્રબળ હતો કે રડવું પણ આવ્યું નહિ. નિઃસહાયતાથી ચીસો પાડતી તે બેભાન થઈને પોતાના મૃત દીકરાના દેહ પર ઢળી પડી. પડોશીઓ દુઃખ અને ભયની ચીસો સાંભળીને ચારે બાજુથી દોડી આવ્યા પણ ત્યાં પુત્રનું શબ જોઈને તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા. આ શું થઈ ગયું! શું કહેવું અને શું કરવું તે પણ પહેલાં તો કોઈને સૂઝયું નહિ. થોડીવાર વિધવાને કળ વળી એટલે તે બેઠી થવા ગઈ પણ ફસડાઈ પડી. બિચારી વિધવા! થોડા સમય પછી પડોશીઓએ પુત્રની અંતિમ ક્રિયા કરવાની તૈયારીઓ કરવા માંડી. હવે સવાર પણ પડવા આવી હતી. ખૂબ પ્રયત્નો બાદ વિધવાની મૂર્છા વળી. તે જરા ભાનમાં આવી. તે કેટલીક સ્ત્રીઓના ટેકે ટેકે ઠાઠડી સાથે કબરસ્તાને આવી. લોકોએ કફનને કબરમાં ઉતાર્યું ત્યારે ફરીથી વિધવાને મૂર્છા આવી ગઈ અને તે કબરમાં ગબડી પડી. લોકોએ તેને બહાર કાઢીને જોયું તો તે પણ મરણ પામેલી જણાઈ. આથી મા દીકરાને સાથે એક જ કબરમાં દાટવામાં આવ્યાં. જાણે ઈશ્વરે વિધવા પર રહેમ કરીને દુઃખમય જીવન ગુજારવા કરતાં મહિમાવંત જીવનમાં તેને વહેલી તેડી લીધી. ત્યાં તો

પોતાના પુત્રને હંમેશાં મળી શકશે અને ત્યાં કદી તેનો વિયોગ થશે જ નહિ. ત્યાં ચોર લૂંટારા પણ આવી શકતા નથી, કે પાપ પ્રવેશ કરી શકતું નથી એટલે તેનાં પરિણામોનો પણ કશો ડર રહેતો નથી. વિધવાનાં બધાં દુ:ખદર્દોનો અંત આવી ગયો. મા દીકરાએ જાણે સાથે જ સ્વર્ગજીવનનો આરંભ કરી દીધો.

આ દુ:ખના સમાચાર રાજકુમારને પહોંચ્યા ત્યારે તેને પણ અત્યંત શોક ઉપજ્યો. ચોરને પકડી લાવનારને કે તેને બાતમી પૂરી પાડનારને રાજ્ય તરફથી ભારે ઈનામ જાહેર થતાં ઘણાં લોકો ચોરને શોધવા પ્રયાસ કરી રહ્યા. મા દીકરાનો આવો કરુણ અંજામ જોઈને કોઈ કોઈ પ્રશ્ન કરવા લાગ્યા કે "બંને જણ આવાં ચારિત્ર્યવાન, ધાર્મિક હતાં તો પછી તેમનો અંત આવો કેમ આવ્યો?" એક ધર્મિષ્ઠ વિદ્વાને એવી સમજ પાડી કે "ઈશ્વરનું ડહાપણ એવું અગાધ છે કે આપણી સમજમાં ન આવે. ધર્મનિષ્ઠ માણસો દુ:ખ ભોગવે અને દુષ્ટો સુખ ભોગવે એમ અવળસવળ કેમ થઈ જાય છે તે સમજવું મુશ્કેલ છે પણ એવું લાંબો સમય ચાલતું નથી. એ દેખીતું અન્યાયી અને અયોગ્ય છે પણ ઈશ્વરનું શાશ્વત ડહાપણ તેની પાછળ કાર્ય કરી રહેલું હોય છે. તે આપણાથી કળાય તેમ નથી."

આ વાત બરાબર સમજાય માટે એક દાખલો આપું. એક માણસનો દીકરો ગંભીર માંદગીમાં હતો. ગામના બધા ડૉક્ટર વૈદોને બતાવી જોયું હતું. તેઓએ પોતાથી થાય તેટલા ઉપચાર કર્યા હતા પણ દર્દ તો મટવાને બદલે વધતું

જ જતું હતું. છોકરાની એક કુટેવ હતી કે જે ને તે ખાવા માટે હઠ કરે. આખરે ડૉક્ટરોએ જોયું કે રોગ કાબૂમાં આવે તેમ નથી અને થોડા જ કલાક દર્દી જીવે તેમ છે. ત્યારે તેઓએ તેને જે ખાવું હોય તે ખાવાની છૂટ આપી દીધી. માબાપે છોકરાએ જે માગ્યું તે હાજર કરી દીધું. પણ તેમાંનું કંઈ ખાવા પામે તે પહેલાં જ તેનો પ્રાણ દેહ તજીને ચાલ્યો ગયો.

હવે થોડા સમય પછી તેમનો બીજો દીકરો પણ એ જ રોગમાં સપડાયો. તેની પણ સારવાર એ જ પ્રમાણે કરવામાં આવી. તેને પણ તેના મૃત ભાઈની માફક જે ચરી પાળવાની ફરમાવી હોય તે જ ખાવાની ઈચ્છા થવા લાગી. ડૉક્ટરોએ તો કડક સૂચના આપી દીધી કે બરાબર ચરી પળાશે તો જ દવાની અસર થશે અને રોગ કાબૂમાં આવશે. પણ માબાપ બિચારાં દીકરાની હઠ તથા અજંપો જોઈ શકતાં ન હતાં. પણ તેઓ દીકરાને ગુમાવવા પણ ઈચ્છતાં ન હતાં. છેવટે માએ દીકરાને સમજાવ્યો કે "બેટા તું કંઈ અમને વહાલો નથી માટે તારે જોઈતી વાનગીઓ અમે આપતાં નથી એવું સમજતો નહિ. પણ તારા ભાઈને જે વેઠવું પડ્યું તે તેં જોયું છે માટે તારે સાજા થવું હોય તો ડૉક્ટરો કહે તે પ્રમાણે કરવું જોઈએ. હમણાં તારી સ્થિતિ એવી ગંભીર છે કે તું માગે છે તેવો ખોરાક તને માફક ન આવે અને રોગ વધું ગંભીર થઈ જાય. અત્યારે તો તારા માટે સાત્વિક ખોરાકની ખાસ જરૂર છે. તું સાજો થાય ત્યાં સુધી સાચવી લઈએ તો પછી તારે જે ખાવું હશે તે હું તને

કરી આપીશ. માટે ડાહ્યો થઈ જા.'' દીકરો માની વાત મૂંગોમૂંગો સાંભળી રહ્યો અને વાત તેના મગજમાં ઊતરી. તેણે જીભના સ્વાદ પર કાબૂ રાખ્યો અને તે ધીરે ધીરે સાજો થતો ગયો. થોડા સમયમાં તો તે તદ્દન સાજો થઈ ગયો. તેની માએ તેને કહ્યા પ્રમાણે પાછળથી જે મન થાય તે બનાવીને ખવડાવ્યું અને તેને ખુશ કર્યો.

સાજો થવાથી દીકરો આનંદ કરવા લાગ્યો. પ્રેમ અને સમજપૂર્વક સેવાચાકરી કરીને માબાપે તેને સાજો કર્યો માટે તેમનો પાડ માનવા લાગ્યો. માબાપને આજ્ઞાંકિત રહીને સુખમાં જીવન ગાળવા લાગ્યો. ન્યાયી અને દુષ્ટો સંબંધી ઈશ્વરનું વર્તન આના જેવું જ કહેવાય. દુષ્ટોને ઈશ્વર તરફથી જોઈતું ન જોઈતું બધું મળ્યા કરે છે. પણ તેમને તેના માટે જરા પણ આભારની લાગણી પેદા થતી નથી. ઈશ્વર તેણે આપેલાં દાન સંબંધી કંઈ અપેક્ષા રાખે છે કે નહિ તેની પણ દરકાર તેઓ કરતા નથી. છતાં દયાળુ ઈશ્વર તેમને સઘળું આપતો રહે છે. પણ પછી એવો સમય આવશે કે તેમને કશું બાનું જડશે નહિ. દુષ્ટોના માર્ગો ઈશ્વર જાણે છે. તેઓ પસ્તાવો કરતા નથી અને તેથી તેમને સદાકાળ નર્કમાં રહેવું પડશે. ત્યાં તેમને કશું મળવાનું નથી માટે ઈશ્વર આ દુનિયામાં તેમને થોડું ઘણું સુખ ભોગવવા દે છે. એથી ઊલટું ભક્તોને આ લોકમાં તિરસ્કાર વેઠવો પડે છે અને ઘણાં વાનાંની અછત વેઠવી પડે છે. અનેક વાતે તેમને કષ્ટ અને દુઃખ વેઠવાનાં આવે છે. ઈશ્વર તેમને પવિત્ર રાખવા ઇચ્છે છે અને તેથી તેમને સાવચેત રહેવાની

ચેતવણી આપે છે. એ પ્રમાણે પવિત્ર જીવન ગાળવાથી તેઓ પાપના રોગથી મુક્ત થઈને સર્વકાળિક સ્થાનમાં આરામ પ્રાપ્ત કરે છે. કદી આંખે જોવા મળ્યાં ન હોય કે કાને સાંભળવા મળ્યાં ન હોય કે માણસની કલ્પનામાં ન આવે તેવાં વાનાંથી "ઈશ્વર તેમને નવાજશે" (૧ કરિં. ૨;૯). ઘઉંનો દાણો ભોંયમાં પડ્યો ત્યારે જમીનમાં નીચે અંધકારમાં પણ તેને સૂર્યની ગરમી પહોંચે છે અને તેની અસર તેના પર થવા માંડે છે. તેનાં પરિણામે તેમાંથી અંકૂર ફૂટીને બહાર સૂર્યપ્રકાશમાં નીકળી આવે છે. તે જ પ્રમાણે ન્યાયના સૂર્યના સ્વાસ્થ્યદાયક કિરણની અસર દૃશ્ય રીતે જણાય તે પહેલાં દુઃખ અને શોકના અનુભવોમાંથી પસાર થતાં તે દ્વારા પણ માણસને સમજ પડે છે કે અજાણપણે તેના અંધકારભર્યા દિવસો દરમિયાન પણ એ જ સૂર્યની ગરમી તેને જીવન અને હૂંફ આપી રહી હતી.

પોલીસ તેમ જ ઈનામની આશાથી બીજા લોકો ચોરની શોધ ચલાવી રહ્યા હતા તેવામાં રાજધાનીમાંથી અમંગળ સમાચાર પ્રસારિત થયા કે રાજાનું અવસાન થયું છે. આવા ભારે આઘાતજનક સમાચારથી લોકોએ ખૂબ વિલાપ કર્યો. સેવાચાકરી કરવા રાજકુમાર તો ક્યારનો રાજમહેલમાં પહોંચી ગયો હતો. પિતાના મૃત્યુનો કારી ઘા લાગવા છતાં રાજકુમાર પોતાની ફરજ બજાવવામાં પૂરો જાગૃત હતો. જાહેર શોકના દિવસો પૂરો થતાં તેનો રાજ્યાભિષેક થયો અને રાજયનો વહીવટ તેણે સંભાળી લીધો. રાજ્યાભિષેકના દિવસે રાજયના ચારે ખૂણેથી

હજારો લોકો રાજધાનીમાં ઉમટ્યા હતા. ત્યાં તેમને ખબર પડી કે જે સામાન્ય વેપારી તરીકે વર્ષોથી શહેરમાં તેમની વચ્ચે રહેતો હતો તે જ પોતે રાજવારસ હતો! બધાંને ખૂબ આશ્ચર્ય થયું. ગુનેગારો તો મનમાં ફફડવા લાગ્યાં કે હવે અમારું આવી બનશે! કારણે કે નવો રાજા ઘણાખરા ગુનેગારોને સારી પેઠે ઓળખતો હતો. તેના હાથમાંથી છટકવું કેટલું મુશ્કેલ હતું. તેનો પણ તેમને અનુભવ હતો. નવા રાજાના અમલમાં પ્રજાના દરેક વર્ગના લોકો આબાદ થવા લાગ્યા અને દેશની સમૃદ્ધિ વધી. લોકોની પરિસ્થિતિનો તે પૂરો જાણકાર હતો. વળી લોકો સાથે કેવી રીતે કામ લેવું તેની પણ તેનામાં સારી ફાવટ હતી. તેઓનું હિત કરવા શાં પગલાં લેવાં તેની સૂઝ પણ તેનામાં સારી હતી.

જેમ સમય પાકતાં ભલાઈ વડે ભક્તોનો બચાવ થાય છે અને તેઓ પોતાની ભલાઈનાં ખૂબ ફળ ભોગવે છે તેમ દુષ્ટાઈનાં પણ વહેલે મોડે ફળ મળ્યા વિના રહેતાં નથી, અંતે તો દુષ્ટોનો નાશ થાય છે. હવે પેલો દુષ્ટનો ઘડો ભરાઈ જવાથી તેના કામનો બદલો મળવાનો સમય આવી ગયો હતો. તેના સુખ અને મોજમઝાના દહાડા પૂરા થવા આવ્યા હતા. એક દહાડો તે એક પીઠામાં બેઠો બેઠો દારૂ પીને મોજ માણતો હતો. ઘણા ઈનામ લેવા તેની શોધ કરી રહ્યા હતા. ત્યાં પીઠામાં કોઈકે તેને ઓળખ્યો પણ ખરો. તે દિવસે ખૂબ દારૂ પીવાથી ઘેનમાં તેના મગજ પરનો કાબૂ તેણે ગુમાવી દીધો હતો. આથી તે ગમે તેમ બોલવા

લાગ્યો. દારૂના ઘેનમાં લવરી કરતાં તે કહેવા લાગ્યો કે "પેલી વિધવાના દીકરાને મેં જ મારી નાખ્યો હતો. તેનું બધું દ્રવ્ય હું જ ચોરી ગયો હતો. એનાથી આજ સુધી હું મઝા કરી રહ્યો છું. હવે કોઈની જીગર છે મને પકડવાની? તો આવી જાઓ?" તેને આ પ્રમાણે બકવાસ કરતાં સાંભળી એક પોલીસે પકડી લીધો અને લઈ જઈને કેદમાં પૂરી દીધો. ત્યાં તેનો નશો ઊતર્યો ત્યારે પોતાની મૂર્ખાઈ માટે ખૂબ અફસોસ કરવા લાગ્યો. જેલમાંથી ભાગી છૂટવાની કેટલીયે યુક્તિઓ લડાઈ જોઈ પણ એકે કામ લાગી નહિ. બીજા દિવસે ન્યાયાધીશની કચેરીમાં તેને રજૂ કરવામાં આવ્યો. ત્યાં પોતે કેસ ન ચલાવતાં ન્યાયાધીશે તેને રાજા પાસે મોકલી આપ્યો, પણ રાજાને તો જોતાં જ તેના મોતીયા મરી ગયા. તેને ખ્યાલ આવી ગયો કે બચાવ માટે વકીલ રોકી જૂઠાણા ચલાવવાનો હવે કોઈ ફાયદો નથી. આ તો પેલો વેપારી તરીકે રહેતો હતો તે જ છે. મેં તો તેના ઘરમાંથી પણ ચોરી કરી હતી. તેણે એક વાર તો મારા પર દયા દર્શાવી મને માફી આપી હતી. શિખામણો પણ ઘણી આપી હતી. એ તો મને બરાબર ઓળખે છે. હવે તો કોઈ આરો જ રહ્યો નથી.

રાજાએ તેને જોતાં જ પૂછયું, "તમે મને ઓળખો છો?" ચોરે જવાબ આપ્યો, "હા, નામદાર મહારાજા!" પછી રાજાએ તેને યાદ દેવડાવ્યું કે, "જુઓ, મેં તમને વારંવાર શિખામણો દીધી હતી. માફી પણ આપી હતી. તમારું જીવન સુધારવા તમને પૂરતો અવકાશ મળ્યો છે.

તમને સારા નાગરિક થવા માટે બધી સગવડ મળી છે. પણ તમે મારી વાત ધ્યાનમાં જ લીધી નહિ. તમને પ્રાપ્ત થયેલી ઉત્તમ તક તમે ખોઈ નાખી છે. હવે તમારા પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે. શું તમને એટલી પણ સમજ ન હતી કે પાપનાં પરિણામ ભોગવ્યા વિના છૂટકો જ નથી? (ગણના ૩૨; ૨૩). હવે તો તમારું પાપ પકડાઈ ગયું છે. હવે ઇન્સાફ પોકારી રહ્યો છે. તમારું કૃત્ય જ તમને ગુનેગાર ઠરાવે છે. માટે આ વિશાળ રાજ્યના રાજકર્તા તેમ જ ન્યાય અને શાંતિના પ્રતિબળ તરીકે હું તમને દેહાંતદંડની સજા ફરમાવું છું." એ પછી તેને જાહેરમાં ફાંસી દેવામાં આવી.

એ જ પ્રમાણે ઇન્સાફને દિવસે પાપીઓનો ન્યાય તોળાશે. ત્યારે પ્રભુ જીવતાં અને મૃત બધાંનો ન્યાય કરવા બેસશે. આ પહેલાં તે જગત પર માનવપુત્ર તરીકે આવીને વસી ગયો છે, એટલે તે આપણ દરેકને બરાબર ઓળખે છે. "હાલ જ માન્યકાળ છે! હાલ જ તારણનો દિવસ છે!" (૨ કરિં. ૬;૨ : હેબ્રી. ૨;૩). આપણી સામે ધરેલા આ મહાન તારણ વિષે જો આપણે બેદરકાર રહીએ તો આપણે શી રીતે બચીશું? યાદ રાખો કે પ્રભુ પોતે નહિ પણ તેનાં વચનો આપણો ન્યાય કરે છે અને દોષિત ઠરાવે છે કારણ કે એ વચનોને અવગણીને અવળું જીવન આપણે ગાળીએ છીએ. આપણાં પાપ આપણને પકડી પાડશે અને પાપિષ્ટો તેમનાં પાપમાં જ મરશે. (યો. ૧૨; ૪૭ અને ૮; ૨૭)

# ૫. એક પ્રિયતમ અને તેની પ્રિયતમાની વાત

ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. તેણે સઘળું ઉત્પન્ન કર્યું છે. પોતાના પ્રેમનું પાત્ર બનાવવા માટે તેણે માણસને પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યું છે. ઈશ્વર પ્રેમમય છે એટલે તે સ્વપ્રેમી છે એમ સમજવાનું નથી. (જો એમ હોત તો તેના પ્રેમ વિષે દુનિયામાં બીજા કોઈને કદી કશી ખબર જ ન પડત) પણ તેના પ્રેમને લીધે તેણે પોતાની પ્રતિમા પ્રમાણે માણસને બનાવીને તેને પ્રેમતત્ત્વમાં સ્થાપિત કર્યો છે. એમાં ઈશ્વરનો હેતુ એવો છે કે માણસ પોતાના પૂરા હૃદય તથા મનથી પોતાના સર્જનહાર પર ભાવ રાખે. ઈશ્વરના અગાધ પ્રેમમાં હંમેશાં રમખાણ રહે અને પોતાના જેવો જ પ્રેમ પોતાના પાડોશી પર પણ વરસાવે! ટૂંકમાં કહીએ તો તેને મન ઈશ્વર પ્રથમ અને તે પછી સમસ્ત માનવજાતનું સ્થાન હોવું જોઈએ. પણ પાપભાવના આવવાથી તેની મૂળ નિર્દોષ અને શુદ્ધ પ્રકૃતિનું પતન થયું. તેની મતિ ભ્રષ્ટ થવાથી ઈશ્વરને છોડીને ઈશ્વરે સર્જેલી વસ્તુઓ પર તેણે પ્રેમભાવ રાખવા માંડ્યો. એવી અયોગ્ય ભાવનાને લીધે તેને સાચું સુખ કે ખરી શાંતિ મળી નહિ પણ તેનું મન ચિંતા અને દુઃખોથી ઘેરાઈ ગયું અને એવાં ભ્રષ્ટ વાનાં તેને નાશ તરફ દોરી જવા લાગ્યાં. મૂળ સાચા પ્રેમનો ખ્યાલ જ તેના મનમાંથી નષ્ટ થઈ ગયો. પણ કદીક કદીક એવું બનતું જોવામાં આવે છે કે માનવી પ્રેમભાવના માણસને ઈશ્વરી પ્રેમની ઝાંખી કરાવે છે, એટલે કે માણસને ભાન થઈ આવે

છે કે હું સૃષ્ટ વસ્તુઓ પાછળ છેતરાતો આવ્યો છું, દૈહિક પ્રેમ અધૂરો અને અપૂરતો છે. તેથી તેનો ભ્રમ ભાંગતાં તે પ્રેમનું જે આદિ ઉદ્‌ભવસ્થાન ઈશ્વર છે તેના તરફ વળે છે અને તેની સંગતનો આનંદ માણવા માંડે છે.

એક ખાનદાન કુટુંબની એક વાત છે. કુટુંબમાં એક યુવાન પુત્ર હતો. પોતાનો અભ્યાસ અને દૈનિક કાર્યો પૂરાં કરીને રોજ સાંજના તે જંગલ તરફ ફરવા જતો. તે સુશીલ, મળતાવડા સ્વભાવનો અને આજ્ઞાધીન હોવાથી માબાપનો માનીતો થઈ પડ્યો હતો. તેણે તેની જીવનચર્યા સારી ટેવો દ્વારા ઘડી હતી. તે કુટુંબના નાક જેવો ગણાતો હતો. એક દિવસે ફરતાં ફરતાં તે ઘણો દૂર નીકળી ગયો અને દૂર જંગલમાં પહોંચી ગયો. અંધારું થાય તે પહેલાં જંગલની બહાર નીકળી આવવા તેણે ખૂબ ઝડપ કરી પણ કમનસીબે તે અંધારામાં અટવાઈ પડ્યો અને જંગલમાં ભૂલો પડી ગયો. તે ઘર તરફ ઝડપથી ચાલી રહ્યો હતો તેવામાં પોતાના માર્ગમાં જ આગળ એક મોટું રીંછ તેના જોવામાં આવ્યું. રીંછને જોતાં જ તેનાથી ભયની ચીસ પડાઈ ગઈ. રીંછે તેના પર હુમલો કરી તેને ખૂબ ઘાયલ કર્યો અને પછી જંગલ તરફ ભાગી ગયું.

એ સ્થળથી થોડે દૂર એક ગામઠી સ્ત્રી લાકડાં વીણતી હતી. તે એક સુંદર યુવતી હતી. આ ભયકારક ચીસ સાંભળી પહેલાં તો તે પોતે ફફડી ગઈ પણ પછી હિંમત કરીને અવાજ આવ્યો હતો તે બાજુ તે તપાસ કરતી ચાલી. અવાજના સ્થળે જઈને જોયું તો એક યુવક ઘાયલ થઈને

લોહીલુહાણ હાલતમાં અર્ધબેભાન જેવો પડ્યો હતો. તેની પાસે મદદ કરે તેવું કોઈ જ ન હતું. તેની આ દશા જોઈ તેને દયા આવી અને તેને ટેકો આપી ઉઠાડીને ધીરે ધીરે ચલાવી ત્યાંથી થોડે દૂર આવેલી એક નદીએ લઈ ગઈ. ત્યાં તેના ઘા ધોઈને સાફ કર્યા અને પોતાના સાલ્લામાંથી ચીંદરડીઓ ફાડીને તેને પાટા બાંધ્યાં. પોતાનો લાકડાનો ભારો ત્યાં જંગલમાં જ પડ્યો રહેવા દઈ તે યુવકને આસ્તે આસ્તે દોરીને તેના ઘેર જોડેના ગામે લઈ ગઈ. તે યુવકના ઘરના રસ્તાથી અજાણ હોવાથી જરૂર પડે ત્યારે પૂછી લેતી હતી. આ બધું થતાં ઘણું મોડું થવાથી યુવક અને યુવતી બંનેનાં ઘરવાળાં ખૂબ ચિંતા કરવા લાગ્યાં. યુવકના ગામના માણસો શોધ માટે નીકળી પડ્યા. તે જ પ્રમાણે યુવતીની શોધાશોધ પણ થવા લાગી. રાતના લગભગ દસ વાગતાં બંને જણ ધીમે ધીમે યુવકના ગામે પહોંચ્યાં. યુવકની આવી કરુણ દશા જોઈને તેનાં માબાપ તેમ જ બીજાં બધાંને ખૂબ આશ્ચર્ય થયું. ખાસ તો તેની સાથે આવા સંજોગોમાં આવી યુવતી કેવી રીતે આવી તે તેમને ખૂબ રહસ્યમય લાગ્યું. બંને જણે પોતાની કહાણી સંભળાવી. યુવકના માબાપ તેની વાત સાંભળીને દુઃખી દુઃખી થઈ ગયાં. તેમણે યુવતીનો આભાર માન્યો કે પોતાના પુત્રને તે આ રીતે સંભાળીને ઘેર પહોંચાડવા આવી. પણ મનમાં તેમને એના રહસ્યની શંકા તો રહી જ ગઈ. રાત્રે તો યુવતી ત્યાં જ રોકાઈ ગઈ. પછી સવારે ઊઠીને તે પોતાના ગામ તરફ ચાલી નીકળે તે પહેલાં યુવકે તેને પોતાની પાસે બોલાવી. તેની અનુકંપા અને સહાય માટે કૃતજ્ઞતાથી આભાર માન્યો. તેનો સુંદર

પ્રકાશિત ચહેરો, નિર્દોષ મુખભાવ તેની નમ્રતા એ બધું જોતાં તેને યુવતી પર પ્રેમ ઉપજ્યો. તેણે પોતાના મનમાં જ સંકલ્પ કરી લીધો કે ગમે તેમ થાય પણ આની સાથે જ મારે લગ્ન કરવું. તેઓનાં લગ્ન આડે એક મોટો વાંધો હતો. યુવતી ગરીબ કુટુંબની અને હલકી ગણાતી નાતની હતી. ગમે તેમ, યુવતી તો તે વખતે રજા લઈને ચાલી ગઈ. રસ્તામાં જંગલમાં જઈ પોતાનો ભારો ઊંચકી લીધો અને દિવસ ચઢતાં પોતાને ગામ પહોંચી ગઈ. તેનાં સગાંવહાલાં અને માબાપે સારી રાત તેને ખોળવા ખૂબ શ્રમ કર્યો હતો અને બધાં થાકીને લોથપોથ થઈને ઘેર આવ્યાં ત્યારે ઘેર દીકરીને હેમખેમ પાછી આવેલી જોઈ તેઓ તો ખૂબ અજાયબ થયાં. પણ રાત્રે ઘેર આવી કેમ નહિ અને રાત ક્યાં વિતાવી હશે તે તેઓ સમજી શક્યાં નહિ. તેના મોટા ભાઈએ તો તેના ચારિત્ર્ય અને શિયળની શુદ્ધતા વિષે શંકા વ્યક્ત કરી અને એટલે સુધી કહ્યું કે આમ તો આ છોકરી કદીક કોઈ સાથે નાસી જશે અને કુટુંબનું નામ બોળશે. તેણે તો મનમાં નક્કી કરી લીધું કે આને બરાબર માર મારીને, મોંઢે મેંશ ચોપડી ઘરમાંથી કાઢી મૂકવાની જરૂર છે. યુવતીએ તો જે કંઈ બન્યું હતું તે નિર્દોષ ભાવે સરળતાથી બધાં આગળ કહી બતાવ્યું, પણ તેની વાત પર કોઈને ભરોસો બેઠો નહિ. માબાપે પણ બિચારી નિર્દોષ કન્યાને ખૂબ મારીને સખત તાકિદ કરી કે ખબરદાર! જો ઘરમાંથી ફરી બહાર પગ મૂક્યો છે તો!

પેલા યુવકને ખબર પડી કે પોતાના પ્રિય પાત્રને ખૂબ

જુલમ વેઠવો પડે છે ત્યારે તેણે વિચાર કર્યો કે હું જઈને યુવતીનાં માબાપને બધી સાચી હકીકત જણાવીને ખાતરી કરાવું તો તેમને પોતાની દીકરીની નિર્દોષતા ગળે ઊતરશે. પણ તેના ઘા રૂઝાય ત્યાં સુધી તેને થોભી જવું પડ્યું. તે સાજો થયા પછી એક દિવસ તે યુવતીના ગામે ગયો અને તેનાં માબાપને મળીને તે દિવસની ઘટના કહી સંભળાવી પણ તેઓએ તેની વાત માની નહિ. એ બે જણ સિવાય કોઈ ત્રીજું સાક્ષી ન હોવાથી તેમની વાતની સત્યતા પુરવાર કરવાનો કોઈ ઉપાય હતો નહિ. તે યુવક જ્યારે વાત કરતો હતો ત્યારે તે કન્યા તેની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહી હતી. તેની વાણીની મધુરતા અને તેના મુખનો પ્રભાવ તેને આકર્ષી રહ્યાં. તે જ ક્ષણે તેનામાં યુવક પ્રત્યે પ્રબળ પ્રેમની લાગણી જન્મી. તેના ગયા પછી તે કન્યાએ પોતાનાં માબાપને કહ્યું, “તમે મારી વાત માનતાં નથી. તમને મારા શિયળની પવિત્રતાની શંકા છે, તો ભલે મને એની સાથે પરણાવી દો તો બધી બદનામી બંધ થઈ જશે.” પણ તેની આ વાત સાંભળીને તો તેનાં માબાપ ઊલટાં ગુસ્સે થઈ ગયાં. તેમણે તે યુવક સાથે લગ્ન કરાવવાની તો ઘસીને ના પાડી દીધી. પેલી બાજુ પેલા યુવકે ઘેર જઈને પોતાનાં માબાપ આગળ પોતાના મનની વાત જણાવી. પેલી કન્યાએ જંગલમાં હું નિઃસહાય પડ્યો હતો ત્યારે ખૂબ તકલીફ વેઠીને મારો જીવ બચાવ્યો છે. હવે મને તેના પ્રત્યે પ્રેમભાવ ઉપજ્યો છે. અને તેની સાથે લગ્ન કરવાની મારી ઇચ્છા છે. પણ તેનાં માબાપ પણ આવી વાત સાંભળી ધૂંવાંપૂંવાં થઈ ગયાં. યુવકને ખૂબ માર મારીને તેનો

તિરસ્કાર કરતાં તેમણે કહ્યું, “આવી નીચ વર્ણની જ છોકરી તારી નજરમાં આવે છે? અમારા ઉચ્ચ ખાનદાન કુળને કાળ ડાઘ લગાડવા બેઠો છે તું તો!”

એક વાર તે યુવક છાનોમાનો, કોઈ નજરે ન પડાય તેમ તેની પ્રિયતમાના ગામે જઈને તેને મળ્યો. સદ્‌ભાગ્યે તે વખતે ઘરમાં તે કન્યા એકલી જ હતી. તેઓએ પેટ ભરીને વાતો કરી. યુવકે પોતાની વાત કરી કે મને પણ માબાપ તરફથી માર ખાવો પડ્યો છે. લગ્ન કરવાની પણ ચોકખી ના પાડી દીધી છે. આમ સગાંઓની તાવણીથી તેઓનો પ્રેમ વધુ દૃઢ થતો ગયો. પણ બંને પક્ષે માબાપનો ગુસ્સો અને વિરોધ વધુ ને વધુ ઉગ્ર થતાં ગયાં. તેમના પર સખત જાપતો રહેવાથી મળવાનું પણ દોહ્યલું થવા લાગ્યું. આથી બંને જણે રાતે બધાં ઊંઘી જાય ત્યાર પછી જ મળવાનું ઠરાવ્યું. તેઓ અવારનવાર જુદાં જુદાં સ્થળે મળતાં. કોઈ વાર યુવક તેના ગામ બહાર જઈ તેની વાટ જોતો. તો કોઈ વાર યુવતી યુવકના ઘર સુધી આવી બહાર તેની વાટ જોતી ઊભી રહેતી. એક રાત્રે કન્યા યુવકના ઘરે આવી હતી અને યુવકના ઓરડામાં જવા દાદર ચઢવા ગઈ ત્યારે તેને અકસ્માત નડ્યો. દાદરનું એક પાટિયું તૂટી ગયું અને યુવતી ભોંય પર પટકાઈ પડી. એ પછડાટથી તેના પગનું હાડકું તૂટી ગયું. યુવકે ધબાકો સાંભળ્યો એટલે તે તરત બહાર આવ્યો તો પ્રિયતમાને દાદર નીચે નિઃસહાય થઈને પડેલી જોઈ. તે નીચે ઊતર્યો અને તેને ઊંચકીને ઘરમાં લઈ જવા લાગ્યો પણ તેને તરત સમજ પડી કે, પગ ભાંગી ગયો છે

એટલે તરત તેને દવાખાને લઈ જઈને સારવાર શરૂ કરાવી. રોજ તે તેની ખબર લેવા જતો. થોડા દિવસમાં તેને સારું થયું. શરીરમાં શક્તિ આવી ગઈ. એવામાં કન્યાના ગામનાં કોઈ માણસો તેને દવાખાનામાં જોઈ ગયાં. અને તેમણે જઈને તેનાં માબાપને વાત કરી. છોકરીના જતા રહેવાથી તેનાં માબાપ તો ઉકળી જ રહ્યાં હતાં એટલે આ ખબર મળતાં જ તેઓ એકદમ દવાખાને ગયાં અને ત્યાંથી રજા લેવડાવી તેને સગેવહાલે કોઈ બીજે જ ગામ મોકલી દીધી. કોઈને ખબર જ ન પડી કે છોકરીને ક્યાં મોકલી દીધી છે.

બીજે દિવસે યુવક પોતાના રિવાજ પ્રમાણે તેની પ્રિયતમાની ખબર કાઢવા દવાખાને ગયો તો તે ત્યાં મળે નહિ. તેનું મન ગૂંચવાડામાં પડ્યું. જે વોર્ડમાં તેને રાખી હતી ત્યાં તપાસ કરતાં ડોક્ટરે જણાવ્યું કે તેને સારું થઈ જવાથી તેનાં માબાપ આવીને તેને ઘેર લઈ ગયાં છે. આ વાત સાંભળી તે સ્તબ્ધ થઈ ગયો. તે પોતાની પ્રિયતમાના ગામે પહોંચ્યો અને તપાસ કરી તો તે ત્યાં તો આવી જ ન હતી. આથી તેના મનમાં અવળો વિચાર પેઠો કે તે મને છેતરીને બીજા જોડે ભાગી ગઈ હોવી જોઈએ. એવી શંકાથી દુઃખી થયા છતાં રાતદિવસ તેના વિરહમાં તે ઝૂરવા લાગ્યો. બીજી બાજુ તેની પ્રિયતમા પણ પેલા ગામમાં તેને યાદ કરીને સતત ઝૂર્યા કરતી હતી. તે રાત દહાડો રડી રડીને સમય વિતાવતી હતી. દિવસો પર દિવસો વીતવા લાગ્યા પણ તેના પ્રિયતમ વિષે કશા જ સમાચાર મળ્યા નહિ ત્યારે તેના મનમાં પણ થવા લાગ્યું કે નક્કી તે મને

ભૂલી ગયો હશે અને બીજી કોઈ સ્ત્રીના પ્રેમમાં પડ્યો હશે. અધૂરામાં પૂરું તેનાં માબાપ તેને દબાણ કર્યા કરતાં હતાં કે અમે જ્યાં કહીએ ત્યાં પરણી જા. એક દિવસ રાત્રે બધાં ઊંઘતાં હતાં ત્યારે તે ઘર છોડીને ભાગી નીકળી અને તેના પ્રિયતમના ઘેર જઈ પહોંચી. ત્યાં તેને ખબર પડી કે તેનો પ્રિયતમ તો ઘેર નથી. આથી તે નિસાસા નાખતાં વિલાપ કરવા લાગી કે "અરેરે! મારાં માબાપ અને સગાંએ તો મને હડધૂત કરી કાઢી છે. તેઓ તો મારાં કટ્ટા દુશ્મન થઈ બેઠાં છે પણ જેને મેં મારું દિલ સમર્પી દીધું છે અને મારો પોતાનો કરી લીધો છે તે મારો પ્રિયતમ પણ મને છોડીને ક્યાંક જતો રહ્યો છે. હવે આ દુનિયા તો મને નર્ક સમાન લાગે છે. તેમાં વધુ જીવીને મારે શું કામ છે?" આ પ્રમાણે મનમાં વિચાર કરીને તે નદી તરફ ડૂબી મરવા ચાલી. પહેલાં જે નદીમાં તેણે પોતાના પ્રિયતમના ઘા ધોઈ પાટા બાંધ્યા હતા તે જ નદીએ તે જવા નીકળી. તેનાથી પોતાના પ્રિયતમનો વિયોગ જરા પણ સહેવાતો ન હતો. તે તદ્દન હતાશ થઈ ગઈ હતી. ત્યાં પહોંચીને એક ખડક પરથી નદીમાં કૂદી પડી. પણ એ જ ખડકની બીજી બાજુ તેનો પ્રિયતમ બેઠો હતો. તે પોતાના શોકમાં ગરક થઈને નિસાસા નાખતો હતો. તેથી ખડકની બીજી બાજુ કોઈ આવ્યાનો અણસાર તેને જણાવ્યો ન હતો. આમ તદ્દન પાસે પાસે હોવાં છતાં ખડકને લીધે એકબીજાની હાજરીથી અજાણ રહી બંને દુઃખી થતાં હતાં. પણ પેલી યુવતી પાણીમાં કૂદી પડી તેના ધબાકાથી યુવકને ભાન થયું કે નક્કી કોઈ નદીમાં પડી ગયું છે. તે કૂદીને ઊભો થયો અને

તરત પાણીમાં ઝંપલાવ્યું. તે જલદીથી તરતો તરતો ડૂબતી વ્યક્તિ પાસે પહોંચ્યો. અને તેને બચાવીને કિનારે લઈ આવ્યો. પછી તેના તરફ ધારીને જોતાં તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. "અહા! આ તો મારી પ્રિયતમા જ છે. આ તે સાચું છે કે હું સ્વપ્ન જોઈ રહ્યો છું?" યુવતી તો બેભાન થઈ ગઈ હતી. થોડી વાર પછી તે ભાનમાં આવી. તેણે ધીરે ધીરે પોતાની આંખો ઉઘાડી તો નજર સામે જ તેના પ્રિયતમનો મધુર અને પ્રિય ચહેરો જોવા મળ્યો. પોતે તેના ખોળામાં માથું મૂકીને સૂતી હતી. કેટલું સુખમય! તે પૂરેપૂરી જાગૃત થઈ. તેના જીવનની બધી કડવાશ એક પલકમાં જાણે અદૃશ્ય થઈ ગઈ. તે બંને જણ એક બીજાને ભેટીને ચૂંબન કરવા લાગ્યાં. તેમના મનમાં ખૂબ વાતો ઘોળાતી હતી પણ મન એટલાં ગૂંચવણમાં હતાં કે મોંએ શબ્દ આવતા ન હતા. આમ અર્ધા કલાક સુધી એક બીજાને વળગીને તેઓ મિલનનો આનંદ માણી રહ્યાં. ત્યાર પછી ધીરે તેઓની જીભ ખૂલી અને નીચે પ્રમાણે વાર્તાલાપ શરૂ થયો :

પ્રિયતમ - મારી પ્રિયતમા, તું અહીં આવી પરિસ્થિતિમાં ક્યાંથી આવી પડી? નદીમાં શી રીતે પડી ગઈ? હું અહીં હાજર ન હોત તો તારી જિંદગી પૂરી જ થઈ ગઈ હોત.

પ્રિયતમા - મારા પ્રિયતમ, મેં ઘણા દહાડા તમારી રાહ જોયા કરી. પણ તમારા તરફથી કશા સમાચાર ન મળ્યા. પછી ભાગીને તમારે ઘેર પહોંચી તો ત્યાં તમે ન

મળ્યાં. મળવાની આશા ન રહી એટલે અહીં આવીને નદીમાં પડી. મારામાં વિરહ વેઠવાની શક્તિ ન હોવાથી મૃત્યુ વહાલું લાગ્યું. એથી બધાં દુઃખનો અંત તો આવી જાય એટલે નિરાંત! હું ભૂલથી નદીમાં પડી ગઈ ન હતી પણ ડૂબી મરવાના ઈરાદે જ એ પગલું લીધું હતું. તમારા વિનાનું જીવન મારે મન નર્ક જેટલું દુઃખમય થઈ પડ્યું હતું. હવે તમારી વાત તો કહો કે ખરે ટાણે તમે અહીં ક્યાંથી આવી ચઢ્યા?

પ્રિયતમ - હું પણ અહીં તારા જેવા જ વિચારથી આવ્યો હતો. તું દવાખાનામાંથી ગૂમ થઈ ગઈ તે પછી તારે ગામ જઈ મેં તપાસ કરી; તો તારો ક્યાંય પત્તો જ ન લાગ્યો. તારી શોધ કરતો ઘણે સ્થળે રખડ્યો; પણ ક્યાંય તારી ભાળ ન મળી. આખરે વિરહના દુઃખથી હું જિંદગીથી કંટાળી ગયો અને મનમાં થયું કે આમ ઝૂર્યા કરવા કરતાં મોત શું ખોટું? એટલે અહીં આવીને ડૂબી મરવાનો સંકલ્પ કર્યો. હું પણ આત્મહત્યા કરવાની અણી પર જ હતો. તેવામાં તારા પડવાનો અવાજ સાંભળી એકદમ તારી પાછળ નદીમાં કૂદી પડ્યો અને તને કિનારે લઈ આવ્યો. જો તેં સહેજ વિલંબ કર્યો હોત તો આપણે બંને સાથે પાણીમાં પડ્યાં હોત અને કદાચ બંનેએ જીવ ગુમાવ્યો હોત. જે નદીમાં તેં મારા ઘા ધોઈને પાટા બાંધ્યા હતા ત્યાં જ આપણું મોત થાત! આ કેવો વિધિનો ખેલ! અહીં તેં એક વાર મારો જીવ બચાવ્યો હતો. આજે મેં આ જ નદીમાં તારો જીવ બચાવ્યો છે. એટલે આપણો હિસાબ હવે સરભર

થઈ ગયો! આજે આપણે નવું જીવન પ્રાપ્ત કર્યું છે તો હવેથી આપણે આપણા જીવન નવી રીતે ગાળવાનો સંકલ્પ કરીએ.

મારા મનમાં એવી પ્રબળ ઇચ્છા છે કે, આપણ બંનેને નવું જીવન બક્ષનાર જીવનનું આદિકરણ ઈશ્વર છે તેની ઇચ્છા પ્રમાણે ચાલીને આપણે તેની ઉપાસના કરવા માંડીએ. તેણે જ લાંબા વિયોગ પછી આપણું મિલન સિદ્ધ કર્યું છે. તેણે આપણામાં નવું જીવન પૂર્યું છે. આપણી આભારની લાગણી પણ એ રીતે જ આપણે વ્યક્ત કરી શકીએ. મોઢેથી બોલી બતાવીએ તે ખરી રીત ન ગણાય. મારા મનમાં જ્યારે ખૂબ અશાંતિ હતી ત્યારે એક ઈશ્વર ભક્ત વારંવાર મારી મુલાકાતે આવતા. તેઓની સાથેની વાતચીતથી મને ખૂબ જ આશ્વાસન મળતું. એક વાર મારું હૃદય ખૂબ ઘાયલ થઈ ગયું હતું ત્યારે તેમનાં વચનો મારા માટે બામ જેવાં થઈ પડ્યાં હતાં અને તેનાથી મને ખૂબ શાંતિ અન વિસામો પ્રાપ્ત થયાં હતાં. તેમણે મને સમજાવેલું કે સર્જનહારના પ્રેમનો અનુભવ હોય તો માનવીનો પ્રેમ અધૂરો અને અપૂર્ણ રહી જાય છે. એવો પ્રેમ સંપૂર્ણ ન હોવાથી એના અભાવે વિયોગનો અજંપો અને શોક પેદા થાય છે. પણ ઈશ્વર આપણને કદી તજી દેતા નથી. તે સદા આપણી સાથે રહે છે. તે તો કાળ કે સ્થળથી પર અને અવિકારી છે, માટે તેની મધુર સંગતમાં અને સત્સંગમાં જ સાચું સુખ મળે છે. એવું સુખ ગમે તેવા સંજોગોમાં, ગમે ત્યારે માણી શકાય છે. આવું ઉત્તમ શિક્ષણ એ ઈશ્વરભક્ત પાસેથી હું પામ્યો છું. તો હવે આપણે

તેમની પાસે જઈએ. તે આપણાં લગ્ન પણ કરાવી આપશે અને યોગ્ય માર્ગદર્શન પણ આપશે.

પ્રિયતમા - વહાલા, હું તો તમે જે કહો તે કરવા તૈયાર છું. તમે જ્યાં જવાનું કહો ત્યાં તમારી પાછળ હું આવવા તૈયાર છું. તનમનથી તમારી સેવા કરવા હું તત્પર છું. ઈશ્વરને ખાતર અને તમારે ખાતર મારા જીવનનો ભોગ આપવા પણ હું તો રાજી છું. એક હિંદુ સ્ત્રી પોતાના પતિના શબ સાથે સતી થાય છે. તો તમારા જેવા ઈશ્વરના સેવક મારા પતિને ખાતર હું ગમે તેવો ભોગ આપવામાં પાછી પાની કરું તો કેવું શરમજનક લાગે? પણ હું તો ગરીબ કુટુંબની અને હલકી ગણાતી વર્ણની કન્યા છું. આપણા બંનેના કુટુંબો આપણા સંબંધથી ગુસ્સે ભરાયેલાં છે અને આપણાં લગ્ન પછી તમારાં માબાપ મને તમારા ઘરમાં આવકાર નહિ આપે એનું મને દુઃખ લાગે છે.

પ્રિયતમ - વહાલી, જો મને મારા કુળ કે કુટુંબનું અભિમાન હોત તો તારા પ્રત્યે કદી પ્રેમભાવ જ પેદા ન થાત. ઊંચનીચના ભેદભાવ તો શાપ સમાન છે. ગર્વિષ્ટ અને સ્વાર્થી લોકોએ પોતાના સ્વાર્થને પોષવા માટે એવા ભેદભાવ ઊભા કર્યા છે. આપણે બધાં તો ઈશ્વરનાં સંતાન હોઈ એક છીએ. આપણ બધાંને ઈશ્વરે તેના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે ઘડ્યાં છે. જો મારાં માબાપ તારો સ્વીકાર નહીં કરે તો આપણે બંને બીજે ક્યાંક રહેવા જઈશું. આપણે બંને મહેનત મજૂરી કરીને ગુજરાન ચલાવીશું. પણ ઈશ્વરે જેમનો યોગ સાધ્યો હોય તેને માનવીએ ખંડિત કરવું ન

જોઈએ. આપણે તેના પર શ્રદ્ધા રાખીશું તો તે દરેક વાતે આપણું રક્ષણ કરશે.

પછી તેઓ ઈશ્વરભક્તની પાસે ગયાં. તેમણે પોતાની સઘળી હકીકત પહેલેથી માંડીને કહી. ઈશ્વરભક્તે તેમનું લગ્ન કરાવી આપ્યું. તેમને શિક્ષણ માટે શુભ વચનો કહ્યાં. આશીર્વાદ આપીને તેમને મંગળ વિદાય આપી. તેઓ શહેરમાં પાછાં આવ્યાં અને નાનું ઘર ભાડે રાખીને જીવન ગાળવા લાગ્યાં. ત્યાં સાદું, શાંતિ અને પ્રેમથી ભરપૂર જીવન ગાળતાં તેઓ એટલા આનંદમાં રહેતાં હતાં કે શ્રીમંતોને તેઓના મહેલોમાં પણ એનો ખ્યાલ ન આવે. દૈહિક વાનાંની સુખ સમૃદ્ધિથી એવું મનનું સુખ મળી શકતું નથી. તેઓમાં અરસપરસ ખૂબ પ્રેમભાવ હતો અને તેઓ બંને ઈશ્વર પ્રત્યે પણ ઘણો ભાવ રાખતાં.

તેમના લગ્નના સમાચાર તેમનાં માબાપને પહોંચ્યા ત્યારે તેઓને જરા પણ આનંદ થયો નહિ. સમય વીતતાં યુવકનાં મા-બાપ મૃત્યુ પામ્યાં ત્યારે તેમનો વારસો દીકરાને મળ્યો. ઈશ્વરે તેઓ પર કૃપા વરસાવીને તેમને એક દીકરો આપ્યો. પહેલાં જે ઘરમાં મા-બાપની બીકે તેઓ છાનાંમાનાં મળતાં હતાં તે જ ઘરમાં તેઓ આનંદથી રહેવા લાગ્યાં. એ જ ઘરમાં તેઓ પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરતાં હતાં. ત્યાં જ કન્યાનો પગ પણ ભાંગ્યો હતો. એક દિવસ તેઓ એકલાં બેઠાં બેઠાં વાતો કરતાં હતાં ત્યારે વિચાર કરવા લાગ્યાં કે અમે બે એક બીજાને જેટલા ઉત્કટ પ્રેમથી ચાહીએ છીએ તેવો જ ઉત્કટ પ્રેમ ઈશ્વર પ્રત્યે પણ

અમારામાં હોય તો કેવું સારું! અમે જેમ એક બીજા માટે ગમે તેટલી હદે દુઃખ કે અગવડ વેઠવા તૈયાર થઈ જઈએ છીએ તેમ ઈશ્વર માટે પણ એવી ભાવના અમારામાં પેદા થાય તો કેવી ધન્યતા! આપણે તેના પર પૂરા હૃદયપૂર્વક, પૂરું મન લગાડીને, પૂર્ણભાવનાથી પ્રેમ રાખતાં શીખીએ અને જાત પર જેવો ભાવ છે તેવો જ ભાવ બીજાંઓ પર રાખતાં શીખીએ (માથ્થી ૨૨; ૩૭-૪૦). ત્યાર બાદ તેઓ પૂરા તન મનથી ઈશ્વરની સેવામાં લાગુ થઈ ગયાં. ઈશ્વરે પ્રથમ આપણા પર પ્રેમ દર્શાવીને પોતાનો પુત્ર આપણા પાપના પ્રાયશ્ચિત્ત સારુ ભોગ થવા મોકલી આપ્યો. તે આપણે સારુ ખંડણીરૂપ થયો (૧ યો. ૫; ૧૧, ૧૯).

ઈશ્વરે તેમને ખૂબ આશીર્વાદ આપ્યો અને આબાદ કર્યાં.

# ૯ પ્રવાસી

માણસના મનમાં સ્વાભાવિક પણ ઘણી ગહન એક તૃષ્ણા પડેલી છે. ઈશ્વરપ્રાપ્તી વિના એ ઇચ્છા સંતોષાતી નથી. આ દુનિયામાં અમુક સમય માણસ ગાળીને અમુક પ્રમાણમાં શિક્ષણ અને અજમાયશ મેળવ્યા પછી સ્વર્ગમાં પહોંચે ત્યારે જ તેની એ તૃષ્ણા પૂરેપૂરી તૃપ્ત થાય છે. પણ માણસ ઈશ્વરને અવગણે છે અને ઇન્સાફની વાતો પ્રત્યે બેદરકાર રહે તે આ જગતનાં વાનાં મારફતે પોતાની તૃષ્ણા પરિતૃપ્ત કરવા પ્રયત્ન કરે છે. પણ આવાં બધાં ફાંફાંને અંતે તો નિરાશા અને વિનાશ જ તેને મળે છે.

એક માણસની વાત છે. તે સુખની શોધ કરતો હતો. તેને એમ લાગતું હતું કે, સુખ તો દુનિયાનાં વાનાંના ઉપભોગમાંથી જ મળી શકે. તે પોતે બીનઅનુભવી અને અજ્ઞાત હતો. તે સુખપ્રાપ્તિ માટે દુનિયાની મુસાફરીએ નીકળી પડ્યો. તે એવા દેશની શોધ માટે નીકળ્યો હતો કે જ્યાં દુ:ખદર્દ, ચિંતા, અછત, આપત્તિ કે શોક કશું વેઠવાનું ન હોય. બસ સુખચેનમાં દહાડા કાઢવાના હોય અને કશી જંજાળ હોય નહિ. વર્ષો સુધી તે આવા દેશની શોધમાં ફરતો રહ્યો પણ તેના મનોરથ મુજબનું કોઈ સ્થળ તેના જોવામાં આવ્યું નહિ. એક દહાડો વિચારમગ્ન થઈને રસ્તે ચાલતાં ચાલતાં તે કબરસ્તાને જઈ પહોંચ્યો. ત્યાં એક તાજી જ પૂરેલી કબર પાસે એક ડોસાને બેઠેલો તેણે જોયો. પ્રવાસી તેની પાસે જઈને ઊભો રહ્યો. પછી તેને સંબોધીને પૂછવા લાગ્યો, “અહીં બેઠા બેઠા શો વિચાર કરી રહ્યા

છો?" વૃધ્ધે જવાબ દીધો, "હું આ જગતની ચંચળતા અને માનવજીવનની વ્યર્થતાનો વિચાર કરી રહ્યો છું. આ હમણાં જ પૂરેલી કબરની વાત તમારે જાણવાની જિજ્ઞાસા હોય તો સાંભળો." પછી તેણે નીચે પ્રમાણે વાત કહી સંભળાવી :

મારા ગામમાં બે કઠિયારા રહેતા હતા. તે એક દિવસ જંગલમાં લાકડાં કાપવા ગયા. સંજોગોવશાત્ હું પણ તે માર્ગે જ જઈ રહ્યો હતો, મેં તેમને એક જાળાને ઓથે બેઠેલા જોયા. મેં તેમને હાંક મારીને બોલાવ્યા પણ જાણે વાતોમાં ખૂબ તલ્લીન થઈ ગયા હોય તેમ મારી હાંક સાંભળી નહિ અને મને જવાબ આપ્યો નહિ, એટલે હું જ તેમના તરફ જવા લાગ્યો. મને આવતો જોઈને તેમણે ઝટપટ કશુંક લૂગડામાં સંતાડી દીધું. મેં એ જોઈ લીધું એટલે સીધો જ પ્રશ્ન કર્યો કે લૂગડામાં શું સંતાડ્યું છે? પ્રથમ તો તેઓ ગલ્લાંતલ્લાં કરવા લાગ્યા. પણ પછી જરા ડહાપણ આવતાં મારી સલાહ પૂછવાના ઈરાદે તેમણે મને બધી વાત જણાવી. તેમણે કહ્યું કે "અમે આ રસ્તે થઈને જતા હતા ત્યારે આ જાળામાં કશું ચળક ચળક થતું અમારી નજરે પડ્યું. અમે પાસે જઈને બરાબર તપાસ કરી તો આ બે સોનાની લગડી અમને મળી, હવે અમારે એને કેવી રીતે વહેંચી લેવી અને તેનો કેવો ઉપયોગ કરવો તે અમને બતાવો." મેં તેમને ચેતવણી આપતાં કહ્યું કે "આ કંઈ સાદી સીધી સોનાની લગડીઓ નથી પણ મોતના બોમ્બ છે, માટે એ લગડીઓ જયાં હતી ત્યાં તેમ પાછી મૂકીને જેમ બને તેમ જલદી અહીંથી ભાગી છૂટો. બે એક દિવસ પહેલાં

જ કોઈ લૂંટારાએ એક શાહુકારના ઘેર ધાડ પાડીને તેનું દ્રવ્ય તેમ જ કીમતી વસ્તુઓ લૂંટી લીધી હતી. આ લગડીઓ એમાંની જ હોવાનો સંભવ છે. તેઓ કદાચ નજીકમાં ક્યાંક સંતાઈ રહ્યા હશે અને જો તમે નજરે પડી જશો તો તમને જીવતા નહીં છોડે એ નક્કી જાણજો. વળી જો લગડીઓ લઈને શહેરમાં જશો તોપણ તમારે માથે જોખમ છે. ચોરીની વાત જાહેર થઈ ચૂકી છે એટલે લગડી વેચવા જતાં તમે જ ચોર કરીને પકડાશો." તેમણે મારી વાત સાંભળીને કહ્યું, "હા કાકા, તમારી બધી વાત ખરી છે. હવે તમે કહો છો તેમ જ અમે કરીશું. માટે તમે તમારે આગળ ચાલતા થાઓ. અમે અમારાં લાકડાંના ભારા લઈને તમારી પાછળ જ આવીએ છીએ." તેમના એ જવાબ પછી હું મારે રસ્તે પડ્યો. એ પછી એક બીજો માણસ તે રસ્તેથી જતો હતો તેણે આ બે જણને એક બીજા સાથે ઝગડો કરતા જોયા. એક જણ કહેતો હતો કે લગડીઓ પહેલી મારી નજરે ચઢી માટે હું દોઢ લગડી લેવાનો. બીજો કહે, આપણે બંને સરખે ભાગે વહેંચી લઈએ. નહિ તો હું શહેરમાં જઈ પોલીસ અધિકારીને ખબર આપીશ. એ સાંભળી દોઢ લગડી લેવાનો હક્ક કરનારો એકદમ ઢીલો પડી ગયો અને કહેવા લાગ્યો, "સારું, ભાઈ! તું કહે છે તેમ જ કરીએ. પણ આપણે અંધારું થતાં સુધી અહીં સંતાઈ રહીએ. પછી વહેંચી લઈને ઘેર જઈશું. આપણે ભૂખ્યા છીએ અને સાંજ સુધી ખાધા વિના રહેવાશે નહિ. માટે જા; તું શહેરમાં જઈને કંઈક ખાવાનું લઈ આવ." એટલે એક જણ ખાવાનું લેવા શહેરમાં ગયો. જંગલમાં જે બેઠો હતો તે વિચારવા લાગ્યો:

"લાવ પેલો શહેરમાં ગયો છે ત્યાં સુધીમાં કુહાડીની ધાર ઉતારી લઉં. એ આવે કે લાગલો જ એક ઝટકે તેનું ડોકું ઉડાવી દઈશ, એટલે બંને લગડીઓ મારી થઈ જશે." જે શહેરમાં ગયો હતો તેના મનમાં પણ દુષ્ટ વિચાર આવ્યો કે ખોરાકમાં ઝેર ભેળવીને જ લઈ જાઉં. એ ખાઈને પેલો મરી જશે એટલે બંને લગડીઓ મને મળી જશે. યોગ્ય સમય પછી શહેરમાં ગયેલો કઠિયારો પાછો આવતો દેખાયો. તે પાસે આવ્યો એટલે બરાબર લાગ જોઈને પહેલો કઠિયારો તેના પર તૂટી પડ્યો અને એક જ ઝાટકાથી તેનું માથું ધડથી જુદું કરી દીધું. કામ પતી ગયાથી તે ખુશ થયો કે હવે બંને લગડી મારી થઈ છે. તેનો ઉશ્કેરાટ શમ્યા પછી પેલા કઠિયારાએ આણેલા ખોરાકમાંથી તે ખાવા બેઠો તે ઝેરમિશ્રિત હોવાથી થોડા જ વખતમાં તેને ઝેર ચઢ્યું અને તે મરણ પામ્યો.

શહેરમાંની પોલીસ ચોરીની તપાસ કરતી હતી. તેઓ જંગલમાંથી પસાર થતા હતા ત્યારે તેમણે જાળા આગળ બે માણસ ભોંય પર પડેલા જોયા. પાસે જઈ તપાસ કરતાં તેઓ કેટલાક સમય પહેલાં મરણ પામ્યા હતા. થોડે દૂર પેલી લગડીઓ ઝબકાર મારતી પડી હતી! પોલીસે લગડીઓનો કબજો લીધો અને તેના માલિકને પહોંચાડી. પેલા બંને કઠિયારાઓને આ કબરમાં દાટવામાં આવ્યા છે. તેઓ મારી સલાહ પ્રમાણે વર્ત્યા હોત તો કેવું સારું! તો તેમનો આવો કરુણ અંત ન આવ્યો હોત. સાચે જ, જેઓ આ દુનિયાના સોનારૂપામાં મન ઘાલે છે તેઓ નાશ પામે

છે. માટે આપણા દુનિયાના પ્રવાસ દરમિયાન આ દુનિયાનાં વાનામાં ચિત્ત ન લગાડતાં ઈશ્વર પ્રત્યે હૃદયપૂર્વક પ્રેમભાવ રાખીએ. એ પ્રેમમાં જ આપણે માટે સલામતી છે.

પ્રવાસી - આવી રસિક અને બોધદાયક વાર્તા કહેવા માટે આભાર. ચાલો હવે રસ્તે ચાલતાં થોડી વાતચીત કરીએ.

વૃદ્ધ - તમારી ઇચ્છા હોય તો બીજું કંઈક જોવા જેવું તમને અહીં બતાવું. આ એક બીજી કબર જુઓ. સુંદર આરસપહાણના પથ્થરની બનાવી છે. એમાં દાટેલા માણસનું નામ પથ્થર પર કોતરેલું છે. એ માણસ ખૂબ જ શ્રીમંત હતો. હવે તે બધું છોડીને અહીં સૂતો છે. આ એની સ્મૃતિશિલા છે. તેનાથી તેનું નામ લોકો ઘણાં વરસ સુધી યાદ રાખશે. તેનો આત્મા સ્વર્ગમાં આનંદ કરતો હશે કે નર્કમાં કષ્ટ ભોગવતો હશે તે તો ઈશ્વરને ખબર! પણ વિચાર કરો કે લોકો નામના, કીર્તિ કે સ્મારક માટે કેવા ઘેલા થઈને ખર્ચ કરે છે! ત્યાં નરકે પડ્યા હોય તો આવા સ્મારકથી તેને શો લાભ થવાનો! આ બાજુ થોડે દૂર પેલો માટીનો ઢગલો વાળેલો છે તે પર નજર કરો. એની નીચે એક દુષ્ટ ગર્વિષ્ટ માણસ સૂતો છે. તેણે જોર-જુલમ, બળ અને કળ વડે રાજસત્તા પડાવી લઈ કબજે કરી લીધી. તે એટલો ગર્વિષ્ટ હતો કે રાજ્યમાં કોઈને જરા પણ વિસાતમાં ગણતો નહિ. તેણે લોકોને ફરજ પાડી કે તે પોતે દેવ છે એમ ગણી તેનું ભજન કરે. પોતાને દેવ ગણાવતો હતો છતાં તેને એક જીવલેણ રોગ લાગુ પડ્યો. તેના શરીરમાં

કીડા પડ્યા. કીડા તેનું માંસ ખાઈ ગયા અને લોહી પી ગયા. તેઓ તેના મૃત્યુદૂત થઈને જ આવ્યા હતા! અંતે તે મૃત્યુ પામ્યો. તેને દાટ્યા પછી થોડા જ વખતમાં ઘોરખોદુએ તેનું શબ ખોદી કાઢ્યું. તેઓ રહ્યું સહ્યું માંસ ખોતરી ખાઈ ગયાં. જંગલી કૂતરાં અને શિયાળવાં પણ તેનાં હાડકાં ચાટી ગયાં અને વેરણ છેરણ કરી જ્યાં ત્યાં ખેંચી ગયાં. હાડકાં પણ માણસોની અડફેટમાં આવી છુંદાવા લાગ્યાં. એક દહાડો હું વિચારમાં ને વિચારમાં રસ્તે ચાલ્યો જતો હતો ત્યારે મારા પગે કશુંક અથડાયું. મને પગે દુઃખ થયું અને હું પડતો પડતો બચ્યો. મેં નીચે નજર કરી તો કોઈની ખોપરીની મને ઠેસ વાગી હતી. એ ખોપરી પેલા અતિ ગર્વિષ્ટ રાજવીની હતી. એ જોઈને મને અનેક વિચારો આવ્યા. મને તેમાંથી અનેક પ્રકારના બોધ શીખવા મળ્યા. આ માણસ જીવતો હતો ત્યારે દોમદોમ સાહ્યબી ભોગવતો હતો. લોકો તેને નમી નમીને સલામો ભરતા હતા. એનું માથું અત્યારે લોકોના પગની ઠોકરો ખાતું આમથી તેમ રવડે છે! મારા મોંમાંથી ઉદ્‌ગારો નીકળી પડ્યા, “હે દુનિયાના રાજવીઓ અને હાકેમો! આ પરથી બોધ લો. આજે મુગટ ધરીને સિંહાસને બિરાજો છો પણ કાલે આ મુગટ ધારણ કરનારાં માથાં માટી ભેગાં માટી થઈ જશે.” મેં તે માણસનાં આમતેમ રખડતાં બધાં હાડકાં એકઠા કર્યાં અને અહીં દાટી ઉપર માટીનો ઢગલો કર્યો છે. યાદ રાખો આ દુનિયાનાં મોજશોખ અને દોરદમામનો અંત આવો જ આવવાનો છે, અહીં રોકીને મેં તમારો સમય બગાડ્યો તો નથી ને? હવે ચાલો અહીંથી જઈએ.

પ્રવાસી - માનવંત મહાશય, દુનિયાની હાલત તો બેશક દુષ્ટતાભરી અને ખરાબ છે, એનો ઉપાય છે ખરો?

વૃદ્ધજન - હું પણ જાણું છું કે દુનિયાના હાલ બહુ ભૂંડા છે. પણ તેની સાથે સાથે ચારે કોર અસીમ પ્રેમ અને વિરાટ જીવનનો જુવાળ ચઢી રહ્યો છે તે માનવજાતને અનિષ્ટ અને તેનાથી નીપજતાં દુષ્ટપરિણામોથી બચાવનાર છે. આ જુવાળાના તરંગો અને મોજાંમાં ડૂબકી મારીને પ્રાર્થના દ્વારા ઝંપલાવનારને સ્વાસ્થ્ય, આનંદ અને સાચી શાંતિનો અનુભવ થાય છે. આ જુવાળ તો મેક્સિકોના કિનારે વહેતા ગલ્ફ સ્ટ્રીમ જેવો છે. વિષુવવૃત્ત પાસેથી શરૂ થયેલો એ ગરમ પાણીનો પ્રવાહ ઉત્તર તરફ વહેતો શીત સમુદ્ર તરફ જાય છે. એના પાણીની ગરમીથી ત્યાંનો બરફ ઓગળી જાય છે, અને એ રીતે ત્યાંની અતિશય ઠંડીમાં અમુક અંશે રાહત મળે છે. આ અપરિમિત પ્રેમજીવનનું અદ્‌ભુત મોજું માણસના જીવનમાં આવે તે માનવી માટે ઈશ્વરની આશ્ચર્યપૂર્ણ પ્રસાદી છે. જેઓ આ અનંત પ્રેમજીવનના સ્ત્રોતમાં જીવે છે. તેમાં જ પ્રવૃત્તિ કરે છે અને તેમાં જ અસ્તિત્વ ધરાવે છે તેઓ પોતપોતાના સ્થાને સલામત રહે છે અને અન્યના હિત માટે ઉમદા પ્રયાસો કરતા રહે છે. દુષ્ટો તેમના પ્રત્યે વૈરભાવ રાખી તેમને હાનિ પહોંચાડે તોપણ તેઓ વેરનો બદલો વેરથી વાળતા નથી પણ તેમની ભૂંડાઈના બદલે તેમનું ભલું કરે છે. આ વાત સમજાવવા માટે એક ઉદાહરણ આપું તે સાંભળો :

એક વખતે એક શ્રીમંત માણસ થઈ ગયો. તેને ત્યાં

ઈશ્વરકૃપાથી પુત્રનો જન્મ થયો. પુત્રના જન્મ બાદ થોડા સમયે બાપનું મરણ થયું. હવે કુટુંબમાં શ્રીમંતની વિધવા, તેનો પુત્ર અને તેની એક કુંવારી બહેન એકલાં રહ્યાં. ઘણા દિવસ સુધી તો બંને સ્ત્રીઓ રડતી અને વિલાપ કરતી રહી પણ ધીમે ધીમે દુઃખ ભુલવા લાગ્યાં અને સંસારની જરૂરિયાત પ્રમાણે તેમને કામ ધંધામાં ધ્યાન આપવું પડ્યું. શ્રીમંતની વિધવાને પોતાની નણંદ સાથે મિલકતના વહીવટ સંબંધી મતભેદ થવા લાગ્યા. એક વાર વિધવાએ નણંદને સ્પષ્ટ જણાવી દીધું કે "મારા પતિ તમારા ભાઈએ વસિયતનામામાં બધી મિલકત મને અને મારા પુત્રને આપી છે માટે તમારે મિલકત સંબંધી કંઈ ઝગડો કરવાની જરૂર નથી. છતાં તમારે માટે તેમ જ લગ્ન પ્રસંગે જે કંઈ યોગ્ય ખરચ કરવાની જરૂર પડે તે ખરચવા હું તૈયાર છું." પણ શ્રીમંતની બહેનને આવી વ્યવસ્થા ગમી નહિ. તેને ખૂબ ગુસ્સો ચઢ્યો, કારણ તેનો સ્વભાવ બહુ તામસી હતો. તેણે વિધવાને નુકસાન પહોંચાડીને પોતાના વેરની આગ ટાઢી પાડવાનો વિચાર કર્યો. તેણે મનમાં દુષ્ટ યોજના ઘડવા માંડી.

એક વાર વિધવા ક્યાંક બહાર ગઈ હતી ત્યારે તેણે તેના દીકરાને સંતાડી દીધો. તેને મારી નાખવાનો તો જીવ ચાલ્યો નહિ એટલે તેને એક ટોપલીમાં પૂરીને તેને પાણી અંદર પેસી ન જાય એવો લેપ લગાવી તે ટોપલી નદીમાં મૂકી દીધી. ઘરથી નદી ખાસી દૂર હતી, ટોપલી નદીમાં ફેંકીને ત્યાંથી નાસી છૂટી. નદીને નીચલાણે થોડે દૂર

કેટલાક માછીઓ માછલાં પકડતા હતા. તેમણે આ તણાતી આવતી ટોપલી જોઈ. એક માછી નદીમાં કૂદી પડ્યો અને પ્રવાહમાંથી ટોપલી બહાર ખેંચી લાવ્યો. ટોપલી ખોલતાં તેમાં એક બાળક ઊંઘતું જોઈ તેઓને આશ્ચર્ય થયું. તેમાંનો એક જણ સંતાન વગરનો હતો, તે બાળકને ઘેર લઈ ગયો અને પતિપત્નીએ વિચાર કરી તેને દત્તક લઈને ભાવથી ઉછેરવા માંડ્યો. વિધવાએ ઘેર બાળક ન જોયો ત્યારે તેની શોધાશોધ કરી મૂકી અને ગૂમ થયો છે એવી ખાતરી થતાં તેના કલ્પાંતનો પાર ન રહ્યો. તે તો આત્મહત્યા કરવા તૈયાર થઈ ગઈ. પણ સગાંવહાલાંએ મહાપરાણે સમજાવીને તેને રોકી. કેટલાકને આ કાળા કૃત્ય માટે બાળકની ફોઈ પર શંકા આવી ખરી પણ કશા પુરાવા વગર કંઈ કહેવાય તેમ ન હતું. આવી આફત આવી પડવાથી મિલકતનો ઝગડો તો ક્યાંય ભૂલાઈ ગયો અને બંને સ્ત્રીઓ ઘરમાં સાથે રહેવા લાગી. ત્યાં પેલો બાળક પણ સમય જતાં મોટો થતો ગયો અને માછીનો ધંધો શીખી ગયો. એક વાર માછલાં વેચવા તે નજીકના શહેરમાં ગયો. સંજોગવશાત્ તે પેલા ઘર તરફ વેચતો વેચતો પહોંચી ગયો. પણ વિધવા કે દીકરો કોઈ એક બીજાને ઓળખતાં ન હતાં. છોકરા પાસેથી માછલી ખરીદ્યા પછી વિધવા કહેવા લાગી. "બેટા, જો મારો દીકરો અત્યારે હોત તો તે તારા જેવડો જ હોત. તારી મા જીવે છે, ભાઈ?" છોકરાએ જવાબ દીધો, "ના, શેઠાણી મારી મા છે કે નહિ તેની જ મને તો ખબર નથી. મને તો આટલી જ ખબર છે કે હું બહુ નાનો હતો ત્યારે માછીએ મને નદીમાંથી બચાવી લઈને ઉછેર્યો છે અને તેની

સાથે જ હું રહું છું.” તે વિધવાએ તે છોકરાને કહ્યું કે “જો તારે મા ન હોય તો તને મારી પાસે આવીને રહેવાનું ગમે ખરું? હું તને મારો દીકરો કરીને રાખીશ, જે માછીએ તને બચાવ્યો છે તેને હું સારું ઈનામ આપીને રાજી કરીશ.” છોકરો તો આ સાંભળીને ખુશ ખુશ થઈ ગયો. તે ઘેર દોડતો ગયો અને માછીને બધી વાત કરી બોલાવી લાવ્યો. માછીએ આવીને બધી વાત સવિસ્તાર કરી તેમ જ ટોપલી પણ લાવીને બતાવી. ટોપલી તો પોતાની હતી તેથી વિધવાએ તરત ઓળખી કાઢી. તેમાં એક બાજુ લોખંડની પટ્ટી પર તેનું નામ પણ કોતરેલું હતું. વળી બાળક ગૂમ થયું તે સાથે જ ટોપલી પણ ગૂમ થયેલી તે બીના પણ યાદ આવી. પછી બાળકની તપાસ કરતાં નાનપણમાં કોણીએ એક ચાઠું હતું, તેવું જ ચાઠું છોકરાની કોણીએ પણ જોવા મળ્યું. આ બધી નિશાનીઓ મળતાં તેને ખાતરી થઈ કે આ જ મારો ખોવાયેલો દીકરો છે. તે એકદમ બોલી ઊઠી “તું જ મારો લાડલો, મારો પોતાનો દીકરો છે” તેણે તેને છાતી સરસો ચાંપ્યો અને ખૂબ વહાલ કર્યું. એ પછી બરાબર તપાસ કરતાં બાળકની ફોઈનો ગુનો પકડાઈ ગયો, તે ખૂબ લજ્જિત થઈ ગઈ અને ખાનગીમાં ભાભી આગળ પોતાનો ગુનો કબૂલ કરી લીધો, અને પોતાની દુષ્ટવૃત્તિનો પસ્તાવો કર્યો.

પોતાનો ખોવાયેલો દીકરો પાછો મળતાં વિધવાના શરીરમાં નૂર આવ્યું અને શરીરમાં લોહી આવ્યું. ઈશ્વરની અકળ યોજના માટે તેનો આભાર માન્યો. માછી પ્રત્યે પણ

આભારની લાગણી જાગતાં તેને પોતાને ત્યાં ખાસ નોકર તરીકે રાખી લીધો. આમ છતાં તેને પોતાની નણંદનું મોં જોવું ગમતું ન હતું. જયારે જયારે તે સામે આવે ત્યારે ગુસ્સાથી તેનો ચહેરો લાલચોળ થઈ જતો હતો. પણ તેનો ડાહ્યો દીકરો માને સમજાવતો કે વેર વાળવાનો અને સામો ઘા કરવાનો વિચાર આપણે કરવો ન જોઈએ. દીકરો મોટો થયો અને મા તેમ જ ફોઈની બનતી સેવાચાકરી કરવા લાગ્યો. ફોઈને તો જિંદગીભર કુંવારી રહેવું પડ્યું હતું. તેના ભયંકર કામની લોકોને ખબર પડી ગઈ પછી કોઈ તેની સાથે લગ્ન કરવા તૈયાર થયું નહિ. તેનો સ્વભાવ પણ ઘણો ઉગ્ર હતો એટલે પણ લોકો તેનાથી ડરતા. વિધવાનો યુવાન દીકરો પોતાના આચારથી ભૂંડાઈ પર ભલાઈ વડે કેવી રીતે વિજય પ્રાપ્ત કરવો તે દર્શાવતો રહ્યો.

આમ આ સન્માનીય વૃદ્ધજનની બોધવાર્તાથી પ્રવાસીને ઘણો લાભ થયો. તે તેનો આભાર માનીને ત્યાંથી વિદાય થયો. ત્યાર પછી પ્રવાસી બીજી ઘણી જગાએ ફર્યો. નવાં નવાં સ્થળોએ ગયો. એમ કરતાં કરતાં તે એક એવા દેશમાં જઈ ચઢ્યો જ્યાં તેને માનવ જીવન સંબંધી નવો જ અનુભવ થયો. ત્યાં રહીને તેણે તે જીવનનું અવલોકન કર્યું અને તેથી ખૂબ પ્રભાવિત થયો. એક દિવસ એક રાક્ષસ જેવો માણસ એક ભિખારી જોડે વાત કરી રહ્યો હતો તે તેણે જોયું. તેણે પાસે જઈને બરાબર ધ્યાનથી જોયું. કદાવર માણસ એક પહેલવાન હતો, ભિખારીને કોઢ થયેલો જણાયો. પહેલવાન પૂછતો હતો, “તને કોઢ શી રીતે

થયો?" ભિખારીએ જવાબ દીધો, "આ તો મારાં પાપનાં ફળરૂપ છે. મારું પાપ મારી વિરુદ્ધ હવે પોકારી રહ્યું છે. મારું લોહી એટલું બધું બગડી ગયું છે કે હવે તેમાં આ રોગે પ્રવેશ કર્યો છે." પહેલવાને શરીર ખૂબ સંભાળ લઈને તેને કસીને મજબૂત બનાવ્યું છે. તેને હાનિકારક વાનાંથી સાચવ્યું છે અને તંદુરસ્તી માટે જરૂરી બધા ઉપાયો લીધા છે. આથી તેમનું શરીર આવું કસાયેલું, બળવાન અને તંદુરસ્ત છે. ખરું જોતાં તો શરીર ધૂળનું બનેલું છે અને ધૂળમાં મળી જવાનું છે. કોઢવાળું હોય કે પહેલવાનનું કસાયેલું શરીર હોય પણ છેવટે પરિણામ તો એક જ આવવાનું છે. આપણી એક મુખ્ય ફરજ છે કે દરેક પ્રકારનાં દુષ્કૃત્યો અને પાપથી આપણે દૂર રહીએ, આધ્યાત્મિક કસરત કરીએ અને હૃદયપૂર્વક ઈશ્વરનું ભજન કરીએ. એમ કરવાથી પાપનો કોઢ લાગ્યો હશે તોપણ તેમાંથી બચીને સત્યના શોધનાર બધા સ્વર્ગ પામશે.

બીજે દિવસે પ્રવાસીને એક બીજો બનાવ જોવા મળ્યો. એક માણસ તેના બાળકને લઈને સરોવરની પાળે ફરવા નીકળ્યો હતો. ત્યાં એક બાંકડો હતો તેના પર જઈને તે બાપદીકરો બેઠા. ત્યાં પાસે એક અનાથ બાળક ઊભો હતો. બાપે પોતાના છોકરાને ખોળામાં લઈને વહાલ કરવા માંડ્યું. તેને બચીઓ કરી અને પછી મીઠાઈ ખાવા આપી. આ બધું જોઈ પેલો અનાથ બાળક ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો. પ્રવાસીએ તેને પોતાની પાસે બોલાવ્યો અને પંપાળીને હેતથી પૂછયું કે તું કેમ રડે છે? તે બાળકે જવાબ

દીધો "પેલા બાપદીકરાને મેં જોયા ત્યારે મને મનમાં લાગી આવ્યું. પછી બાપે દીકરાને હેત કરવા માંડ્યું અને તેને ચૂમીને મીઠાઈ આપી. ત્યારે મને મારાં માબાપ યાદ આવી ગયાં. તેઓ આજે જીવતાં હોત તો મને પણ એવું માબાપનું હેત મળ્યું હોત. એથી મારું મન ભાંગી પડ્યું અને હું રડી પડ્યો." આ શબ્દો પ્રવાસીના દિલમાં ચોંટી ગયા. તેણે તેને બાથમાં લીધો અને ખૂબ વહાલ કર્યું. પછી તેને મીઠાઈ ખાવા માટે લઈ આપી. બાંકડા પર બેઠેલા માણસને પણ આ બધાની અસર થઈ. તેણે કહ્યું કે, અનાથ બાળકોનાં દેખતાં આ પ્રમાણે પ્યાર કરવાની ભૂલ હવેથી હું કદી નહિ કરું, ઊલટું મારાથી બને તો તેમને મદદ કરી આશ્વાસન આપીશ.

આ મુસાફરી દરમિયાન પ્રવાસીએ માનવજાતનાં અનેકવિધ પાસાંનું અવલોકન કર્યું અને તેના જુદા જુદા સ્તરનો ખ્યાલ પ્રાપ્ત કર્યો એ બધાં પરથી તેને ખૂબ નિરાશા સાંપડી. માનવજીવનનાં વિવિધ ગુણલક્ષણોના દર્શન પછી તેને સમજ પડી કે માનવ મનની ઝંખના આ દુનિયાનાં કોઈ વાનાંથી તૃપ્ત થઈ શકે તેમ નથી. તેનું કુતૂહલ કંઈક અંશે સંતોષ પામ્યું હતું પણ સાચું સુખ તો બાહ્ય વાનાં એટલે કોઈ દેશ, કોઈ વિશિષ્ટ વાતાવરણ કે કોઈ વસ્તુમાંથી મળી શકે તેમ નથી. પણ ઈશ્વર સાથે યોગ્ય સંબંધ બાંધીને તેની પવિત્ર ઇચ્છાને સર્વથા સમર્પિત થવાથી જ ખરું સુખ પ્રાપ્ત થઈ શકે છે. એ સુખ સંજોગો કે સમય પર આધાર રાખતું નથી પણ ગમે તેવા સંજોગોમાં કે પ્રસંગોમાં પણ ખરા

સુખનો અનુભવ થઈ શકે છે. જો માનવી બાહ્ય આકર્ષણો અને અનુરાગો કે આપત્તિઓથી છુટાકારો પામે પણ તેના આંતરિક પાપમાંથી છૂટી ન શકે તો તેને એક બંધનમાંથી મુક્ત થયેલા પક્ષી સાથે સરખાવી શકાય. પિંજરામાંથી છુટકારો મળતાં તે ઊડી તો ગયું ખરું, પણ તેની ચાંચે એક દોરો બાંધેલો હતો તે ઝાડની ડાળીઓમાં ગૂંચવાઈ ગયો. પછી પક્ષી બિચારું તરફડિયાં મારી મારીને ત્યાં ને ત્યાં મરણ પામ્યું. પાંખો ફફડાવીને વિશાળ વ્યોમમાં તેણે ઊડી જવાનો પ્રયાસ તો કર્યો પણ તેને મુક્તિ ન મળતાં બંદિવાસમાંથી મૃત્યુમાં તેનું પ્રયાણ થઈ પડ્યું.

દુનિયા પર વિવિધ સ્થળે રહેતી પ્રજાઓ એક બીજીથી અનેક રીતે ભિન્ન હોય છે. સમાજ સમાજમાં પણ ભેદ હોય છે. વ્યક્તિ વ્યક્તિમાં પણ ફરક હોય છે. તેઓનું ભૌગોલિક સ્થાન, આબોહવા ઉત્પાદન, આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓમાં ઘણો જ ફેર હોય છે. જુદા જુદા દેશની ભાષા અને ત્યાંના કાયદા પણ જુદા હોય છે. પણ આ બધી ભિન્નતાની નીચે અંતર્ગત એક મોટું સત્ય છુપાયેલું છે કે માનવી પ્રકૃતિ મૂળભૂત રીતે સર્વત્ર એક સરખી જ છે. આ સત્યસૂત્રમાં એક વાત દર્શાવેલી છે કે, માનવી જરૂરિયાતો અને ઝંખનાઓ પણ સર્વસ્થળે પૃથ્વી પર એકસરખી જ જોવા મળશે. જેમ એક સૂર્યના પ્રકાશથી આખી દુનિયા પ્રકાશ પામે છે, અને બધા જીવો જીવન પ્રાપ્ત કરે છે, તે જ પ્રમાણે ન્યાયનો સૂર્ય (માલા. ૪;૨) આધ્યાત્મિક પ્રકાશ અને આધ્યાત્મિક જીવન સર્વને આપે

છે. તેમને સ્વાસ્થ્ય બક્ષે છે. તેમને શિક્ષણ આપે છે કે, સર્વ માણસો એક જ આધ્યાત્મિક વિશ્વમાતાનાં સંતાન હોઈ એક બીજાનાં અડીને સગાં ભાઈ-બહેન સમાન છે.

ફક્ત વિધવાઓ, અનાથો, ગરીબો અને ગરજાઉ જ દુ:ખી અને શોકમગ્ન હોય છે એમ નહિ પણ રાજ ભોગવતાં રાજાઓ, ધનમાં આળોટતા શ્રીમંતો, અને વિદ્યામાં પારંગત જ્ઞાનીઓ એ બધા પણ દુ:ખી અને અશાંત હોય છે. ખરું જોતાં તો એ બધું "વ્યર્થતાની વ્યર્થતા" જ છે (સભા. ૧;૨). જેમ નૂહના કબૂતરને પૃથ્વી પર ક્યાંય આરામ લેવાનું સ્થળ મળ્યું નહિ તેમ આપણને પણ આ દુનિયામાં તો ખરો વિસામો ક્યાંય મળવાનો નથી. આપણે પણ આ દુનિયા પર "અજાણ્યા તથા પ્રવાસી" છીએ અને "સ્વદેશની શોધ કરનારા છીએ" (હેબ્રી. ૧૧; ૧૩-૧૪). આપણને તો અહીં કે પરલોકમાં તેના વિના બીજા કશાથી શાંતિ કે વિસામો મળવાનો નથી. ઈસુએ કહ્યું છે કે "ઓ વૈતરું કરનારા તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ." તે જ આપણને વિસામો આપી શકે છે.

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો સંદેશ | ૮૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો : | ૪૦ |
| ૫ | "અયૂબ" | ૬૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦ |
| ૧૬ | રેવ. થોમાભાઇ પાથાભાઇ | ૧૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫ |
| ૧૮ | બેન-હર | ૨૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨. | ૩૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩. | ૩૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫ |
| ૨૪ | ફબીઓલા | ૩૫ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫ |
| ૨૬ | વહાલાં પંખીડા | ૧૫ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦ |
| ૨૮ | નિર્મળા | ૧૦ |
| ૨૯ | યોનેકો | ૧૫ |
| ૩૦ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦ |

મુદ્રક : સ્કીનડોટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧